દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 188 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 August 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૯ ઓગસ્ટ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# ‘પાકિસ્તાન સાથેની લડાઈ તમે તો નથી જ અટકાવી’







### મોદીએ ૩૫ મિનિટના ફોન કોલમાં ટ્રમ્પને આવું સંભળાવી દેતાં ટૅરિફ-વૉરના મંડાણ થયેલાં

વૉશિંગ્ટનઃ ભારત અને પાકિસ્તાન મેમાં યુદ્ધવિરામ માટે સંમત થયા એના અઠવાડિયાઓ સુધી નવી દિલ્હીના અધિકારીઓ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના એવા દાવાથી ધૂંધવાયા હતા કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની ચાર દિવસની લડાઈ પોતાની મધ્યસ્થતાથી અટકી હતી બાદ મેં ચાર દિવસના સશસ્ત્ર સંઘર્ષ બંધ કરાવ્યો હતો એવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના દાવાથી નવી દિલ્હીના અધિકારીઓ ક્ષુબ્ધ થઈ ગયા હતા. મેં એક અણુયુદ્ધ અટકાવ્યું એવા ટ્રમ્પના વારંવારના દાવા બાદ (જુઓ પાનું ૨) ▶▶




# ભારત સાથે વેપાર સોદા વિશે ચર્ચાની ટ્રમ્પની સાફ ના

ન્યૂ યૉર્ક : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ઝીંકેલા વધારાના ટૅરિફ બાદ બંને દેશ વચ્ચે વિવાદ વધુ વકર્યો છે. આ મુદ્દે મહત્ત્વની અપડેટ પણ આવી છે. જેમાં ડોનલ્ડ ટ્રમ્પે હાલની સ્થિતિમાં ભારત પાસે ટ્રેડ ડીલ વિશે ચર્ચાનો ઇનકાર કર્યો હતો. ભારત પર લાદેલા ૫૦ ટકા ટૅરિફ બાદ ટ્રમ્પે એક પ્રેસ કોન્ફરન્સમાં પ્રશ્નના જવાબમાં સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી આ મુદ્દાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી ટ્રેડ ડીલ અંગે કોઈ ચર્ચા (જુઓ પાનું ૨) ▶▶

# ભારતે અમેરિકા પાસેથી શસ્ત્રો, વિમાનો ખરીદવાનું માંડી વાળ્યું?

### રાજનાથ સિંહે વૉશિંગ્ટનનો પ્રવાસ રદ કર્યોઃ જોકે સંરક્ષણ મંત્રાલયે આ અહેવાલોમાં દમ નહીં હોવાનું કહ્યું

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત ખાતેથી અમેરિકા આયાત કરાતા માલસામાન પર લાદેલા પચાસ ટકા ટૅરિફને પગલે નવી દિલ્હીએ અમેરિકા પાસેથી શસ્ત્રો અને વિમાનો ખરીદવાનું હાલમાં માંડી વાળ્યું છે. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે વૉશિંગ્ટન ખાતેનો પોતાનો પ્રવાસ પણ પડતો મૂક્યો હતો. દરમિયાન, સંરક્ષણ મંત્રાલયે સંબંધિત અહેવાલને ખોટા ગણાવ્યા હતા અને સ્પષ્ટતા કરી હતી કે અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદવા માટેની પ્રક્રિયા નિર્ધારિત યોજના મુજબ જ આગળ (જુઓ પાનું ૨) ▶▶

# ટૅરિફના ટેન્શન વચ્ચે મોદીનો પુતિનને ફોનઃ નવી દિલ્હી આવવા આમંત્રણ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટૅરિફને ધ્યાનમાં રાખતા આ વાતચીત પર આખી દુનિયાની નજર હતી. નોંધનીય છે કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદવાના કારણે ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટૅરિફ અંગે વૈશ્વિક મંચ પર ઘણી ચર્ચા થઈ રહી છે. ભારત અને રશિયા વચ્ચેની આ વાતચીત બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ (જુઓ પાનું ૨) ▶▶






મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચૂંટણી પંચે રાહુલના પુરાવા ચકાસ્યા વિના ચુકાદો આપી દીધો

**લોકસભામાં** વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અંતે ચૂંટણી પ્રક્રિયામાં થયેલી કહેવાતી ગરબડના પુરાવા રજૂ કરી દીધા. રાહુલ ગાંધીએ કર્ણાટકની મતદારયાદીમાં શંકાસ્પદ બોગસ મતદારો હોવાનો દાવો કરીને મીડિયા સામે ૧ કલાક ૧૧ મિનિટનું ૨૨ પાનાંનું પ્રેઝન્ટેશન આપીને ફરી એ આક્ષેપ દોહરાવ્યો કે, ચૂંટણી પંચે ભાજપ સાથે મળીને મહારાષ્ટ્રની ચૂંટણીમાં મોટા પાયે ઘાલમેલ કરી છે અને બોગસ મતદારોની મદદથી ચૂંટણી જીતી છે.

રાહુલે કર્ણાટકની મહાદેવપુરા વિધાનસભા બેઠકની મતદારયાદી રજૂ કરીને તેમાં ૧.૦૬ લાખ બોગસ મતદારો હોવાનો આક્ષેપ કર્યો. રાહુલે આક્ષેપ કર્યો છે કે, કર્ણાટકમાં ઘણાં બધાં બૂથોની મતદારયાદીમાં એક જ વ્યક્તિનું નામ વારંવાર છે, યાદીમાં ઘણી જગ્યાએ મતદારોના ફોટા નથી અને ઘણા કેસમાં મતદારોનાં સરનામાં નકલી છે. રાહુલે મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલાં થોડાક મહિનામાં જ લાખો મતદારોના નામ યાદીમાં ઉમેરવામાં આવ્યાં હતાં એવો દાવો કરીને આક્ષેપ કર્યો કે, મહારાષ્ટ્રમાં પણ ૪૦ લાખ મતદારો રહસ્યમય છે અને કર્ણાટક તથા મહારાષ્ટ્ર એ બંને રાજ્યોની મતદારયાદીમાં શંકાસ્પદ મતદારો છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે રાહુલ ગાંધીના આક્ષેપોને રાબેતા મુજબ ખોટા અને ગેરમાર્ગે દોરનારા ગણાવ્યા છે. રાહુલ ગાંધીના કહેવાતા પુરાવા સાથેના અત્યંત ગંભીર આક્ષેપો પછી ચૂંટણી પંચનો કોઈ હોદ્દેદાર ચોખવટ કરવા સામે નથી આવ્યો પણ ચૂંટણી પંચે સોશ્યલ મીડિયા મારફતે આ દાવો કર્યો છે. સાથે સાથે રાહુલ ગાંધીને મતદાર યાદીમાં વાંધો હોવા મુદ્દે પોતાની સહી સાથેની એફિડેવિટ રજૂ કરવા પણ કહ્યું છે.

એકદમ સરકારી રાહે અપાયેલા જવાબમાં કહેવાયું છે કે, રાહુલ ગાંધી શુક્રવાર સાંજ સુધીમાં રજિસ્ટ્રેશન ઓફ ઈલેક્ટોરલ રૂલ્સ, ૧૯૬૦ પ્રમાણે કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીને પોતાની સહી સાથેની એફિડેવિટ રજૂ કરી શકે છે કે જેથી જરૂરી કાર્યવાહી શરૂ કરી શકાય.

ચૂંટણી પંચનું વલણ અત્યંત આઘાતજનક અને શરમજનક છે કેમ કે, ચૂંટણી પંચે રાહુલ ગાંધીએ રજૂ કરેલા કહેવાતા પુરાવાની ચકાસણી કર્યા વિના જ રાહુલ ગાંધી જૂઠ્ઠા છે, ખોટું બોલે છે અને દેશને ગેરમાર્ગે દોરે છે એવો ચુકાદો આપી દીધો છે. ચૂંટણી પંચના ફેક્ટ ચેકિંગ એકાઉન્ટ પર મુકાયેલી પોસ્ટનું હેડિંગ જ છે કે, રાહુલ ગાંધીનાં નિવેદનો ગેરમાર્ગે દોરનારાં છે.

રાહુલ ગાંધીએ રજૂ કરેલા કહેવાતા પુરાવા ચૂંટણી પંચે જોયા નથી, તેની ચકાસણી કરી નથી ને એ પહેલાં જ કઈ રીતે કહી દીધું કે, રાહુલ ગાંધી દેશનાં લોકોને ગેરમાર્ગે દોરે છે ? રાહુલે જે વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદી રજૂ કરીને ૧.૦૬ લાખ બોગસ મતદારો હોવાનો આક્ષેપ કર્યો છે એ વિધાનસભા મતવિસ્તારમાં તપાસ કરાવ્યા વિના જ ચૂંટણી પંચે કઈ રીતે રાહુલ ગાંધી ખોટું બોલે છે એવો ચુકાદો આપી દીધો ?

ચૂંટણી પંચનું આ વલણ પહેલેથી છે એ જોતાં ચૂંટણી પંચ શંકાના દાયરામાં હતું જ પણ રાહુલના નવા આક્ષેપો અને કહેવાતા પુરાવા અંગેના વલણ પછી પંચ સામેની શંકા વધારે ઘેરી બની છે. આઘાત એ જોઈને પણ લાગે છે કે, ચૂંટણી પંચ એ રીતે વર્તી રહ્યું છે કે જાણે આ મુદ્દો ચૂંટણી પંચ અને રાહુલ વચ્ચેનો જ છે. વાસ્તવમાં આ મુદ્દો એકલા રાહુલનો નહીં પણ આ દેશની લોકશાહીને લગતો છે. બીજું એ કે, ચૂંટણી પંચને રાહુલ ગાંધીએ ઉઠાવેલા મુદ્દાઓના જવાબ આપવાના બદલે રાહુલને ખોટો સાબિત કરવામાં વધારે રસ છે. પંચ સાવ વાહિયાત વાત કરે છે કે, રાહુલને અમે પત્ર લખીને ચર્ચા કરવા કહેલું પણ રાહુલે કોઈ જવાબ આપ્યો નથી.

ભલા માણસ, રાહુલ ચર્ચા કરવા ના આવ્યા તો કંઈ નહીં પણ તમે આ દેશની જનતાને તો જવાબ આપો ? રાહુલે જાહેરમાં લોકોની સામે ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે સવાલ ઉઠાવ્યા છે અને ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો કરીને પુરાવા મૂક્યા છે. આ પુરાવા સાચા છે કે નહીં એ જાણવાનો આ દેશને અધિકાર છે અને આ દેશની પ્રજાને એ ખુલાસા આપવાની ચૂંટણી પંચની નૈતિક ફરજ છે. ચૂંટણી પંચ ખુલાસા આપવાથી કેમ દૂર ભાગી રહ્યું છે એ સમજાતું નથી.

રાહુલ જનતાના પ્રતિનિધિ છે, લોકસભામાં વિપક્ષના નેતા છે તેથી જનતા વતી સવાલો ઉઠાવી રહ્યા છે તો ચૂંટણી પંચે જનતાને જવાબ આપવો જ જોઈએ પણ પંચ કોઈ સ્પષ્ટતા જ નથી કરી રહ્યું. આ દેશનાં લોકોને કશું જાણવાનો અધિકાર જ નથી એ રીતે વર્તી રહ્યું છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, અમે ચૂંટણી પંચને મતોની હેરાફેરી અંગે છ સવાલ પૂછ્યા છે પણ કમિશને એક પણ જવાબ આપ્યો નથી. કોંગ્રેસ આ દેશમાં મુખ્ય વિરોધ પક્ષ છે ત્યારે પંચ તેને જવાબ જ ના આપે એ પણ આઘાતજનક કહેવાય.

રાહુલ ગાંધી ખોટું બોલી રહ્યા છે કે જૂઠાણાં ચલાવી રહ્યા છે તો ચૂંટણી પંચે તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ પણ પંચ કોઈ કાર્યવાહી પણ કરતું નથી. રાહુલ ગાંધીના કહેવાતાં જૂઠાણાં કે ગેરમાર્ગે દોરનારી માહિતી સામે ચૂંટણી પંચ કોર્ટમાં જઈ શકે છે અને રાહુલની વાતોને ખોટી સાબિત કરીને ભવિષ્યમાં રાહુલ આ પ્રકારના આક્ષેપો ના કરે એ માટે મનાઈહુકમ લાવી શકે છે. રાહુલ ગાંધી નવેમ્બરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીથી આ આક્ષેપો કર્યા કરે છે પણ પંચ કોઇ કાર્યવાહી કરતું નથી કે આ આક્ષેપો અંગે ખુલાસા પણ કરતું નથી.

ચૂંટણી પંચે રાહુલને ૨૦૨૫ના જૂનમાં ચર્ચા માટે નોતરું આપતો જે પત્ર લખ્યો તેમાં પણ ચૂંટણી કઈ રીતે યોજાઈ અને શું વ્યવસ્થા કરાયેલી તેની સરકારી ધારાધોરણ પ્રમાણેની વિગતો આપી હતી. રાહુલ ગાંધીએ દેશના ટોચના અંગ્રેજી અખબારમાં લેખ લખીને જે મુદ્દા ઉઠાવેલા તેનો તો કોઈ જવાબ ચૂંટણી પંચે આપ્યો નહોતો.

માનો કે એ વખતે રાહુલે કોઈ પુરાવા નહોતા આપ્યા પણ હવે તો પુરાવા પણ આપ્યા છે ત્યારે તો પંચ જવાબ આપે કે નહીં ? રાહુલે ચોક્કસ વિધાનસભા મતવિસ્તારમાં ૧ લાખ કરતાં વધારે બોગસ મતદારો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે ને તેનો પંચે જવાબ આપવો જ જોઈએ.

આ દેશની પ્રજાએ પણ રાહુલ ગાંધીના આક્ષેપોને ગંભીરતાથી લેવાની જરૂર છે કેમ કે રાહુલના આક્ષેપો સાચા હોય તો ચૂંટણી પંચ નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી કરાવતું નથી અને આ દેશમાં લોકશાહી રહી જ નથી એ સાબિત થઈ જાય છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૯-૮-૨૦૨૫, રક્ષાબંધન, અશ્વત્થ મારુતિપૂજન,અમરનાથ યાત્રા

- ભારતીય દિનાંક ૧૮, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ 30મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ બપોરે ક. ૧૪-૨૩ સુધી, પછી ઘનિષ્ઠા
- ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૦ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૮, મધ્યરાત્રે ક. ૦૦-૦૯
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૧ (તા. ૯)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – પૂર્ણિમા. અશ્વત્થ મારુતિપૂજન, શ્રાવણી પૂર્ણિમા, રક્ષાબંધન ઋક-શુક્લ-યજુઃ અથર્વ – હિરણ્યકેશી તૈતરીય શ્રાવણી, કુલધર્મ, અમરનાથયાત્રા, કોકિલાવ્રત સમાપ્ત, અન્વાધાન, ઝૂલનયાત્રા સમાપન, બલભદ્ર પૂજા (ઓરિસ્સા), અવની જયંતી (દક્ષિણ ભારત), અગસ્ત્ય દર્શન, પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૦.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર સ્તોત્ર નામ પાઠ વાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શનિ દેવતાનું પૂજન, હનુમાન ચાલીસા સુંદરકાંડ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, શ્રાવણી પર્વની ઉજવણી, રક્ષા બંધનનો મહિમા, જનોઈ બદલવી,સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, હજામત, માલ લેવો, પ્રયાણ શુભ, મંદિરમાં પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચો બનાવવો, ધજા કળશ પતાકા ચઢાવવી, વસ્રો, આભૂષણ, ખેતીવાડી, ધાન્ય ભરવું.
- આચમનઃ મંગળ-શનિ પ્રતિયુતિ ઈર્ષ્યાળુ, સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ સામાન્ય વ્યવહારમાં મુશ્કેલી, મંગળ-નેપ્ચૂન પ્રતિયુતિ મિથ્યભિમાની.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-શનિ પ્રતિયુતિ, સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ, મંગળ-નેપ્ચૂન પ્રતિયુતિ (તા. ૧૦)
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઉત્તરકાશીના પૂરમાંથી વધુ ૬૫૦ લોકોને ઉગારાયા

## રાહત કામગીરી ઝડપી બનાવવા લશ્કરે ભાગીરથી નદી પર પુલ બાંધ્યો

ઉત્તરકાશી (ઉત્તરાખંડ): અહીં ધરાલીના ગામોમાં વાદળ ફાટ્યાં બાદ આવેલાં પૂર અને ભેખડો ધસી પડવાની દુર્ઘટનાને લીધે ત્યાં ફસાયેલા વધુ ૬૫૦ લોકોને ઉગારવામાં આવ્યા હતા.

લશ્કરે બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવવા માટે ભાગીરથી નદી પર પુલ બાંધ્યો હતો. અહીંના પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં કુલ અસંખ્ય લોકોને ઉગારવામાં આવ્યા હતા. ઉત્તરાખંડ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથૉરિટીએ જણાવ્યું હતું કે હજી લશ્કરના નવ જવાન અને સાત નાગરિક સહિત કુલ ૧૬ જણ લાપતા છે. પૂરગ્રસ્ત વિસ્તારના ગ્રામ્યજનો લાપતા લોકોની સંખ્યા ઘણી વધુ હોવાનો દાવો કરે છે. અહીં હૉટેલ્સ અને અન્ય ઇમારતોના બાંધકામમાં બિહાર અને નેપાળના લોકો મોટી સંખ્યામાં કામ કરે છે.

ગંગોત્રી જતાં માર્ગમાં આવતા મુખ્ય સ્થાનકોમાં ધરાલી અગ્રસ્થાને હોવાથી અહીં મોટી સંખ્યામાં હૉટેલ, રેસ્ટોરાં અને ઘરો આવેલાં છે.

ખીર ગંગા નદીના કાંઠાવિસ્તારમાં બે દિવસ પહેલાં વાદળ ફાટવાથી નવેસરથી પૂર આવ્યું હતું. હરિદ્વાર રેલવે સ્ટેશને મુસાફરોની સહાય કરવા ખાસ વિભાગ ઊભો કરાયો છે.

કેન્દ્રના જળ પંચે જણાવ્યું હતું કે રુદ્રપ્રયાગની મંદાકિની, હરિદ્વારની બાણગંગા અને દેવપ્રયાગની ભાગીરથી નદીમાં જળસપાટી જોખમી સ્તરે છે.

લશ્કર, ઇન્ડો - તિબેટીઅન બોર્ડર પોલીસ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને પોલીસ બચાવ અને રાહત કામગીરી કરી રહી છે.

ભેખડો ધસી પડવાથી ધરાલી સુધીના અનેક રસ્તા બંધ થઇ ગયા હતા અને પૂરનાં પાણીમાં અનેક નાનાં ઘર તેમ જ વાહનો તણાઇ ગયાં હતાં. (એજન્સી)

# વેલ કમ મોદી...

## એસસીઓની શિખરમંત્રણા માટે ભારતના વડા પ્રધાનની ચીનની મુલાકાત લેવાના નિર્ણયનો બેઈજિંગનો આવકાર

બેઈજિંગઃ આ મહિનાના અંતમાં યોજાનારી શાંઘાઈ કો-ઓપરેશન ઑર્ગેનાઈઝેશન (એસસીઓ)ની ટિઆન્જિન શિખર મંત્રણામાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીને ચીને શુક્રવારે આવકારી હતી. ૩૧મી ઑગસ્ટથી પહેલી સપ્ટેમ્બર સુધી આ બેઠક યોજાશે.

સૂત્રોના જણાવ્યાનુસાર ૨૯ ઑગસ્ટે મોદી જાપાન જશે અને ત્યાર બાદ ત્યાંથી ચીન જશે. મોદી સાત વર્ષ કરતાં પણ વધુ સમયગાળા બાદ આ મહિનાના અંતમાં ચીનની મુલાકાતે જશે.

ચીનની મુલાકાત દરમિયાન મોદી એસસીઓની વાર્ષિક બેઠકમાં હાજરી આપશે. મોદી છેલ્લે જૂન ૨૦૧૮માં એસસીઓમાં ભાગ લેવા ચીન ગયા હતા.

ચીનના વિદેશ ખાતાના પ્રવક્તા ગૂઓ જિઆકૂને કહ્યું હતું કે એસસીઓ ટિઆન્જિન શિખર મંત્રણા માટે ચીન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આવકારે છે. અમારું માનવું છે કે તમામ લોકોના સામૂહિક પ્રયાસથી એકતા, સહકાર અને મિત્રતાની આ બેઠક ફળદાયી નીવડશે, એમ તેમણે કહ્યું હતું. એસસીઓના સભ્ય અને આંતરરાષ્ટ્રીય સમુદાયના દસ વડા સહિત ૨૦ દેશના નેતા આ શિખર મંત્રણા અને સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લેશે. એસસીઓની સ્થાપના બાદથી અત્યાર સુધીની આ સૌથી મોટી શિખર મંત્રણા હશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# ટૅરિફ-ટેરરઃ વૉલમાર્ટ, એમેઝોન સહિતની કંપનીઓએ ભારતના ઑર્ડર રોકયા

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચે સતત વધી રહેલી ટૅરિફ વોરની અસર વર્તાવાની શરૂઆત થઈ છે. અમેરિકાએ ભારત પર કુલ ૫૦ ટકા ટૅરિફ લાદયો છે.

જેમાં મળતી માહિતી મુજબ અમેરિકાની મોટી કંપનીઓ વોલમાર્ટ, એમેઝોન અને ટાર્ગેટ એન્ડ ગેપ જેવી કંપનીઓએ ભારતીય કંપનીઓને આપેલા ઓર્ડર રોક્યા છે. આ અંગે પ્રકાશમાં આવેલા મીડિયા અહેવાલ મુજબ એક્સપોર્ટ કંપનીઓ ઈમેલ અને પત્રના માધ્યમથી અમેરિકાની કંપનીઓએ અપેરલ અને ટેક્સટાઈલ શીપમેન્ટને રોકવા જણાવ્યું છે. જેમાં અમેરિકાની કંપનીઓ ટૅરિફના લીધે વધેલી રકમ સહન કરવા તૈયાર નથી. તેમજ ટૅરિફનો ભાર ભારતીય કંપનીઓ ભોગવે તે માટે દબાણ કરી રહી છે.

અમેરિકાએ ભારત પર ઝીંકેલા નવા ટૅરિફ દરના લીધે માલ સામાનની કિંમતમાં ૩૦ થી ૩૫ ટકાનો વધારો થવાનું અનુમાન છે. જેના લીધે અમેરિકા જતા ઓર્ડરમાં ૪૦ થી ૫૦ ટકા ઘટાડો થઈ શકે છે. તેમજ એક અનુમાન મુજબ ચારથી પાંચ અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે.

# ટ્રમ્પ સાથે કઈ રીતે પનારો પાડવો?: મોદીને મદદની નેતન્યાહુની ઑફર

નવી દિલ્હીઃ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ અમેરિકાએ ભારત પર લાદેલા પચાસ ટકા ટૅરિફની બાબતને હાથ ધરવામાં ભારતને મદદ કરવાની ઓફર કરી હતી. નેતન્યાહુએ કહ્યું હતું કે હું ભારતના વડા પ્રધાનને ડોનલ્ડ ટ્રમ્પ સાથે કઈ રીતે કામ કરવું એની સલાહ આપીશ. જોકે તેમણે મજાકમાં કહ્યું હતું કે હું આ સલાહ ખાનગીમાં આપીશ.

તેમણે એવો દાવો કર્યો હતો કે ઑપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવામાં આવેલાં ઈઝરાયલનાં શસ્રોએ સારી કામગીરી બજાવી હતી. નેતન્યાહુએ કહ્યું હતું કે હું તુરંત ભારતની મુલાકાત લેવા ચાહું છું. તેમણે તેલ અવિવ અને બેંગ્લૂરુ વચ્ચે સીધી ફ્લાઈટ શરૂ કરવામાં રસ દાખવ્યો હતો. જેથી મુસાફરીનો સમય સાનફ્રાન્સિસ્કોની ફ્લાઈટ કરતાં છ કલાક ઓછો થઈ જશે. વેપાર કરાર પરની મડાગાંઠ અને અમેરિકાએ લગાડેલા ઊંચા ટૅરિફ વિશે બોલતાં બેન્જામિને કહ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે સમજૂતી થાય એ જરૂરી છે. તેમણે હળવી શૈલીમાં કહ્યું હતું કે હું વડા પ્રધાન મોદીને ટ્રમ્પ સાથે કામ કેવી રીતે કરવું એની સલાહ આપીશ. જોકે આ સલાહ ખાનગીમાં આપીશ.

નેતન્યાહુએ વધુમાં જણાવ્યું હતું કે મોદી અને ટ્રમ્પ મારા મિત્રો છે અને હું મોદીને સલાહ આપીશ. અલબત્ત ખાનગીમાં. (એજન્સી)

# સલમાનને આમંત્રણ આપ્યું એટલે કપિલ શર્માની રેસ્ટૉરાં પર ગોળીબારઃ બિશ્નોઇ ગૅંગે કહ્યું

ટૉરન્ટો : લૉરેન્સ બિશ્નોઈ ગેંગના એક સભ્ય દ્વારા એક ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું છે જેમાં તેણે કહ્યું છે કે અભિનેતા સલમાન ખાનને ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપવાને કારણે કેનેડામાં કોમેડિયન કપિલ શર્માના રેસ્ટૉરાંને નિશાન બનાવવામાં આવ્યું હતું.

આ ઓડિયો ક્લિપ બિશ્નોઈ ગ્રૂપના ગેંગસ્ટર હેરી બોક્સર દ્વારા રેકોર્ડ કરવામાં આવી હતી, જે ચેતવણી આપે છે કે સલમાન સાથે કામ કરતા કોઈપણ દિગ્દર્શક, નિર્માતા અથવા કલાકારને ગોળી મારવામાં આવશે.

કપિલ શર્માની રેસ્ટૉરાં પર પહેલી અને હવે બીજીવાર ગોળીબાર એટલા માટે થયો કારણ કે તેણે નેટફ્લિક્સ શોમાં ઉદઘાટન માટે સલમાન ખાનને આમંત્રણ આપ્યું હતું, એમ ગેંગસ્ટર કહે છે. સલમાન ખાન ‘ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો’ના સીઝન ૩ના પહેલા એપિસોડમાં દેખાયો હતો, જેનું પ્રીમિયર ૨૧ જૂને નેટફ્લિક્સ પર પ્રસારિત થયું હતું.

સલમાન ૧૯૯૮માં બિશ્નોઈ સમુદાય દ્વારા આદરણીય કાળા હરણના શિકારમાં સંડોવણી બદલ જેલમાં રહેલા લોરેન્સ બિશ્નોઈના નિશાના પર છે.

# ૧૯૬૨ના યુદ્ધ વખતે ચીને ભારતની ૩૮,૦૦૦ ચોરસ કિ.મી. જમીન કબજે કરી હતી

## સરકારે સંસદમાં માહિતી આપી

નવી દિલ્હીઃ ૧૯૬૨ના ચીન અને ભારત વચ્ચેના યુદ્ધના અંતમાં ચીને લગભગ ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટરના ભારતીય પ્રદેશ પર ગેરકાયદે કબજો કર્યો હતો. મોદી સરકારે શુક્રવારે સંસદમાં આ જાણકારી આપી હતી. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે એમ પણ કહ્યું હતું કે, ઉકેલાયા ન હોય તેવા સરહદી પ્રશ્નના સમાધાન માટે છેલ્લા કેટલાક વર્ષોમાં ચીન સાથે દ્વિપક્ષીય સ્તર પર અનેક વખત ચર્ચા કરવામાં આવી છે.

વિદેશ મંત્રાલયને પૂછવામાં આવ્યું હતું કે શું ભારત સરકાર પાસે ૧૯૬૨ના ચીન-ભારત યુદ્ધ દરમિયાન ચીન દ્વારા કબજે કરાયેલા ક્ષેત્રો વિશે કોઈ આંકડા છે અને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે શું ૧૯૬૨ યુદ્ધ પછી અને યુદ્ધ દરમિયાન ગુમાવેલા આવા પ્રદેશોને પાછા મેળવવા માટે ચીન સાથે કોઈ રાજદ્વારી પ્રયાસો અથવા પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા છે અને ઉપરોક્ત વાટાઘાટો ક્યાં સુધી આગળ વધી છે.

સિંહે કહ્યું હતું કે ૧૯૬૨ના યુદ્ધના અંતમાં ચીને આશરે ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર ગેરકાયદે કબજો કર્યો હતો.

પહેલા પાનાનું ચાલુ

## ભારતે અમેરિકા

વધારીશું. ટ્રમ્પે ભારતથી આયાત કરાતા માલસામાન પરના ટૅરિફમાં મોટો વધારો કર્યો હોવાથી બન્ને દેશ વચ્ચેના સંબંધ હાલમાં છેલ્લા દાયકાઓમાંના નીચલા સ્તરે છે.

ભારતે અમેરિકાની પાસેથી સ્ટ્રાઇકર કૉમ્બેટ વેહિકલ્સ, જ્વેલિન મિસાઇલ્સ અને અમુક બૉઇંગ વિમાનો ખરીદવા માટેની મંત્રણા હાલમાં અટકાવી દીધી છે.

ટ્રમ્પે ભારત પર સાત ઑગસ્ટથી પચીસ ટકા અને ગણેશચતુર્થીના દિવસ - ૨૭ ઑગસ્ટથી પચાસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી.

ભારત દ્વારા રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું ચાલુ રખાયું હોવાથી ટ્રમ્પે ભારત ખાતેથી અમેરિકા આવતા માલસામાન પર દંડ તરીકે વધુ ટૅરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત, ટ્રમ્પે એવો આક્ષેપ પણ કર્યો હતો કે ભારત પોતાની બજારો અમેરિકી ઉત્પાદનો માટે સંપૂર્ણ નથી ખોલતું અને અમેરિકાથી આયાત કરાતા માલસામાન પર ઊંચો ટૅરિફ દર વસૂલે છે. માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે ભારત સરકારે અમેરિકા ખાતેથી શસ્રો અને વિમાનોની ખરીદીની મંત્રણા અટકાવવાનો સત્તાવાર લેખિત આદેશ નથી આપ્યો, પરંતુ હાલમાં આ મંત્રણા અટકાવી દીધી છે. ભારતના સંરક્ષણ મંત્રાલય અને પેન્ટાગૉને આ સંબંધમાં કોઇ તાત્કાલિક પ્રતિભાવ નહોતો આપ્યો.

ભારત જનરલ ડાયનામિક્સ લૅન્ડ સિસ્ટમ્સ દ્વારા તૈયાર કરાતા સ્ટ્રાઇકર કૉમ્બેટ વેહિકલ્સ અને રેથોન ઍન્ડ લોકહીડ માર્ટિનની પાસેથી ટૅન્ક-વિરોધી જ્વેલિન મિસાઇલ ખરીદવાનું હતું, પરંતુ ટૅરિફ વધારાને કારણે હાલમાં સંબંધિત મંત્રણા અટકાવી દેવાઇ છે.

રાજનાથ સિંહ અમેરિકાના પ્રવાસ દરમિયાન ભારતીય નૌકાદળ માટે છ બૉઇંગ પીટઆઇ રિકૉનિસન્સ ઍરક્રાફ્ટ અને સપોર્ટ સિસ્ટમ્સ ખરીદવા મંત્રણા કરવાના હતા. ૩.૬ અબજ ડૉલરના વિમાન ખરીદવાના સોદા માટેની મંત્રણા અંતિમ તબક્કામાં હતી, પરંતુ હાલમાં તે દિશામાં આગળ નહિ વધવાનો નિર્ણય લેવાયો હતો. ભારત વિદેશો પાસેથી સંરક્ષણ ક્ષેત્રે સૌથી મોટી ખરીદી કરતા વિશ્વના દેશોમાં બીજા ક્રમે છે. ભારત દ્વારા રશિયા પાસેથી શસ્રોની મોટી સંખ્યામાં આયાત કરાય છે. (એજન્સી) ■

## ‘પાકિસ્તાન સાથેની

ભારતના રાજદ્વારીઓએ તેમના દાવાને જાહેરમાં નકારવાનું શરૂ કર્યું હતું. ટ્રમ્પ કેનેડાની ગ્રૂપ ઑફ સેવનની શિખર પરિષદ અધવચ્ચેથી છોડીને ગયા અને મોદીને રૂબરૂ ન મળી શક્યા ત્યાર બાદ ૧૭ જૂને ટ્રમ્પે મોદીને ફોન કર્યો હતો. આ ફોન દરમિયાન તંગદિલી વધી હતી. ૩૫ મિનિટની વાતચીતમાં મોદીએ ટ્રમ્પને કહ્યું હતું કે ભારતના બૉમ્બમારા બાદ પાકિસ્તાને વિનંતી કરતાં બન્ને દેશે સીધી યુદ્ધવિરામની ચર્ચા કરી હતી. ભારતના જણાવ્યા પ્રમાણે મોદીએ કહ્યું હતું કે ભારત કદી મધ્યસ્થી સ્વીકારતો નથી અને સ્વીકારશે પણ નહીં અને ટ્રમ્પે આ વાત શાંતિથી સાંભળી હતી.

મોદીના સાથીદારોએ શોધી કાઢ્યું હતું કે ટ્રમ્પે તેના પછીના દિવસે પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનિરને માટે લંચ રાખ્યું છે અને આથી જ મોદીને વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરવાનું જરૂરી લાગ્યું. જો અમેરિકા પાકિસ્તાનના મુલકી નેતાઓને માટે લંચ રાખે તો ભારતને વાંધો નહોતો, પરંતુ મુનિરને લંચ આપવું આતંકવાદી જૂથોને ટેકો આપતા લશ્કરના વડાને કાયદેસરતા આપવા જેવું છે એમ ભારતનું માનવું હતું. ભારતને એવી પણ આશંકા હતી કે ટ્રમ્પ મુનિર અને મોદી વચ્ચે બેઠક ગોઠવે. આથી મોદીએ કેનેડાથી અમેરિકા આવવાનું ટ્રમ્પનું આમંત્રણ નકાર્યું હતું. મોદીએ કહ્યું હતું કે હું ક્રોએશિયાની મુલાકાત કરવા પ્રતિબદ્ધ છું. જોકે યુદ્ધવિરામ રોકવામાં ટ્રમ્પની ભૂમિકાને સ્વીકારવાનું અમેરિકાએ કદી સીધી વિનંતી કરી નહોતી. જોકે ટ્રમ્પે ભારતની જાહેરમાં ટીકા કરવાનું ચાલુ કર્યું એનાથી સ્પષ્ટ થયું હતું કે આ પ્રકરણને લીધે બન્ને દેશના વ્યાપક સંબંધોમાં ટર્નિંગ પોઈન્ટ આવ્યો હતો.

મે અને જૂનના ઈવેન્ટને લીધે બન્ને દેશના સંબંધમાં તંગદિલી આવી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટૅરિફ લાદતં સંબધમાં વધુ ખટાશ આવી હતી. અમેરિકના ભારત ખાતેના ભૂતપૂર્વ રાજદૂત એરિક ગ્રેસેટીએ કહ્યું હતું કે અનેક વહીવીટતંત્રોએ બે લોકશાહી દેશને સમીપ આણ્યા છે. જો ટૅરિફ વિવાદનો અંત નહીં લાવવામાં આવે તો આ બધી પ્રગતિ ભુંસાઈ જશે. હું આશા રાખું છું કે બન્ને રાજધાની ઠંડા કલેજે કામ લેશે.

## ભારત સાથે

કરવામાં નહીં આવે.

અમેરિકા દ્વારા ભારત પર ૫૦ ટકા ટૅરિફ લગાવ્યા બાદ વડા પ્રધાન મોદીએ પણ આકરી પ્રતિક્રિયા આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત ખેડૂતોના હિતો સાથે સમજૂતી નહી કરે. અને ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોના હિત સાથે સમજૂતી નહી કરે. તેમણે કહ્યું કે મારે ખેડૂતોના હિતની રક્ષા માટે કિંમત ચુકવવી પડશે તો તેની માટે હું તૈયાર છું.

અમેરિકાએ ભારત સાથે ટ્રેડ ડીલ પૂર્વે જ ભારતમાં કૃષિ અને ડેરી પ્રોડક્ટમાં પ્રવેશની માંગ કરે છે, પરંતુ ભારતે અમેરિકાને સ્પષ્ટ કહ્યું હતું કૃષિ અને ડેરી સેક્ટરમાં કોઈ સમજૂતી કરવામાં નહી આવે. તેમજ આ સેક્ટરમાં ભારત ટૅરિફ અંગે કોઈ સમજૂતી નહી કરે.

ઉલ્લેખનીય છે કે, ૩૦ જુલાઈના રોજ અમેરિકાએ ૨૫ ટકા ટૅરિફની જાહેરાત કરી હતી. તેમજ કહ્યું હતું કે ભારત મોટા પ્રમાણમાં રશિયા સાથેની ક્રૂડ ઓઈલની અને ડિફેન્સ ઇક્વિપમેન્ટ પણ ખરીદી છે. જેની માટે ભારત પણ વધુ ટૅરિફ લગાવવામાં આવશે. તેની બાદ ડોનલ્ડ ટ્રમ્પે ૬ ઓગસ્ટના રોજ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર પચીસ ટકા વધુ થયો છે. ■

## ટૅરિફના ટેન્શન

છે. સાથે સાથે આર્થિક પડકારોનો સામનો કરવા તરફ એક સકારાત્મક પગલું પણ માનવામાં આવી રહ્યું છે.

પીએમ મોદીએ આ વર્ષના અંતમાં પુતિનને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. આ આમંત્રણ ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે હતું, જે બંને દેશો વચ્ચે દર વર્ષે યોજાતી એક મહત્ત્વપૂર્ણ બેઠક છે. પુતિને મોદીને યુક્રેન સાથેના યુદ્ધ વિશે માહિતી આપી હતી જેમાં વડા પ્રધાને આ મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતના વલણનો ઉલ્લેખ કર્યો હતો.

એક્સ પર એક પોસ્ટમાં વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે મારા મિત્ર પુતિન સાથે ખૂબ જ સારી અને વિગતવાર વાતચીત થઈ હતી. યુક્રેન સાથેના યુદ્ધ અંગેની જાણકારી આપવા બદલ મેં તેમનો આભાર માન્યો હતો. અમે અમારા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના પ્રયાસોની સમીક્ષા કરી અને ભારત-રશિયા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને દોહરાવી હતી. હું આ વર્ષના અંતમાં ભારતમાં રાષ્ટ્રપતિ પુતિનનું સ્વાગત કરવા આતુર છું. ■

### રક્ષાબંધને બહેનોને મોદી સરકારની વીરપસલી

# ગૅસ સિલિન્ડરના ભાવ નહીં વધે

## ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે રસોઇ ગૅસના સિલિન્ડરદીઠ ૩૦૦ રૂપિયાની સબસિડી મંજૂર

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે સરકાર દ્વારા સંચાલિત તેલ કંપનીઓ - ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમને છેલ્લા ૧૫ મહિનાથી રાંધણગૅસના વેચાણમાં થતાં નુકસાનને પહોંચી વળવા માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની સબસિડી આપવાનો શુક્રવારે નિર્ણય લીધો હોવાથી રાંધણગૅસના ભાવ હાલમાં નહિ વધે. આ ઉપરાંત, ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ રૂપિયા ૧૨,૦૦૦ કરોડની સબસિડી આપવાનું પણ નક્કી કરાયું હતું. તેના લાભાર્થીઓને વર્ષના પ્રથમ નવ ગૅસ સિલિન્ડર પર સિલિન્ડરદીઠ રૂપિયા ૩૦૦ની સબસિડી મળતી રહેશે. મોદી સરકારે લીધેલા આ નિર્ણયોને મહિલાઓને રક્ષાબંધને અપાયેલી પસલી ગણવામાં આવે છે.

ઑઇલ માર્કેટિંગ કંપનીઓને વળતર ૧૨ હિસ્સામાં ચૂકવવામાં આવશે.

રાંધણગૅસના ભાવ ૨૦૨૪-૨૫ દરમિયાન આંતરરાષ્ટ્રીય ધોરણે ઊંચા રહ્યા હતા અને હાલમાં પણ તે વધુ છે. રાંધણગૅસના વેચાણથી ત્રણેય ઑઇલ માર્કેટિંગ કંપનીઓને ભારે નુકસાન થઇ રહ્યું હોવા છતાં તેનો આર્થિક બોજ ગ્રાહકો પર નથી લદાયો અને પરવડી શકે એવા સસ્તાં દરે જ ગૅસ સિલિન્ડર આપવામાં આવે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ મળેલી કેન્દ્રના પ્રધાનમંડળની બેઠકમાં જાહેર ક્ષેત્રની ત્રણેય ઑઇલ કંપની માટે રૂપિયા ૩૦,૦૦૦ કરોડની સબસિડી મંજૂર કરાઇ હતી. તેને લીધે દેશની ઑઇલ કંપનીઓ રાંધણગૅસના ભાવમાં વધારો કર્યા વિના ગ્રાહકોને સસ્તાં દરે રાંધણગૅસના સિલિન્ડર આપવાનું ચાલુ રાખી શકશે.

પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલય દ્વારા ઑઇલ માર્કેટિંગ કંપનીઓને વળતર ચૂકવવામાં આવશે. (એજન્સી) ■

## મહારાષ્ટ્રમાં એક કરોડ નવા મતદાર કઇ રીતે ઉમેરાયા?: રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ શુક્રવારે સવાલ કર્યો હતો કે અમારી યુતિ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી જીતી હતી, પરંતુ તેના ચાર મહિના પછી ભાજપે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જીતી હતી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ ચોંકાવનારાં હતાં. અમે અમારી યુતિના પરાજયની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે એક કરોડ નવા મતદારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કર્યું હતું. મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીમાં ક્યારેય મતદાન નહિ કરનારા નવા એક કરોડ મતદાર ચાર મહિનામાં જ રાજ્ય વિધાનસભાની ચૂંટણી વખતે (મતદાર યાદીમાં) કઇ રીતે ઉમેરાયા?

તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટેની મતદાર યાદીમાં આ નવા એક કરોડ મતદાર ઉમેરાયા હતા અને તેઓના મતના આધારે ભાજપ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જીત્યો હતો. રાહુલ ગાંધીએ અહીં 'વૉટ અધિકાર રેલી'ને સંબોધતા દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં અમારી યુતિને મળેલા મતમાં ઘટાડો નહોતો થયો. તેની સંખ્યા લોકસભામાં અમને મળેલા મત જેટલી જ હતી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટેની મતદાર યાદીમાં જે નવા એક કરોડ મતદાર ઉમેરાયા હતા,

કૉંગ્રેસના આ ભૂતપૂર્વ પ્રમુખે 'મત-ચોરી'ના આક્ષેપનો પુનરુચ્ચાર કર્યો હતો અને જણાવ્યું હતું કે ચૂંટણી પંચ મને મારા દાવાના ટેકામાં સોગંદનામું નોંધાવવા કહે છે, પરંતુ મેં તો બંધારણની નકલ હાથમાં રાખીને સંસદમાં જ સોગંદ લીધા હતા. (એજન્સી)■



**બચાવ કામગીરીઃ** પટણામાં શુક્રવારે ભારે વરસાદને પગલે ગંગા નદીનું જળસ્તર વધ્યા બાદ અસરગ્રસ્ત વિસ્તારમાંથી એક બીમાર મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી. (એજન્સી)

## રશિયા પાસેથી ઑઇલની આયાત બંધ થાય તો ભારતને અબજો ડૉલરનો ફટકો પડે

### જોકે, ૪૦ દેશ પાસેથી તેલની આયાતના વિકલ્પ ખુલ્લા

નવી દિલ્હીઃ ભારત જો રશિયા ખાતેથી સસ્તાં ખનિજ તેલની આયાત બંધ કરે, તો તેને અબજો ડૉલરનું નુકસાન થઇ શકે છે.

આમ છતાં, ભારતે રશિયા ખાતેથી તેલની આયાત કોઇ સંજોગમાં બંધ કરવી પડે, તો બ્રાઝિલ, કૅનેડા, અઝરબૈજાન, પશ્ચિમ આફ્રિકા સહિત ૪૦ દેશ પાસેથી ક્રૂડ ઑઇલ મેળવવાના વિકલ્પ ખુલ્લા રાખ્યા છે.

ભારતીય સ્ટેટ બૅન્કના એક અહેવાલ મુજબ ભારત ૨૦૨૬ના બાકીના નાણાકીય વર્ષમાં જો રશિયા ખાતેથી ક્રૂડ ઑઇલની આયાત બંધ કરે, તો તેનો તેલની આયાતનો ખર્ચ નવ અબજ ડૉલર જેટલો વધી શકે છે, જ્યારે આ ખર્ચ ૨૦૨૭ના નાણાકીય વર્ષમાં ૧૧.૭ અબજ ડૉલર વધવાની સંભાવના છે. ખનિજ તેલની આયાત કરનારા દેશોમાં ભારતનો ક્રમ હાલમાં ત્રીજો છે. ભારતની ક્રૂડ ઑઇલ રિફાઇન કરવાની ક્ષમતા હાલમાં દિવસના અંદાજે બાવન લાખ બેરલ (પીપ) છે અને તેમાં પણ જામનગરની રિફાઇનરીની ક્ષમતા દરરોજની ૧૨.૪ લાખ બેરલ છે. ઇન્ટરનેશનલ એનર્જી એજન્સીના અંદાજ મુજબ ભારતની ખનિજ તેલની માગ ૨૦૩૦ સુધીમાં દરરોજની ૧૦ લાખ બેરલ વધી શકે છે. રશિયા વિશ્વને ૧૦ ટકા ક્રૂડ ઑઇલ પૂરું પાડે છે. જો બધા દેશ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દે, તો ક્રૂડ ઑઇલના ભાવ આશરે ૧૦ ટકા વધી શકે છે. ■




# આવકવેરા ખરડો લોકસભામાંથી પાછો ખેંચી લીધો સીતારમણે

નવી દિલ્હીઃ નાણા પ્રધાન નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં આવકવેરા બિલ, ૨૦૨૫ પાછું ખેંચ્યું હતું, અને સરકાર પસંદગી સમિતિ દ્વારા સૂચવવામાં આવેલા ફેરફારોને સમાવિષ્ટ કરીને કાયદાનું અપડેટેડ વર્ઝન ૧૧ ઓગસ્ટે રજૂ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આઇટી બિલના અપડેટેડ વર્ઝનમાં સિલેક્ટ કમિટીની મોટાભાગની ભલામણોનો સમાવેશ કરવામાં આવશે.

બિલના બહુવિધ વર્ઝન દ્વારા મૂંઝવણ ટાળવા અને તમામ ફેરફારોને સમાવિષ્ટ કરીને આવકવેરા બિલનું નવું સ્પષ્ટ અને અપડેટેડ વર્ઝન સોમવારે ગૃહમાં વિચારણા માટે રજૂ કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

૧૩ ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરાયેલા આવકવેરા બિલમાં અનેક ફેરફારો સૂચવવામાં આવ્યા હતા.

લોઅર હાઉસમાં રજૂ થયા પછી તરત જ, છ દાયકા જૂના આવકવેરા કાયદા, ૧૯૬૧નું સ્થાન લેનાર આ બિલને ચકાસણી માટે સિલેક્ટ કમિટીને મોકલવામાં આવ્યું હતું.

૩૧ સભ્યની સિલેક્ટ કમિટીએ બિલ પર કેટલાક સૂચનો કર્યા હતા.

તેઓએ નવા કાયદામાં ધાર્મિક-સહ-ધર્માદા ટ્રસ્ટોને આપવામાં આવેલા અનામી દાન પર કર મુક્તિ ચાલુ રાખવાની પણ તરફેણ કરી હતી, ઉપરાંત એવું પણ સૂચવ્યું હતું કે કરદાતાઓને આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની અંતિમ તારીખ પછી પણ કોઈપણ દંડ ચૂકવ્યા વિના ટીડીએસ રિફંડનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવે.

નવા બિલમાં સરકારે નોન-પ્રોફિટ સંસ્થાઓને સંપૂર્ણપણે ધાર્મિક ટ્રસ્ટો દ્વારા પ્રાપ્ત થતા અનામી દાન પર કરવેરાની મુક્તિ આપી છે. ■

## ભોપાલની સંપત્તિ કેસમાં સૈફને રાહતઃ હાઇ કોર્ટના આદેશ પર સુપ્રીમનો સ્ટે

નવી દિલ્હીઃ અભિનેતા સૈફ અલી ખાનના પૂર્વજ અને ભોપાલના છેલ્લા શાસક નવાબ હમીદુલ્લાહ ખાનની મિલકત સંબંધિત જૂના વિવાદમાં સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કર્યો છે. સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશ હાઈ કોર્ટના નિર્દેશ પર વચગાળાનો સ્ટે મૂક્યો છે, જેમાં આ મામલો નવા નિર્ણય માટે ટ્રાયલ કોર્ટમાં પાછો મોકલવામાં આવ્યો હતો. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને અતુલ ચંદુરકરની બેન્ચે નવાબના મોટા ભાઈના વારસદારો, ઉમર અને રાશિદ અલીની અરજી પર નોટિસ જાહેર કરી હતી. આ અરજીમાં મધ્ય પ્રદેશ હાઈ કોર્ટના ૩૦ જૂન ૨૦૨૫ના આદેશને પડકારવામાં આવ્યો હતો. હાઈ કોર્ટે પોતાના નિર્ણયમાં ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ ટ્રાયલ કોર્ટના નિર્ણયને રદ કર્યો હતો. ■

## હુમા કુરેશીના પિતરાઈની પાર્કિંગના ઝઘડામાં હત્યા, બે જણની ધરપકડ

નવી દિલ્હીઃ અભિનેત્રી હુમા કુરેશીના ૪૫ વર્ષીય પિતરાઈ ભાઈ આસિફની દિલ્હીમાં હત્યા થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આસિફની દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં ગત મોડી રાતે હત્યા કરી દેવામાં આવી છે. આસિફના મોતના કારણે અત્યારે પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો છે. પાર્કિંગ બાબતે વિવાદ શરૂ થયો હતો. આ વિવાદ બાદ આસિફ પર હુમલો થયો અને તેની હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે વિગતો આપતા જણાવ્યું કે, આસિફની હત્યા બે લોકો દ્વારા કરવામાં આવી છે. બંને આરોપીઓની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે હત્યાના આરોપમાં ઉજ્જ્વલ અને ગૌતમની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓ આસિફના બાજુમાં જ રહેતા છે. માત્ર પાર્કિંગ મામલે વિવાદ શરૂ થયો અને ધારદાર હથિયાર વડે આસિફની હત્યા કરી નાખી હતી. આસિફ કુરેશીનું દિલ્હીના પૂર્વી જિલ્લામાં કતલખાનું પણ આવેલું છે. ■

## ગાઝામાં ઉપયોગમાં લેવાનારી લશ્કરી સામગ્રીની નિકાસ અટકાવી દીધી છે જર્મનીએ

બર્લિનઃ જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝે શુક્રવારે કહ્યું કે તેમનો દેશ ગાઝામાં ઉપયોગમાં લઈ શકાય તેવા કોઈપણ લશ્કરી સાધનોની નિકાસને ''આગળની સૂચના સુધી'' અધિકૃત કરશે નહીં.

જર્મની દાયકાઓથી ઇઝરાયલનું કટ્ટર સમર્થક રહ્યું છે.

એક નિવેદનમાં, મેર્ઝે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઇઝરાયલને ''હમાસના આતંક સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે અને ૨૨ મહિનાના સંઘર્ષમાં ઇઝરાયલી બંધકોની મુક્તિ અને યુદ્ધવિરામ માટે હેતુપૂર્ણ વાટાઘાટો અમારી ટોચની પ્રાથમિકતા છે.'' ■

## ૮૮૨ કરોડના ખર્ચે બિહારમાં બનશે જાનકી મંદિર

### અમિત શાહના હસ્તે કરાયો શિલાન્યાસ

સીતામઢી (બિહાર) : બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા સીતામઢીમાં જાનકી મંદિરનું ભૂમિપૂજન ગૃહપ્રધાન અમિત શાહે કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાન નિતિશ કુમાર પણ હાજર રહ્યા હતા. સીતામઢીના પુનૌરા ધામમાં મા સીતાનું મંદિર બનાવવામાં આવી રહ્યું છે. પૌરાણિક માન્યતાઓમાં આ સ્થળ માતા સીતાનું જન્મસ્થળ માનવામાં આવે છે.

૮૮૨.૮૭ કરોડના ખર્ચે બનનારા મા જાનકી મંદિરનું ભૂમિપૂજન અને શિલાન્યાસ કર્યા બાદ અમિત શાહે વર્ચ્યુઅલી અમૃત ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. ■

## ઘૂસણખોરોને મતદાનનો હક નથીઃ અમિત શાહ

બિહારઃ બિહારમાં મતદારયાદીઓના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન ઑફ ઈલેક્ટોરલ રોલ્સ (એસઆઈઆર)નો વિરોધ કરી રહેલા વિપક્ષ પર આક્રમક પ્રહાર કરતાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે ઘૂસણખોરોને મતદાન કરવાનો કોઈ અધિકાર નથી.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી એસઆઈઆરને મામલે રાજકારણ કરી રહ્યા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. (એજન્સી)■

## ગાઝા પર સંપૂર્ણ કબજા માટે મોટા આક્રમણની તૈયારીમાં ઈઝરાયલ


દેર-અલ-બલાહઃ ઇઝરાયલ દ્વારા ગાઝા સરહદ પર સૈનિકો અને સાધનો મોટી સંખ્યામાં તહેનાત કરવામાં આવી રહ્યા હોવાનું કૉમર્શિયલ સેટેલાઇટ ઇમેજીસ દ્વારા જાણવા મળી રહ્યું છે. આ અંગે અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે આ તૈનાતી પેલેસ્ટિનિયન પ્રદેશ પર નવા જમીની આક્રમણની તૈયારીનો સંકેત હોઇ શકે છે.

આ પગલું શુક્રવારે ઇઝરાયલી સુરક્ષા પ્રધાનમંડળ દ્વારા વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયનો હવાલો આપતા ગાઝા શહેરને નિયંત્રણમાં લેવાની યોજનાને મંજૂરી આપ્યા બાદ લેવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર આ પગલું ગાઝા પર સંપૂર્ણ કબજાથી થોડા ડગલા દૂર છે. ■

KHANDALA
(KERAWALA COMPOUND OPP. KAMAT HOTEL



3BHK 5 ROW HOUSE FOR SALE OC RECEIVED
READY POSSESSION, GOOD APPROACH AND VIEW
PRICE:- 2.15 CR ONWARDS
CONTACT:-
PRASHANT SINGH: 9673220110 (LONAVALA)
SANDESH JADHAV- 9146892293 (MUMBAI)
MS. THAKKAR- 9820070957 (MUMBAI)




BIKAJI RETAIL SHOWROOMS: Malad (W): Bikaji Food Junxon M: 7045789962, 7045789957 • Malad (E): M: 9320201995, 8097059366 • Goregaon (E): T: 022-28406700, M: 9321362383 • Goregaon (E): Nesco M: 7045789963 • Andheri (W): Laxmi Indl. Est. T: 022-61668737, M: 7045789968, 8454854231 • T2 Airport: M: 7045789974 • Khar (W): M: 7738314562 • Mira Road (E): Shanti Nagar M: 9594696299, 9833150280, Kanakia M: 9323404140, 9619890853, 8114459953 • Bhayandar (W): Opp. Maxus Mall T: 022-28144140, M: 9323404140, 9769691030 • 60 Feet Road M: 9930630506, 9867853149, 9537333251 • Bhayandar (E): Jesal Park (Subway) M: 9619112244, 9082952106 • Ghatkopar (E): M: 8928116435 Bikaji Showroom Manager (Mumbai): Gopal Agarwal, M: 7045789957

www.bikaji.com | Download 'Bikaji Online' App from Google play | App Store | Follow us on:

BHUJIA • NAMKEEN • SWEETS • PAPAD • SNACKS

3BF/BK/30-25

# ચૂંટણીમાં 'મત ચોરી'નો દાવોઃ કૉંગ્રેસનું રસ્તા રોકો
# ચૂંટણી પંચે વિશ્વસનીયતા ગુમાવી દીધી છેઃ સપકાળ

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસે શુક્રવારે ભાજપ અને ચૂંટણી પંચ (ઈસી) પર હુમલો વધુ તીવ્ર બનાવ્યો હતો અને મુંબઈમાં 'રસ્તા રોકો' કરીને, સત્તાધારી ગઠબંધન પર ચૂંટણી પંચની મદદથી 'મત ચોરી' કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

પાર્ટીના મહારાષ્ટ્ર એકમના વડા હર્ષવર્ધન સપકાળની આગેવાની હેઠળ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ ટ્રાફિક રોક્યો હતો અને ચૂંટણી પંચ અને ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા, જેને કારણે એક કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક જામ થયો હતો. આ અગાઉ તિલક ભવનમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, સપકાળે કહ્યું હતું કે ચૂંટણી પંચે 'વિશ્વસનીયતા સંપૂર્ણપણે ગુમાવી દીધી છે' અને તે ભાજપના 'દલાલ અથવા હિમાયતી' તરીકે વર્તી રહ્યું છે. તેમણે વધુમાં એવો સવાલ કર્યો હતો કે ચૂંટણી પંચને બદલે શાસક પક્ષ સંસદમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આરોપોનો જવાબ કેમ આપી રહ્યો છે. ગાંધીએ શુક્રવારે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને 'સંસ્થાકીય ચોરી' ગણાવી હતી અને એવો દાવો કર્યો હતો કે ગરીબોના મતદાન અધિકાર છીનવી લેવાના ઉદ્દેશથી ચૂંટણી પંચ ભાજપ સાથે 'ખુલ્લી રીતે સાંઠગાંઠ' કરી રહ્યું છે જેથી આ 'ચોરી' થઈ શકે.

સપકાળે કહ્યું હતું કે, 'રાહુલ ગાંધીએ દસ્તાવેજી પુરાવાઓ સાથે ખુલ્લું મૂક્યું છે કે ભાજપે ચૂંટણી પંચની મદદથી ચૂંટણીમાં કેવી રીતે છેડછાડ કરી. ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવા અથવા સુપ્રીમ કોર્ટ દ્વારા દેખરેખ હેઠળ એસઆઈઆરની નિમણૂક કરવાને બદલે, સરકાર ગાંધી પર વ્યક્તિગત હુમલો કરી રહી છે.' તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે ચૂંટણી આચારસંહિતાના નિયમો ૧૯૬૦ની જોગવાઈઓ ૧૭, ૧૮ અને ૧૯ હેઠળ જો કોઈ ઔપચારિક વાંધો ઉઠાવવામાં આવે તો તપાસનો આદેશ આપવામાં આવે છે.

'ચૂંટણી પંચે કાર્યવાહી કેમ નથી કરી? આ મૌન કેમ?' એવો સવાલ પણ સપકાળે કર્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર કટાક્ષ કરતા, કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, 'તેઓ મુખ્ય પ્રધાન (ચીફ મિનિસ્ટર) નથી, પરંતુ 'ચીપ મિનિસ્ટર' છે, જે એક કપટી ડિજિટલ લોકશાહીના પ્રતિનિધિ છે. તેમણે જે રીતે રાહુલ ગાંધી માટે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરીને શાબ્દિક હુમલો કર્યો તે શક્તિ નથી, પરંતુ ઘમંડની દુર્ગંધ દર્શાવે છે.' તેમણે ભાજપ પર 'દરેક સમયે ચૂંટણી પંચનો બચાવ કરવા ઉતાવળ કરવાનો' આરોપ પણ લગાવ્યો હતો, જેના પરથી ચૂંટણી પંચ અને શાસક પક્ષ વચ્ચે 'ઊંડા મૂળિયાંવાળી સાંઠગાંઠ' હોવાનો સંકેત મળી રહ્યા છે. કોંગ્રેસે ચૂંટણી દરમિયાન ક્યારેય વાંધો ઉઠાવ્યો ન હોવાના ભાજપના વળતા આરોપનો જવાબ આપતા સપકાળે સ્પષ્ટતા કરી હતી કે વાંધો, હકીકતમાં, મતદાન દરમિયાન અને પછી બંને સમયે ઉઠાવવામાં આવ્યા હતો. 'હારેલા ઉમેદવારોએ ઉચ્ચ અદાલતોમાં અરજીઓ દાખલ કરી છે. ચૂંટણી પંચને પુરાવા પણ સુપરત કરવામાં આવ્યા છે. આ પ્રચાર માત્ર ભાજપનો ગુંચવાડો ફેલાવવાનો પ્રયાસ છે,' એમ તેમણે કહ્યું હતું. કોંગ્રેસે કથિત 'મત ચોરી'નો પર્દાફાશ કરવા માટે સમગ્ર મહારાષ્ટ્રમાં રાજ્યવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે, જેમાં રેલીઓ, કૂચ અને વિરોધ પ્રદર્શનનો સમાવેશ થાય છે. પાર્ટીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી સ્વતંત્ર તપાસ શરૂ ન થાય અને જવાબદારી નક્કી ન થાય ત્યાં સુધી તે તેમનું અભિયાન ચાલુ રહેશે.

# શિંદેએ ખાડાવાળા ઘોડબંદર રોડની અણધારી મુલાકાત લીધી, તાત્કાલિક સમારકામ શરૂ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શુક્રવારે થાણે-ઘોડબંદર રોડ પર ચોમાસામાં વધી ગયેલી ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને ખાડાવાળા વિસ્તારની 'સરપ્રાઈઝ' મુલાકાત લીધી હતી અને ગાયમુખ પર ચાલી રહેલા રસ્તાના કામોની પણ સમીક્ષા કરી.

શિંદેએ રસ્તાની ખતરનાક સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કેમ કે આનું સમારકામ જાહેર બાંધકામ વિભાગ દ્વારા એક વર્ષ પહેલાં જ કરવામાં આવ્યું હતું, એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

'સમારકામ છતાં રસ્તો ફરીથી તૂટી ગયો છે. આ સહન કરી શકાતું નથી. અહીં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ગંભીર છે,' એમ જણાવતાં શિંદેએ અધિકારીઓને સારી ગુણવત્તાવાળા કામની ખાતરી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

'નુકસાનનું પુનરાવર્તન ટાળવા માટે સંપૂર્ણ સાવચેતી રાખવી જોઈએ. સમારકામના નવા તબક્કામાં કોઈ સમાધાન સહન કરવામાં આવશે નહીં,' એવી ચેતવણી શિંદેએ આપી હોવાનું જણાવવામાં આવ્યું હતું. શિંદેની ચેતવણી બાદ કાર્યવાહીમાં ઉતરેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે ગાયમુખ પરનો આખો રસ્તો સંપૂર્ણપણે ખોદીને ફરીથી બનાવવામાં આવશે.

'સમારકામ શુક્રવારે શરૂ થયું હતું અને અઠવાડિયાના અંતે પણ ચાલુ રહેશે, જે દરમિયાન આ વિસ્તારમાં ભારે ટ્રાફિક સંપૂર્ણપણે બંધ રહેશે. પુનર્નિર્માણ બહુ-સ્તરીય અભિગમ અપનાવશે, જેમાં ડબ્લ્યુબીએમ (વોટર બાઉન્ડ મેકાડમ) રૂટિંગનો સમાવેશ થશે, ત્યારબાદ ચાર ઇંચનું મેસ્ટિક લેયર, ડામર ટોપિંગ અને સિમેન્ટ કોંક્રિટ સરફેસિંગનો સમાવેશ થશે, જે ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે તબક્કાવાર કરવામાં આવશે,' એમ એક અધિકારીએ જણાવ્યું હતું. કામોનું નિરીક્ષણ અને ત્યારબાદની સમીક્ષા બેઠકમાં થાણેના કલેક્ટર શ્રીકૃષ્ણ પંચાલ, રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક અને મીરા-ભાયંદર અને થાણે નાગરિક સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# થાણેની કંપની સાથે ૧૦.૩૯ કરોડ રૂપિયાની છેતરપિંડીઃ ચાર સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં કંપની સાથે ૧૦.૩૯ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ગુરુવારે નોંધાયેલા એફઆઇઆરમાં જણાવાયું હતું કે થાણે સ્થિત કંપનીએ બેવરેજીસ ઉત્પાદકને ઓર્ડર આપ્યો હતો. જોકે તે નિર્ધારિત પુરવઠો પૂરો પાડવામાં અને એક્સપાયર્ડ થયેલાં ઉત્પાદનો બદલી આપવામાં નિષ્ફળ ગયો હતો. ઉપરાંત ગેરરીતિઓ પણ આચરાઇ હતી. જાન્યુઆરી, ૨૦૧૯થી ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી, જેમાં ફરિયાદીને ૧૦.૩૯ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે આરોપી કંપની, તેના ડિરેક્ટર, સેલ્સ હેડ તથા લોજિસ્ટિક કંપનીના પ્રોપ્રાઇટર વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી) અને ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ઇલેક્ટ્રોનિક પુરાવાને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી.

થાણે પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા કેસની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# બળાત્કાર ગુજારી સગીરાને ગર્ભવતી બનાવીઃ આરોપીને ૨૦ વર્ષની જેલ

થાણેઃ કલ્યાણ વિસ્તારમાં સગીરા પર બળાત્કાર ગુજારી તેને ગર્ભવતી બનાવવા બદલ આરોપીને ૨૦ વર્ષની કેદ ફટકારવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ જજ એસ.એમ. ચાંદગડેએ ગુરુવારે આપેલા પોતાના આદેશમાં આરોપી રાહુલ રાજુ જાધવ (૩૩)ને ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની જોગવાઇઓ હેઠળ દોષી ઠેરવ્યો હતો. આરોપીને કેદ ઉપરાંત એક હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર, ૨૦૧૯માં સગીરાના સામાન્ય વર્તનમાં બદલાવ જોયા બાદ પરિવારજનો તેને ડોક્ટર પાસે લઇ ગયા હતા, જ્યાં તપાસમાં સગીરા સાત મહિનાની ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે સગીરાની પૂછપરછ કરવામાં આવતાં આરોપી રાહુલ જાધવે તેના પર બળાત્કાર ગુજાર્યો હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન માનપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ રાહુલની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)

છેલ્લા પાનાનું ચાલુ

## ઉત્તરાખંડમાં ભૂસ્ખલન

મોબાઇલ કનેક્ટિવિટી અને ચાર્જિંગ સુવિધાઓના અભાવને કારણે, બાકીના પ્રવાસીઓ સાથે સંપર્ક ખોરવાઈ ગયો છે. બર્ધને રાજેશ કુમારને એવી ખાતરી આપી હતી કે આ લોકોને શોધવા અને તેમની સલામતી સુનિશ્ચિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે,' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

કુમારે પ્રવાસીઓના પરિવારોને ગભરાવાની જરૂર નથી, એમ કહીને જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર ધ્યાન રાખી રહ્યા છે અને ઉત્તરાખંડના અધિકારીઓ સાથે સંપર્કમાં છે. રેલ અથવા હવાઈ પરિવહન દ્વારા પ્રવાસીઓને પાછા લાવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્ર રાજ્ય આપત્તિ સંચાલન કેન્દ્ર ઉત્તરાખંડની આપત્તિ વ્યવસ્થાપન ટીમો સાથે સક્રિયપણે કામ કરી રહ્યું છે જેથી પરિવારોને સમયસર અપડેટ અને સહાય મળે.

ઉત્તરાખંડ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરી ચાલી રહી છે. બધા પ્રવાસીઓને હેલિકોપ્ટર, બસો અને જો જરૂરી હોય તો પગપાળા હર્ષિલ હેલિપેડથી ગંગોત્રી ખસેડવામાં આવશે.

૩૦ યાત્રાળુઓને એસ્કોર્ટ કરવા માટે જવાબદાર આઈટીબીપીની દસ ટીમો તેમના રક્ષણ માટે તૈનાત કરવામાં આવી છે. સેના, એનડીઆરએફ, એસડીઆરએફ અને સ્થાનિક બચાવ એકમો પહેલાથી જ અસરગ્રસ્ત વિસ્તારમાં ખડેપગે છે.

સ્પેશિયલ આઈજી રાજીવ સ્વરૂપે સંકલન માટે સેટેલાઇટ ફોન સક્રિય કર્યા છે અને ગુમ થયેલા પ્રવાસીઓના છેલ્લા જાણીતા સ્થાનને શોધવા માટે ટેલિકોમ વિભાગની મદદ લેવામાં આવી રહી છે, એવી પણ માહિતી મળી છે.

## તમે દિલ્હીમાં

ઉદ્ધવ ઠાકરે... શું તમે પોતાનો વારસો ભૂલી ગયા... શું તમે કોંગ્રેસની બેઠકમાં ગયા અને છેલ્લી હરોળમાં બેઠા હતા?' મ્હસ્કેએ પોસ્ટની પહેલી લાઈનમાં કહ્યું છે. 'બાળાસાહેબે અમને આત્મસન્માન શીખવ્યું હતું. શિવાજી અને બાળાસાહેબે અમને અપમાન સામે ઉભા થતાં શીખવ્યું છે. શું તમે આમાંથી કંઈ શીખ્યા નહીં?'

'કોંગ્રેસે તમારી શું હાલત કરી છે, આદિત્ય ઠાકરે... એક-એક સાંસદ ધરાવતી પાર્ટીઓ તમારા કરતા સારી છે, તેમને પણ આગળની હરોળમાં બેસાડવામાં આવી છે! તમે દિલ્હી જઈને મહારાષ્ટ્રને શરમજનક બનાવ્યું છે,' એમ મ્હસ્કેએ કટાક્ષભરી ટિપ્પણી કરી હતી. 'જો તમારામાં થોડું પણ આત્મસન્માન અને ગૌરવ બાકી હોય, તો ઓછામાં ઓછું ઉઠો અને તેને બતાવો, બીજા ફોટામાં જુઓ કે મહારાષ્ટ્રે તેનું મૂલ્ય ક્યાં પહોંચાડ્યું છે,' એવી ટીકા મ્હસ્કેએ કરી હતી.

**ઈન્ડી ગઠબંધનની બેઠકમાં શું થયું?**

૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં તેમના નિવાસસ્થાને ઈન્ડી ગઠબંધનના ઘટક પક્ષોના નેતાઓની બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, પ્રવક્તા સંજય રાઉત અને વિધાનસભ્ય આદિત્ય ઠાકરેને છઠ્ઠી હરોળમાં બેસાડવામાં આવ્યા હતા. વિપક્ષ, ખાસ કરીને એકનાથ શિંદેની શિવસેનાએ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી છે.

**આ બેઠકનું મહત્વ શું હતું?**

આ બેઠક ઈન્ડી ગઠબંધનના ઘટક પક્ષો વચ્ચે સંકલન અને રણનીતિ નક્કી કરવા માટે યોજાઈ હતી. તેમાં મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ, વિધાનસભાની ચૂંટણીઓમાં કથિત ગેરરીતિઓ અને હિન્દી ભાષા લાદવાના મુદ્દા પર ચર્ચા થવાની શક્યતા હતી. રાહુલ ગાંધીએ ઉદ્ધવ ઠાકરેને ખાસ આમંત્રણ આપ્યું હતું અને લોકસભા ચૂંટણીમાં સારા વિજય પછી આઘાડીની આ પહેલી વ્યક્તિગત બેઠક હતી.

**આ મુદ્દે ઉદ્ધવ ઠાકરે કે તેમના પક્ષની પ્રતિક્રિયા શું છે?**

હાલમાં ઉપલબ્ધ માહિતી મુજબ, ઉદ્ધવ ઠાકરે કે તેમના પક્ષે નરેશ મ્હસ્કેની ટીકાનો સીધો જવાબ આપ્યો નથી. જોકે, ઉદ્ધવ ઠાકરેએ તેમની દિલ્હી મુલાકાત દરમિયાન ઈન્ડી ગઠબંધનની બેઠકમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને મહારાષ્ટ્રના અનેક રાજકીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

**આ ઘટના મહારાષ્ટ્રના રાજકારણ પર શું અસર કરી શકે છે?**

આ ઘટના શિવસેના (યુબીટી) અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચેના રાજકીય સંઘર્ષને વધુ તીવ્ર બનાવી શકે છે. શિંદે જૂથે ઠાકરેના આત્મસન્માન અંગે સવાલો ઉપસ્થિત કરીને શિવસેનાના કાર્યકરો અને જનતામાં પોતાનું સ્થાન મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. આનાથી આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં બંને જૂથો વચ્ચે સ્પર્ધા વધુ તીવ્ર બને તેવી શક્યતા છે.

## દેશમાં મેડિકલ

વિદ્યાર્થીઓને ખાનગી અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં પ્રવેશ મળે છે. સારા ગ્રેડ ધરાવતા લોકોને ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવવાની તક મળે છે. જોકે, ત્યાં સાડા ચાર વર્ષ માટે ૫૦થી ૬૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. જે લોકો ઓલ-ઈન્ડિયા રેન્કિંગમાં એક લાખથી ઉપર છે તેમને ખાનગી કોલેજોમાં પ્રવેશ મેળવવો અશક્ય લાગે છે. જો તેમની પાસે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીનો વિકલ્પ હોય, તો પણ તેઓ ત્યાં એક થી ૧.૫ કરોડ રૂપિયાનો ખર્ચ ઉઠાવી શકતા નથી. બીજી તરફ વિદેશમાં સંપૂર્ણ તબીબી શિક્ષણનો ખર્ચ લગભગ ૩૦ થી ૩૫ લાખ રૂપિયા છે. તેથી, આ વિદ્યાર્થીઓ દેશમાં અભ્યાસ કરવાને બદલે વિદેશમાં અભ્યાસ કરવાનું પસંદ કરે છે. તેવી જ રીતે, જે વિદ્યાર્થીઓનો રેન્ક નવ લાખની આસપાસ છે. તેમને ખાનગી અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં પણ પ્રવેશ મળી શકતો નથી. તેથી, આવા વિદ્યાર્થીઓ પાસે વિદેશ જવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી, એમ તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકના ભૂતપૂર્વ નિયામક ડો. પ્રવીણ શિંગારેએ માહિતી આપી હતી. વિદેશી યુનિવર્સિટીઓમાં ઘણી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેથી, દર વર્ષે લગભગ ૪૦ થી ૫૦ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ માટે વિદેશ જાય છે, એમ કેઈએમ હોસ્પિટલના ભૂતપૂર્વ ડીન ડો. અવિનાશ સુપેએ જણાવ્યું હતું. આમાં, રશિયા, યુક્રેન, કઝાકિસ્તાન, ફિલિપાઇન્સ અને ચીન વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરાયેલા મુખ્ય સ્થળો છે.

અમેરિકા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ - પાંચ દેશો સિવાય - વિદેશી બાળકોને તેમના પોતાના દેશોના વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ આપવામાં આવતું નથી. કારણ કે આ વિદ્યાર્થીઓને વિદેશમાં વ્યવસાય કરવાની મંજૂરી નથી, તેમની પાસે ફક્ત ડિગ્રીઓ છે. તેથી, જ્યાં સુધી તેઓ એફએમજીઈ પરીક્ષા પાસ ન કરે ત્યાં સુધી તેમની ડિગ્રી નકામી છે, એમ વિદ્યાર્થી વાલી સંગઠનના પ્રતિનિધિ સુધા શેનોયે જણાવ્યું હતું.

## છેલ્લા ૧૦ દિવસમાં

જુલાઈના મોડક સાગર છલકાઈ ગયું હતું અને ૨૩ જુલાઈના તાનસા છલકાઈ ગયું હતું. જોકે બાદમાં ૨૫ જુલાઈ પછી વરસાદ ગાયબ થઈ જતા છેલ્લા થોડા દિવસોથી પાણીના સ્તરમાં કોઈ પ્રકારનો વધારો થયો નથી. ૨૩ જુલાઈના સાતેય જળાશયોમાં ૮૭ ટકા પાણી હતું. આઠ ઑગસ્ટના પાણીનો જથ્થો ૮૯ ટકા હતો. જળાશયોમાં આટલા દિવસોમાં માંડ બે ટકા જેટલું જ પાણી વધ્યું છે.

જળાશયોની સપાટીમાં કોઈ પ્રકારનો વધારો નોંધાયો નથી પણ પાણી પુરવઠા વિભાગના અધિકારીના કહેવા મુજબ હજી ઑગસ્ટ મહિના અને સપ્ટેમ્બર મહિનો બાકી છે. ગણેશોત્સવ દરમ્યાન અને એ બાદ પણ વરસાદ પડવાની શકયતા છે. તેથી આગામી દિવસોમાં જળાશયોમાં પૂરતું પાણી જમા થશે એવો અમારો અંદાજો છે.

મુંબઈને અપર વૈતરણા, મોડક સાગર, તાનસા, મિડલ વૈતરણા, વિહાર, તુલસી અને રાજ્ય સરકારની માલિકીના ભાતસામાંથી પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈને આખુ વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલી ઓક્ટોબરના જળાશયમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હોવો આવશ્યક છે. શુક્રવારે સવારના સાતેય જળાશયોમાં ૧૨,૯૦,૨૫૬ મિલ્યન લિટર જેટલું પાણી જમા હતું.

**મુંબઈમાં હળવા વરસાદથી રાહત**

હવામાન વિભાગની આગાહી મુજબ મુંબઈમાં શુક્રવારે વહેલી સવારના હળવાથી મધ્યમ વરસાદ પડયો હતો. જોકે બપોર બાદ વરસાદ ફરી ગાયબ થઈ ગયો હતો. વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધી હતું હતું, તેમાં જોકે વરસાદના હળવા ઝાપટાને કારણે થોડી રાહત મળી છે. વીકએન્ડમાં મુંબઈ, થાણેમાં હળવાથી મધ્યમ વરસાદનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો હતો. તો રાજ્યના પણ અનેક જિલ્લામાં શનિવાર અને રવિવારે મધ્યથી ભારે વરસાદની શકયતા છે. ગુરુવાર સવારથી શુક્રવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં શહેરમાં ૪.૨૧ મિ.મી. પૂર્વ ઉપનગરમાં ૧૩.૭૦ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૦.૨૨ મિ.મી. વરસાદ પડયો હતો.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી, હાલ દાદર, ભૂપતરાય રતિલાલ મોહનલાલ મહેતાના ધર્મપત્ની અ.સૌ. મીનાબેન (ઉં.વ. ૮૨) ગુરુવાર, તા. ૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મયાબેન-સ્વ. કાંતિલાલભાઈ, સ્વ. ધનકુંવરબેન-સ્વ. નટુભાઈ, સ્વ. ચિરંતન વિજયજી મ.સાહેબ, અનસુયાબેન-ભોગીલાલ દોશી, સૌ. ચંદનબેન- જયસુખભાઈના ભાભી. નિમેશ-ફાલ્ગુની, અનીશ-પ્રીતિ, પરેશ-હિનાના માતુશ્રી. જિમિત-મોક્ષા, સોમિલ-આસાવરી, હિનલ-પિંકેશ, હિમાની-હેનીલ, પાર્થના દાદી. જામનગર નિવાસી સ્વ. પદમશીભાઈ રવજીભાઈ મહેતાના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા, રવિવાર, તા. ૧૦-૮-૨૫ના ૧૦થી ૧૨. યોગી સભાગૃહ, દાદર ઈસ્ટ, સ્ટેશન સામે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રાજપરા (તણસા) નિવાસી હાલ મલાડ જિતેન્દ્રકુમાર તલકચંદ શાહના ધર્મપત્ની અ.સૌ. રમીલાબેન (ઉં.વ. ૭૭) બુધવાર, તા. ૬-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પરેશભાઈ, વિપુલભાઈ તથા મનીષાબેનના માતુશ્રી. પ્રીતિબેન, જિજ્ઞાબેન તથા મુકેશકુમારના સાસુ. ધરિત, હેત્વીના દાદી. જીલ પ્રણવકુમાર, પ્રથમના નાની. પિયર પક્ષે સ્વ. કાંતિલાલ દુર્લભદાસ લાખણી દિહોરવાલા હાલ વલસાડની દીકરી. સ્વ. પ્રવિણચંદ્ર તથા સ્વ. શાંતિભાઈના બેન. આત્મશ્રેયાર્થે રવિવાર, તા. ૧૦-૮-૨૫ના માતૃવંદના રાખેલ છે. ૧૦થી ૧૨. એડ્રેસઃ શારદા જ્ઞાનપીઠ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગ્રાઉન્ડ ફ્લોર, દત્ત મંદિર રોડ, મલાડ (ઈસ્ટ).

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

મોટીવાવડી નિવાસી હાલ મલાડ, સ્વ. અનોપચંદ અમીચંદ શાહના ધર્મપત્ની ગં.સ્વ. ધનલક્ષ્મીબેન (ઉં. વ. ૮૯) ૫/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રેશ, રિટા, અરૂણા, ભાવના, ભારતી, ચારુના માતુશ્રી. જયમાલા, યોગેશકુમાર, શૈલેષકુમાર, વિજયકુમાર, સ્વ. કમલેશકુમાર, સ્વ. જીતેન્દ્રકુમારના સાસુ. પિયરપક્ષે સ્વ. ડુંગરશી મોહનલાલ શેઠના દીકરી. નૈતિક, હેના, નીલોની, શ્રેણિકના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પુરીબેન મનસુખલાલ દેસાઈના પુત્ર બિપીનભાઈ (ઉં. વ. ૮૪) તા. ૪-૮-૨૫ના સોમવારે દેહ પરિવર્તન કરેલ છે. તે મધુરીબેનના પતિ. અલ્પા કામદાર તથા જતીનના પિતાશ્રી. મિતેશભાઈ કામદાર તથા જેશલના સસરા. સ્વ. હંસાબેન રમણીકલાલ વોરા, સ્વ. મહેન્દ્રભાઈ, ચારુબેન, રમેશભાઈ બેનાણીના ભાઈ. સ્વ. જીવનલાલ ઓધવજી બાખડાના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૦-૮-૨૫ના ૩ થી ૫. પરમકેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ઉપલેટા નિવાસી હાલ અમરાવતી, પુષ્પાબેન તથા સ્વ. દૌલતરાય સવચંદ મેહતાના પુત્ર પ્રફુલભાઇ (ઉં. વ. ૫૬) ગુરુવાર તા. ૭.૮.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પિયુષભાઇ તથા જયેશભાઇના ભાઈ. સ્મિતાબેનના પતિ. અર્પિતના પિતાશ્રી. સાસરાપક્ષે લાડ નિવાસી કુમુદબેન તથા સ્વ. શશીકાંત જયશંકર સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૧.૮.૨૫ના ૧૦ થી ૧૨. અંબાપેઠ જૈન ઉપાશ્રય, અમરાવતી.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી સમાજ જૈન**

વાંકાનેર નિવાસી હાલ મુંબઈ, સ્વ. પુષ્પાબેન જમનાદાસ શાહના સુપુત્ર હર્ષદકુમાર શાહ (ઉં. વ. ૭૬) તા ૦૭/૦૮/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે કલ્પનાબેનના પતિ. તે કલ્પેશ, ડિમ્પલ, હેમલના પિતાશ્રી. મિતેશકુમાર, રીતુબેન અને પારુલબેનના સસરાજી. અ. સૌ. રસિલાબેન મહેન્દ્રકુમાર શાહ, મીનાબેન પિયુષકુમાર શાહ, મયુરીબેન જગદીશ કુમાર શાહ, કમલેશના વડીલબંધુ. માયાબેન મનસુખલાલ ગાંધીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખા હાલે નવસારીના સુનીતા તલકશી વિસરિયા (ઉં. વ. ૬૪) તા. ૬/૮/૨૫ના અવસાન પામેલ છે. કસ્તુરબેન ઉર્ફે મઠાબેન કુંવરજી (કાકુ)ના પુત્રવધૂ. તલકશીના ધર્મપત્ની. સ્વીટીના માતાજી. વલસાડના મણિબેન ફકીરભાઈ કિકાભાઈની પુત્રી. રમેશ, સવિતા, જસુ, રમિલાના બહેન. પ્રાર્થના રાખવામાં આવેલ નથી. નિ. સુનીતા તલકશી વિસરિયા, ૨૦૧ મોલીક એપાર્ટમેન્ટ, પ્રિયદર્શિની પાર્ક સોસાયટી, ભકતાશ્રમ સ્કુલની સામે, નવસારી (ગુજ.) ૩૯૬૪૪૫.

ગોધરાના નીતા ટોકરશી ગંગર (ઉં. વ. ૫૭) ૭-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. હાંસબાઇ નાગજી ધારશીના પૌત્રી. સ્વ. ચંચળબેન ટોકરશીના પુત્રી. ચેતન, દિપાના બેન. રાયણ સ્વ. દેવકાંબાઇ શામજી માણેક ગાલાના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચેતન ગંગર, એ-૧૦૧, અમેયા, નરીમાન રોડ, વિલેપાર્લા (પૂ.).

ગુંદાલાના ચુનીલાલ ભવાનજી રાંભીયા (ઉં. વ. ૮૩) તા. ૬-૮-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન ભવાનજી શીવજી રાંભીયાના પુત્ર. જયશ્રીબેનના જીવનસાથી. પ્રમેશ, સીમાના પિતા. લહેરચંદ, મંજુલાના ભાઈ. કપાયા દેવકાબેન, અમૃતબેન રામજી સોજપાર કેનીયાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસ : ચુનીલાલ રાંભીયા ૨૧૦૨, સુવિધા એમરલ્ડ, સાંઈ ભક્તિ માર્ગ, પ્રભાદેવી, મું-૨૫.

લાખાપુરના મણીલાલ મેઘજી ગાલા (ઉં. વ. ૮૪) ૭-૮-૨૫ના અવસાન પામેલ છે. સોનબાઈ મેઘજીના પુત્ર. તારામતીના પતિ. અરવિંદ, દિપક, નિલેશ, કલ્પનાના પિતા. અમૃતલાલ, મોહનલાલ, રંજનબેનના ભાઈ. લાખાપુર લક્ષ્મીબેન ભાણજી સતરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક ગાલા, સી-૩૮, એન-૬, કુમકુમ સો., એમ.જી. કોમ્પ., સેક્ટર ૧૪, વાશી, નવી મુંબઈ-૭૦૩.

**દિગંબર જૈન**

ટીકર નિવાસી હાલ મુંબઈ, ગં. સ્વ. પુષ્પાબેન મહેતા (ઉં.વ.૯૬) તે સ્વ. લાભુભાઈ મકનજી મહેતાના ધર્મપત્ની. કીરચંદ કેશવજી ખોખાણીના દીકરી. અશ્વિન-નીરુ, ચંદ્રકાંત-સ્વ. મરુદેવી, સ્વ. શ્રીકાંત-દીપ્તિ, સંજય-જ્યોતિના માતુશ્રી. અનીષ-જલ્પા, ફવિરલ-જેસિકા, અપૂર્વ-જીજ્ઞા, ભવ્ય-જયતિ, સોમીલ, અંકિતા-ક્ષિતિજકુમાર અને વિવેક-અમીના દાદી. ગુરુવાર તા. ૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

જાલુ જમશેદ હોદીવાલા તે મરહૂમ જમશેદના ધન્યાની. તે મરહૂમો ગુલામાય ફ્રામરોઝ અવારીના દીકરી. તે બખતાવરના માતાજી. તે બોમીના સાસુજી. તે હોમી તથા મરહૂમો એચ્ચ ને બાનુંના બહેન. તે બીઆફ્રીદ ને બેહરોઝના મમઈજી. (ઉં.વ. ૯૨) રે.ઠેઃ ૨૮, વાચ્છા હાઉસ, ગનપાઉડર રોડ, મઝગાંવ-મુંબઈ-૪૦૦૦૧૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૮-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે. જોખી અગ્યારી.

રતી સામ કેરાવાળા તે મરહૂમ સામના ધન્યાની. તે મરહૂમો ધન કેંખુશરુ પટેલના દીકરી. તે નૈઝર ને હવોવીના માતાજી. તે બીનાઈફર ને દરાયસના સાસુજી. તે ખુશનાઝ ને પૌરૂષના બપઈજી. તે ઝકસીસ ને જેહાનના મમઈજી. (ઉં.વ. ૮૪) રે.ઠે.: સાલસેથ પારસી કોલોની, બિલ્ડિંગ ૫/સી-૨૦૩-૨૦૪, ઓફ જીજામાતા રોડ, પંપ હાઉસ સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. મેવાવાલા અગ્યારીમાં છેજી.

ડોલી દારા માસ્ટર તે મરહુમ દારા એફ. માસ્ટરના વિધવા. તે મરહુમો મની તથા રતનશા પેસ્તનજીના દીકરી. તે વિરાફ દારા માસ્ટરના મમ્મી. તે ફરઝાના વી. માસ્ટરના સાસુજી. તે રોદા રૂમી દારૂવાલા, ફીરોઝ પેસ્તનજી ને ગોદરેજ પેસ્તનજીના બહેન. તે હોરમઝ માસ્ટર ને ફીરોઝા એચ. એન્જીનિયરના બપયજી. (ઉં. વ. ૮૭) રે.ઠે. જી-૨, નવરોઝ બાગ, ડૉ. એસ.એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૮-૨૫ને બપોરે ૩:૪૦ કલાકે લાલબાગ મધ્યે વાડીયા અગ્યારીમાં.

પરવેઝ મિનોચેર પટેલ (ઉં. વ. ૮૩) તે અબાનના પતિ. તે મરહુમો મિનોચેર અને મરહુમો મનીજેહ પટેલના દીકરા. તે ટીનાઝ જવાત, કેરમિન કોલાકોના પિતા. તે માહવીર, શૅનના સસરા. તે શેહઝાદ, હારમઝ, અર્માન્ડ, બિઆન્કાના ગ્રાન્ડ ફાધર. તા. ૭-૮-૨૦૨૫એ ગુજરી ગયા છે. ઠે. ૨૩, ધનબાદ બિલ્ડિંગ, ફ્લેટ નં.૪, નૌશિર ભરૂચા માર્ગ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૭. ઉઠમણું તા. ૯-૮-૨૫ના રોજ રાખેલ.

## હિન્દુ મરણ

ધનિશંકરજી બાબા ઉપાધ્યાય તેમનું અવસાન તા. ૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ થયું છે. તેમની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. પાંચમા માળે, ઓડિટોરિયમ, રવિન્દ્ર નાટય મંદિર, પ્રભાદેવી, મુંબઇ-૨૫ ખાતે યોજાશે. તે ડો. અમિત ઉપાધ્યાયના પિતા. મેઘના ઉપાધ્યાયના સસરા. ગેહના, શ્લોક અને શુભના દાદા હતા.

**મોઢ વણિક**

દેલવાડા નિવાસી હાલ બોરીવલી સુધીરભાઈ રમણીકલાલ શાહ (ઉં. વ. ૭૧), તે સંધ્યાબેનના પતિ. ચિંતન અને ઋષિના પિતા. સપના અને વૃષ્ટિના સસરા. તે રાજેન્દ્રભાઇ અને નયનાબેનના ભાઇ. યોગેશભાઇ, સંજીવભાઇ અને કલ્પનાબેનના બનેવી. તે ગુરુવાર, તા ૭/૮/૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૧૦/૮/૨૫, રવિવારના રોજ શ્રી સ્વામીનારાયણ મંદિર હોલ, ગ્લોબલ અજમેરા સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી વેસ્ટ ખાતે બપોરે ૩ થી ૫ દરમિયાન રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પંચાલ-મિસ્ત્રી**

ગામ ઘોલવડના વતની હાલ મુંબઈ, ભરત મિસ્ત્રી (ઉં.વ. ૭૬) તે સ્વ. મણીબેન ઈચ્છારામ મિસ્ત્રીના પુત્ર. સ્વ. ધનસુખ, સ્વ. અમૃત, મનહર, સ્વ. સુશીલા જમનાદાસ મિસ્ત્રી, સ્વ. સવિતા જયંતીલાલ પંચાલ, સૌ મંજુલા નગીનદાસ પંચાલ, સૌ. નિર્મલા શાંતિલાલ પંચાલના ભાઈ. સ્વ. સૌ. ભારતીના પતિ. શૈલેષ, નીપાના પિતાશ્રી. માનસીના દાદા. સૌ. શ્વેતા, હિતેશના સસરા બુધવાર, તા. ૬-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૮-૨૫ના ૪થી ૬. રૂમ નંબર ૪૪, બીજે માળે, સુરજ બિલ્ડિંગ, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૧૩.

**બારોટ-બ્રહ્મભટ્ટ**

જલસણ નિવાસી હાલ (મલાડ) અ.સૌ. નયના બારોટ (ઉં.વ. ૭૩) તે અરવિંદભાઈના પત્ની. કમળાબેન અને ચંદુલાલ મોહનલાલ શર્માના દીકરી. કલ્પેશ, તેજલ, નિકેશના માતુશ્રી. બેલા, સંદીપકુમાર, જૈનીના સાસુ. સુહાની, જિયા, શ્રુતિ, શ્રેયા, જીનલ, તનિશાના દાદી-નાની તા. ૫-૮-૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦-૮-૨૫ના ૧૦થી ૧૨. ડી.જી. ખેતાન ઈન્ટરનેશનલ સ્કૂલ, સુંદરનગર, મલાડ (વેસ્ટ).

**મોડાસા એકડા વિશા ખડાયતા**

હાલ મુંબઇ (ખાર) મેઘરજ, સ્વ. નવનીતલાલ મણિલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. મધુબેન શાહ (ઉં. વ. ૮૬) તા. ૬-૮-૨૫ને બુધવારના શ્રીજીશરણ થયા છે. જે મનોજભાઇ- અ. સૌ. માયાના માતુશ્રી. ધારા - ધ્રુવ અને કેયુર -અમૃતાના દાદી. સ્વ. ચીમનલાલ, સ્વ. બિહારીલાલ, સ્વ. ચંપાબેન અમૃતલાલ શાહના ભાભી. ધનસુરા નિવાસી સ્વ. સોમાલાલ કસ્તુરદાસના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૦/૦૮/૨૫ને રવિવાર ૫ થી ૭. લક્ષ્મીનગર હોલ, ૧૦મો રોડ, ખાર પશ્ચિમ.

**મોડાસા એકડા દશા ખડાયતા**

ગામ આકરૂન્દ નિવાસી હાલ બોરીવલી, મુકેશભાઈ મોહનલાલ ખેમચંદ શાહ (ઉં. વ. ૭૦) તા. ૬.૮.૨૫ના વૈકુંઠધામ પામ્યા છે. તે ગીતાબેનના પતિ. તારલીક, નિશાંતના પિતાશ્રી. વૈશાલિ, પૂજાના સસરા. અયાનના દાદા. સ્વ. રસિકલાલ પીતામ્બરદાસ શાહ (મોડાસા) ના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦.૮.૨૫ને રવિવાર ૪ થી ૬. વર્ધમાન સ્થા. જૈન સંઘ, ડાયમંડ ટોકીઝ સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

જામ જોધપુરવાળા હાલ બોરીવલી, મણિલાલ પાનાચંદ શાહ (ઉં. વ. ૯૩) તે સ્વ. મધુબેનના પતિ. કામિનીબેન, હેમંતભાઈ, દિપીકાબેન, મયુરીબેન, મીતાબેનના પિતાશ્રી. માયા, જયંતકુમાર, કિશોરકુમાર, રોહીતકુમાર, મનીષકુમારના સસરા. સ્વ. વલ્લભદાસ જમનાદાસ શાહના જમાઈ. સ્વ. હીરાચંદભાઈ, સ્વ. મનસુખભાઇ, સ્વ. રતિલાલભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ. અનસુયાબેનના ભાઈ તા. ૬.૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

દેલવાડા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન તથા સ્વ. રમણીકલાલ શાહના પુત્ર સુધીરભાઈ શાહ (ઉં. વ. ૭૧) તે સંધ્યાબેનના પતિ. ચિંતન અને ઋષિના પિતા. સપના અને વૃષ્ટિના સસરા. રાજેન્દ્રભાઇ અને નયનાબેનના ભાઇ. યોગેશભાઇ, સંજીવભાઇ અને કલ્પનાબેનના બનેવી ગુરુવાર, તા ૭ ઓગષ્ટના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૦/૮ના ૩ થી ૫. શ્રી સ્વામીનારાયણ મંદિર હોલ, ગ્લોબલ અજમેરા સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



# દિલ કી બાત


# કોલેસ્ટ્રોલનું છટકું: શા માટે "નોર્મલ" નંબર પણ જોખમકારક હોઈ શકે છે

સમગ્ર મુંબઈમાં ઘણા ગુજરાતી ઘરોમાં, નિયમિત તબીબી તપાસ પછી એક વાક્ય વારંવાર કહેવાય છે, "રિપોર્ટ નોર્મલ છે, કાંઈ ટેન્શન નથી." પણ આ નોર્મલ કોલેસ્ટ્રોલ નંબરો જો જોખમી વાસ્તવિકતા છુપાવી રહ્યાં હોય તો શું?

ડૉક્ટરો ચેતવે છે કે **કોલેસ્ટ્રોલ લેવલ એકલું જ પૂરી વાત બતાવતું નથી**-અને દેખીતી તંદુરસ્ત જણાતી વ્યક્તિઓ પણ હાર્ટ એટેકના ઉચ્ચ જોખમે હોઈ શકે છે, ખાસ કરીને જેઓ કૌટુંબિક ઈતિહાસ અને ડાયાબિટીસવાળા હોય અથવા તમાકુંનું સેવન કરતાં હોય.

આ લાલ ચેતવણી દેખાડનારા મુખ્ય અવાજોમાંનો એક ડૉ. **તનય પાડગાંવકર**, દક્ષિણ મુંબઈ ખાતે પ્રેક્ટિસ કરતાં ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટનો છે. એમણે યુ.એસ.એ. અને યુરોપ તરફથી ફેલોશિપ મેળવી છે. **બ્રીચ કેન્ડી, સૈફી અને ભાટિયા** જેવી ટોચની હૉસ્પિટલો સાથે જોડાયેલાં ડૉ. પાડગાંવકરે "બોર્ડરલાઈન" કે "નોર્મલ" કોલેસ્ટ્રોલવાળા દર્દીઓ ક્રિટિકલ હાર્ટ બ્લોકેજીસને કારણે ઓપરેટિંગ ટેબલ પર પહોંથી જાય છે તે જાતે જોયેલું છે.

**"કોલેસ્ટ્રોલ એ ફક્ત એક નંબર કરતાં વધુ છે - એ એક જોખમી કોયડો છે અને ઘણાં લોકો છૂપા બ્લોકેજીસ સાથે હરીફરી રહ્યાં છે, તેની હાજરીનો ખ્યાલ પણ હોતો નથી."**




## "નોર્મલ" નંબરનું મિથક:

મોટાભાગના લોકો જાણે છે કે હૃદયરોગો માટે ઊંચું કોલેસ્ટ્રોલ જોખમી પરિબળ છે. પણ બહુ ઓછા ટોટલ કોલેસ્ટ્રોલ, LDL (હાનિકારક), HDL (સારું) અને ટ્રાઈગ્લિસરાઈડ્સ વચ્ચેનો તફાવત સમજે છે.

**ઘણાં કેસોમાં, નીચેની બાબત લોકોમાં જોવા મળે છે:**

- નોર્મલ ટોટલ કોલેસ્ટ્રોલ
- હાઈ ટ્રાઈગ્લિસરાઈડ્સ
- લૉ HDL
- હાઈ LDL - જે બેઝિક લિપિડ ટેસ્ટમાં પકડાતું નથી.

આ ખાસ કરીને ભારતીયો અને ગુજરાતીઓમાં સામાન્ય છે, જેઓ હાઈ કોલેસ્ટ્રોલ તરફ આનુવાંશિક રીતે સંવેદનશીલ હોય છે. આમાં હાઈ-કાર્બવાળો આહાર (ફરસાણ, ગાંઠિયા, મીઠાઈ) ઓછી શારીરિક પ્રવૃત્તિઓનો ઉમેરો - અને જોખમ આકાશને આંબી જાય છે.

"તમે ફક્ત એક રિપોર્ટને જોઈને સુરક્ષિત ન અનુભવી શકો," ડૉ. પાડગાંવકર કહે છે, "અમે દર્દીની સંપૂર્ણ રિસ્ક-પ્રોફાઈલ જોઈએ છીએ - કૌટુંબિક ઈતિહાસ, કમરની સાઈઝ, શુગરનું સ્તર, બ્લડપ્રેશર, ઈન્ફલેમેટરી માર્કર્સ - અને પછી જ અમે કહીએ કે તેઓ સુરક્ષિત છે કે નહીં."

## કેસ સ્ટડી: વાલકેશ્વરનો એક વેક-અપ-કોલ

**શ્રી નિરવ શાહ**, ૪૨ વર્ષના વાલકેશ્વરના એક બિઝનેસમેનનો કેસ લો. એમના ધંધામાં સક્રિય અને રોજના ચાલનારા, એમનો તાજેતરનો બ્લડ રિપોર્ટ ટોટલ કોલેસ્ટ્રોલ **૧૯૮ mg/dL** અને **LDL ૧૪૫ mg/dL** દર્શાવતો હતો. એમના ફેમિલી ફિઝિશિયને કોઈ ચેતવણી આપી ન હતી અને તેમને રાહત થઈ હતી. ક્યારેક થતા થાકને એમણે અવગણ્યો અને નિયમિત કાર્ડિયેક ચેકઅપ પણ ન કરાવ્યું. એક મહિના પછી, જીમમાંથી ઘરે આવ્યા બાદ નિરવને છાતીમાં ભારેપણું લાગ્યું. એમના કુટુંબીજનો એમને તાત્કાલિક હૉસ્પિટલ લઈ ગયા - જ્યાં ડૉ. પાડગાંવકરે ઈમર્જન્સી ઍંજિયોગ્રાફી કરી - જેમાં મોટી કોરોનરી ધમનીમાં ૯૯% બ્લોકેજ જણાયા.

**એમનો કોલેસ્ટ્રોલ નંબર બરાબર જણાતો હતો, પણ એમને હાઈ-ટ્રાઈગ્લિસરાઈડ્સ અને હાઈ LDL હતાં તથા વહેલા હૃદયરોગનો મજબૂત કૌટુંબિક ઈતિહાસ હતો,"** ડૉ. પાડગાંવકર કહે છે, **"એ ભારે હાર્ટ એટેકમાંથી જરાકમાં બચી ગયાં."**

**અદ્યતન આંતરરાષ્ટ્રીય ડ્રગ-એલ્યુટિંગ સ્ટેન્ટ સાથે મિનિમલી ઈનવેઝિવ ઍંજિયોપ્લાસ્ટી કરવામાં આવી. ૪૮ કલાકની અંદર, સમયસર યોગ્ય સારવાર મળવાને કારણે નિરવ એના પગ પર પાછા ઊભા હતાં.**



## અદ્યતન પરીક્ષણની શક્તિ:

ડૉ. પાડગાંવકર એ વાત પર ભાર મૂકે છે કે જેઓને જોખમ છે તેમના માટે બેઝિક લિપિડ પ્રોફાઈલ પૂરતાં નથી. **એમની પંચરત્ન, ઓપેરા હાઉસ ખાતેની ક્લિનિક અદ્યતન ડાયગ્નોસ્ટિક્સ ઓફર કરે છે, જેમાં:-**

- ૧૨ ચેનલ ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ
- **LDL પાર્ટિકલ સાઈઝ ઍનાલિસિસ** સાથે ટોટલ લિપિડ ટેસ્ટિંગ
- હાઈ-સેન્સિટિવિટી **CRP** ટેસ્ટિંગ (ઈન્ફલેમેશન માર્કર)
- **CT** કોરોનરી ઍંજિયોગ્રાફી
- **2D** ઈકોકાર્ડિયોગ્રાફી
- ટ્રેડમિલ સ્ટ્રેસ ટેસ્ટ
- નિયમિત ઍંજિયોગ્રાફી અને ઍંજિયોપ્લાસ્ટી માટે કન્સલ્ટેશન.

આ ટેસ્ટ્સ, લક્ષણો દેખાય તે પહેલાંના છૂપા શરૂઆતના તબક્કાનાં બ્લોકેજીસને પણ પારખે છે.

ભારતીયોમાં હૃદયરોગો પશ્ચિમી પેટર્નને અનુસરતાં નથી. તેમને હળવા પ્લેક બિલ્ડઅપથી પણ હાર્ટ એટેક આવી શકે છે - ખાસ કરીને એ જો સોજાવાળા હોય તો," તેઓ સમજાવે છે.

આ ખાસ કરીને યુવાન વ્યાવસાયિકો, ધૂમ્રપાન કરનારાંઓ, ડાયાબિટીસવાળાઓ અને જીમમાં જનારાંઓ માટે સાચું છે, જેઓ સંકેતોને અવગણે છે એમ ધારીને કે તેઓ "ફિટ" છે.

## ડૉ. પાડગાંવકર કઈ રીતે દર્દીઓને આગળ રહેવામાં મદદ કરે છે:

૧૦,૦૦૦+થી વધુ પ્રક્રિયાઓ કર્યા બાદ ડૉ. પાડગાંવકર આ ક્ષેત્રના સૌથી યુવાન નિષ્ણાતોમાંના એક માત્ર નથી પણ દક્ષિણ મુંબઈમાં પ્રિવેન્ટિવ અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીના સૌથી વધુ વિશ્વસનીય નામોમાંના પણ એક છે.

**એમના અભિગમમાં સમ્મિલિત છે:**

- વ્યક્તિગત રિસ્ક પ્રોફાઈલિંગ
- પ્રતિબંધક ધોરણો
- આહાર અને જીવનશૈલી પરામર્શ
- હાઈ-રિસ્ક વ્યક્તિઓ માટે નિયમિત કાર્ડિએક સ્ક્રીનિંગ
- અદ્યતન આંતરરાષ્ટ્રીય ટેક્નિકો દ્વારા જલદીથી ઍંજિયોગ્રાફી અને ઍંજિયોપ્લાસ્ટી

એમના ઘણાં દર્દીઓ હવે કુટુંબના સભ્યોને સ્ક્રીનિંગ માટે લાવે છે - ખાસ કરીને આ દર્દ કેવું છૂપું હોય છે એ જાણ્યા પછી.

"અમે ફક્ત બ્લોકેજીસની નહીં, કુટુંબોની સારવાર કરીએ છીએ," સ્મિત સાથે ડૉ. પાડગાંવકર કહે છે.

- ★ **"નોર્મલ કોલેસ્ટ્રોલ એટલે જોખમ નથી એવું નથી - ખાસ કરીને જો તમે ગુજરાતી, ડાયાબિટીક કે કૌટુંબિક ઈતિહાસવાળા હોવ તો."**
- ★ **"સ્ટેન્ટ તમારી જિંદગી બચાવી શકે છે - પણ વહેલું ચેક-અપ તમને એની જરૂરિયાતથી બચાવી શકે છે."**
- ★ **"દરેક દર્દી અલગ હોય છે. અમે સક્રિય રીતે ટેસ્ટ અને સારવાર કરીએ છીએ."**

## "ચેતવણીની લાલ નિશાનીઓ જે તમારે અવગણવી ન જોઈએ."

તમારો રિપોર્ટ બધું "નોર્મલ" છે એમ કહે તો પણ, તબીબી સારવાર લો જો તમને:

- **દાદરા ચઢ્યા પછી થાક અનુભવાતો હોય**
- **છાતીમાં કે જડબામાં ચુસ્તતા અનુભવાતી હોય**
- **હૃદયરોગનો મજબૂત કૌટુંબિક ઈતિહાસ હોય**
- **ડાયાબિટીક કે વધુ વજનવાળા હોવ**
- **૩૫ની ઉપરનાં હોવ અને તાજેતરમાં હાર્ટ એટેક ન આવ્યો હોય.**

## છેલ્લો સંદેશ:

મુંબઈમાં હાર્ટ એટેકની સંખ્યા વધી રહી છે - અને યુવાન દર્દીઓ ટકાવારીને વધારી રહ્યા છે, પણ યોગ્ય માર્ગદર્શન, વહેલાં પરીક્ષણ અને નિષ્ણાત સારવાર સાથે મોટા ભાગની ટ્રેજેડીને અટકાવી શકાય છે. હાર્ટ એટેકથી હાર્ટને થયેલા નુકસાનને ઊલટાવવું અશક્ય હોઈ શકે અને તેથી વધુ કોમ્પ્લીકેશન્સ તરફ એ દોરી જઈ શકે.

દક્ષિણ મુંબઈમાં અહીં જ વિશ્વકક્ષાનું નિદાન અને સારવાર ઉપલબ્ધ છે તે ડૉ. પાડગાંવકર જેવા કાર્ડિયોલોજિસ્ટને આભારી છે - રાહ જોવાની જરૂર નથી, સંકેતોને અવગણવાની જરૂર નથી.

**"તમારા હૃદયની તંદુરસ્તીને નિયંત્રણમાં રાખવા તમારે હાર્ટ એટેકની રાહ જોવાની જરૂર નથી," ડૉ. પાડગાંવકર કહે છે, "વહેલી શરૂઆત કરો, સ્માર્ટ ટેસ્ટ કરો અને સુરક્ષિત રહો."**

Know yr Dr.

નામ: ડૉ. તનય પાડગાંવકર
માનદ્ પદવી: ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE)
એડ્રેસ: ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪.
કોન્ટેક્ટ નંબર: 98208 22666
વેબસાઈટ: www.drtanayp.com

# નાગપુર-પુણે વંદે ભારત એક્સપ્રેસના ઉદ્ઘાટનના દિવસે ફ્રી પ્રવાસ

નાગપુર: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ ઓગસ્ટના રોજ અજની થી પુણે, બેંગલુરુથી બેલગામ અને અમૃતસરથી વૈષ્ણો દેવી વચ્ચેની વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપશે. હાલમાં નાગપુરથી ત્રણ વંદે ભારત એક્સપ્રેસ દોડી રહી છે, જેમાં સિકંદરાબાદ, બિલાસપુર અને ઇન્દોરનો સમાવેશ થાય છે. અજની-પુણે ચોથી વંદે ભારત એક્સપ્રેસ બનશે.

અજની-પુણે વંદે ભારત એક્સપ્રેસનું ઉદ્ઘાટન રવિવારે નાગપુર સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન પર યોજાશે. આ ટ્રેનમાં વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંગઠનોના અધિકારીઓ, શાળાના બાળકો, એનસીસી કેડેટ્સ, રાજકીય નેતાઓ અને અધિકારીઓ મુસાફરી કરશે. હાલમાં આ ટ્રેન માટે ટ્રેન ટિકિટ ઉપલબ્ધ નથી, મુસાફરી માટે ખાસ પાસ તૈયાર કરવામાં આવ્યો છે. પાસ ધારકો માટે મુસાફરી ફ્રી રહેશે. ■

# કાંજુરમાર્ગમાં બીએમસી સ્ટાફની બસમાં આગ: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંજુરમાર્ગ (પૂર્વ)માં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર મુંબઈ મહાનગરપાલિકાના સ્ટાફની બસમાં શુક્રવાર સવારના આગ ફાટી નીકળી હતી. વહેલી સવારના ૭.૧૫ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ શુક્રવારના સવારના ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે આ બનાવ બન્યો હતો જયારે બસ ભાંડુપ પમ્પિગ સ્ટેશનથી ભાંડુપ સ્ટેશન જઈ રહી હતી, ત્યારે અચાનક બસમાં આગ ફાટી નીકળી હતી. પાલિકાના કર્મચારીના જણાવ્યા મુજબ સવારના બસ ભાંડુપ પમ્પિંગ સ્ટેશનથી ભાંડુપ રેલવે સ્ટેશન તરફ જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરને એન્જિનમાંથી ધુમાડો નીકળતો હોવાનું જણાઈ આવ્યું હતું. આગ બસમાં ફેલાય તે પહેલા જ ડ્રાઈવર તથા ત્રણ સ્ટાફ મેમ્બર સુરક્ષિત રીતે બસમાંથી બહાર નીકળવામાં સફળ રહ્યા હતા. ■

# અણધાર્યા પાર્કિંગ દંડથી મલબાર હિલના રહેવાસીઓ પરેશાન

મુંબઈ: હેંગિંગ ગાર્ડનની આસપાસ અચાનક દંડ વસૂલ કરવા પાર્કિંગ ટિકિટો આપવામાં આવતા નારાજ થયેલા મલબાર હિલના રહેવાસીઓએ ટ્રાફિક કમિશનરને પત્ર લખીને કમલા નહેરુ પાર્ક અને હેંગિંગ ગાર્ડન વચ્ચેના રસ્તાના પટ્ટા પર પાર્કિંગ પોલિસીની માગણી કરી હતી. રેસિડેન્ટ્સ ગ્રૂપ ફ્રેન્ડ્સ ઓફ મલબાર હિલના પંચાવન લોકો દ્વારા સહી કરાયેલા પત્રમાં પબ્લિક પાર્કિંગ પોલિસી અંગે સ્પષ્ટતાની માગણી કરવામાં આવી હતી. પત્રમાં સ્પષ્ટપણે નજરે પડે એવા સાઈનબોર્ડ, રહેવાસીઓ સાથે અગાઉથી ચર્ચા અને વરિષ્ઠ નાગરિકો અને દૈનિક ધોરણે ગાડી જનારાઓ માટે ચોક્કસ ટાઇમ સ્લોટની માગણી કરવામાં આવી હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસથી ટ્રાફિક પોલીસે વીઆઇપી વાહનોની અવરજવરનું કારણ આપી વાહનોને બેફામ દંડ ફટકારવાનું શરૂ કરી દીધું હતું. રોમા દલાલ નામની એક રહેવાસીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી વીઆઈપીની આવ જા વખતે અમને રસ્તો વાહનમુક્ત રાખાવા અને વાહનો બીજે ક્યાંક પાર્ક કરવાનું કહેવામાં આવતું હતું, પરંતુ છેલ્લા બે દિવસમાં અધિકારીઓએ અચાનક જ અમને દંડવાનું શરૂ કર્યું છે. હવે તેઓ અમને નેપિયન સી રોડ પર પાર્ક કરવાનું કહે છે, જે ખૂબ જ દૂર છે અને અમને અગવડ પડે એવું છે.

રહેવાસીઓના જણાવ્યા અનુસાર તાજેતરમાં મૂકવામાં આવેલા નો પાર્કિંગના સાઈન બોર્ડ બરાબર નજરે નથી પડી રહ્યા. ■

# છેલ્લી ઘડીએ રજામાં ફેરફારને કારણે સ્કૂલો પરેશાન, પરીક્ષા મુલતવી રખાઈ

મુંબઈ: તહેવારોની રજાઓમાં છેલ્લી ઘડીએ કરવામાં આવેલા ફેરફારને કારણે સરકારી અને સરકારી અનુદાન મેળવતી શાળાઓને પ્રોગ્રેસિવ એસેસમેન્ટ ટેસ્ટ (પીએટી)ની પરીક્ષાના સમયપત્રકને નવેસરથી તૈયાર કરવાની ફરજ પડી છે. પરિણામે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાના કર્મચારીઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. રાજ્યના શિક્ષણ વિભાગે એક પરિપત્ર બહાર પાડતા ગુરુવારે મૂંઝવણ ઊભી થઈ હતી. રાજ્ય સરકારે શુક્રવારે, આઠમી ઓગસ્ટે નારિયેળી પૂર્ણિમા માટે અને બીજી સપ્ટેમ્બરે ગૌરી વિસર્જન માટે રજા જાહેર કરી હતી, જ્યારે અગાઉ જાહેર કરેલી ૧૬ ઓગસ્ટની દહીં હાંડીની રજા અને છઠ્ઠી સપ્ટેમ્બરે અનંત ચતુર્દશી માટે નિર્ધારિત રજાઓ રદ કરી હોવાની જાણકારી પરિપત્ર દ્વારા શાળાઓને આપવામાં આવી હતી.

આ અણધાર્યા બદલાવને કારણે શિક્ષણ વિભાગ દ્વારા ૬ થી ૮ ઓગસ્ટ દરમિયાન લેવામાં આવતી પ્રોગ્રેસિવ એસેસમેન્ટ ટેસ્ટ (પીએટી)માં વિક્ષેપ પડ્યો છે. અંગ્રેજીનું પેપર શુક્રવાર, ૮ ઓગસ્ટના રોજ હતું જે હવે સોમવાર, ૧૧ ઓગસ્ટના દિવસે નક્કી કરવામાં આવ્યું છે. ■


























# ઓટોમોબાઈલ માર્કેટમાં મંદીઃ ગુજરાતમાં પેસેન્જર વાહનોના વેચાણમાં ગાબડું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ટૂ-વ્હીલરના વપરાશ માટે ભારતમાં અમદાવાદ 'હબ' ગણાય છે, પરંતુ વીતેલા મહિના દરમિયાન અમદાવાદમાં પેસેન્જર વ્હિકલના વેચાણમાં ગાબડું પડ્યું હતું, જેમાં ટૂ-વ્હિલર સેગમેન્ટ પણ બાકાત નથી. ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર જુલાઈ ૨૦૨૫માં ગુજરાતમાં પેસેન્જર વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૪.૮ ટકા ઘટ્યું હતું. જુલાઈ ૨૦૨૪માં ૩૦,૭૪૪ યુનિટ્સના વેચાણની સામે આ વર્ષે ૨૯,૨૬૯ યુનિટ્સનું વેચાણ થયું હતું.

આ મંદી માટે માગ અને પુરવઠા બંનેને જવાબદાર ગણાવ્યા હતા. ગ્રાહકોના નબળા સેન્ટિમેન્ટ, ખરીદશક્તિની ચિંતા અને એન્ટ્રી-લેવલ કાર સેગમેન્ટ પર દબાણ જેવા પરિબળોએ વેચાણ પર અસર કરી હતી. આ સાથે સપ્લાયની મર્યાદા પણ એક મોટી ચિંતા બની રહી છે. એસયુવી શ્રેણીમાં કેટલાક લોકપ્રિય નવા મોડલમાં લાંબું વેઇટિંગ છે, જેની અસર પણ કાર માર્કેટ પર જોવા મળી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડીલર્સ સપ્લાયની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. કેટલાક નવા લોન્ચ થયેલા મૉડેલો અમુક બ્રાન્ડ્સમાં સરળતાથી ઉપલબ્ધ નથી. એસયુવી સેગમેન્ટમાં વેઇટિંગ પિરિયડ પણ લાંબો છે, જે છૂટક વેચાણના આંકડાઓ પર અસર કરી રહ્યો છે. ટુ-વ્હીલર અને કારના વેચાણમાં નજીવો ઘટાડો અપેક્ષિત હતો.

સૂત્રોએ જણાવ્યું કે છેલ્લાં બે વર્ષમાં જોવા મળેલા મજબૂત વેચાણની સરખામણીમાં આ વર્ષે ઓટો માર્કેટ સાવચેત થયું હોય તેમ લાગે છે. હાલની આર્થિક અને ભૌગોલિક-રાજકીય અસ્થિરતા ગ્રાહકોને સાવચેત બનાવી રહી છે અને આ ખચકાટ શહેરોમાં વધુ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. અહીં માંગમાં સ્પષ્ટપણે ઘટાડો થયો છે. ઘણા નવા સંભવિત ખરીદદારો પોસાય તેવી એન્ટ્રી-લેવલ ઇલેક્ટ્રિક કારની રાહ જોઈ રહ્યા છે. જોકે, ગ્રામીણ વેચાણમાં નજીવો વધારો જોવા મળી રહ્યો છે, જે એક સકારાત્મક સંકેત છે.

સૂત્રોના કહેવા પ્રમાણે શેરબજારની અસ્થિરતાએ રોકાણકારોના આત્મવિશ્વાસ પર નોંધપાત્ર અસર કરી છે, અને તે સીધી રીતે સાવચેતીપૂર્વક ગ્રાહક ખર્ચમાં પ્રતિબિંબિત થાય છે. સારા ચોમાસા અને મજબૂત એકંદર કમાણી જેવા સકારાત્મક પરિબળો હોવા છતાં વ્યાપક ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ અને યુએસ ટેરિફ જેવી બાબતો અનિશ્ચિતતા ઊભી કરી રહી છે. આ પરિબળો છૂટક રોકાણકારોના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી રહ્યા છે, જેના કારણે કારના વેચાણમાં ઘટાડો જોવા મળ્યો હતો. ■

# વડોદરામાં ટ્રમ્પના ટૅરિફ વૉરના વિવાદ વચ્ચે વિવાદાસ્પદ પોસ્ટરથી મામલો ગરમાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામ હુમલા બાદ પહેલા સીઝફાયર અંગેના નિવેદનો અને હવે ટૅરિફ વૉરના કારણે ચર્ચામાં રહેલા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો ગુજરાતમાં વિરોધ થયો હતો. વડોદરામાં ડોનલ્ડ ટ્રમ્પના વખાણ કરતું એક પોસ્ટર વિરોધ બાદ હટાવી દેવામાં આવ્યું હતું. આ પોસ્ટર વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલી એક સોસાયટીના એક આલિશાન ઘર પર લગાવવામાં આવ્યું હતું.

અમેરિકા અત્યારે દુનિયાભરના દેશો સામે ટૅરિફ વૉર ચલાવી રહ્યું છે તેવા જ સમયે આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. લોકોનું કહેવું છે કે ટ્રમ્પે ભારત પર એક અવ્યવહારુ ટૅરિફ લગાવ્યો છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં ડોનાલ્ડ ટ્રમ્પનું ભવ્ય સ્વાગત થયું હતું. ત્યારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ થયો હતો. જેમાં તેઓ પણ હાજર રહ્યા હતા.

વડોદરાના વેસ્ટ ઝોનમાં નગરપાલિકાના વોર્ડ કાર્યાલય પાસે સરદાર સોસાયટી છે. આ સોસાયટીમાં રસ્તાની બાજુમાં એક ઘર પર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના વખાણ કરતું એક પોસ્ટર લગાવવામાં આવ્યું હતું. પોસ્ટર પર ડોનલ્ડ ટ્રમ્પના વખાણ 'લાયન ઈઝ બેક' જેવા શબ્દો સાથે કરવામાં આવ્યા હતા. એક સામાજિક કાર્યકર્તાના ધ્યાનમાં આવતા લોકોએ આ પોસ્ટર પર વાંધો ઉઠાવ્યો હતો ત્યાર બાદ તેને તરત જ હટાવી દેવામાં આવ્યું.

પોસ્ટર ફરી ન લગાવી શકાય તે માટે તેને ફાડી નાખવામાં આવ્યું હતું. આ પોસ્ટર ચૂંટણીમાં જીત બાદ લગાવવામાં આવ્યું હોવાની શક્યતા છે, પરંતુ ટૅરિફ વૉર બાદ આ પોસ્ટર વિવાદનો વિષય બની ગયું હતું. અમેરિકાએ ભારત પર ટૅરિફ લાગુ કર્યો છે. તેના કારણે આ ઘટનાને ટ્રમ્પ પ્રત્યેની નારાજગી સાથે જોડવામાં આવી રહી છે.

સૂત્રોના કહેવા પ્રમાણે, પોસ્ટર સરદાર સોસાયટીમાં લાગેલું હતું. આ મકાનના માલિક વિદેશમાં રહે છે. તેમના ઘરની બહાર ડોનલ્ડ ટ્રમ્પના વખાણમાં પોસ્ટર લાગેલું હતું. ડોનલ્ડ ટ્રમ્પ અવારનવાર ભારતને દબાવવાની વાત કરે છે. આવા સંજોગોમાં આ પોસ્ટરને કેવી રીતે સહન કરી શકાય? સૂત્રોએ કહ્યું કે, જ્યારે અમે ઘરે જઈને પૂછ્યું તો કેરટેકરે જણાવ્યું કે આ પોસ્ટર મકાન માલિકે લગાવ્યું છે. અમારા વાંધા પછી કેરટેકરે પોસ્ટર હટાવી લીધું હતું. ડોનલ્ડ ટ્રમ્પ આપણા દેશ માટે નિવેદનો આપી રહ્યા છે તેથી આવા બેનરને બિલકુલ મંજૂરી ન આપવી જોઈએ. આ ઘટના બાદ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ■

# કમલમમાં ભાજપની બેઠકમાં 30 ધારાસભ્ય ગેરહાજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટીની તિરંગા યાત્રા અંતર્ગત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તિરંગા યાત્રા અભિયાનના ઇન્ચાર્જ મધ્ય પ્રદેશ ખજૂરાહોના સાંસદ વીડી શર્મા ઉપરાંત રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી સહિત ધારાસભ્યો અને હોદ્દેદારો હાજર રહ્યા હતા. આ બેઠકમાં આગામી ૧૫ ઓગસ્ટને લઈને યોજાનારા તિરંગા યાત્રા અને હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત અભિયાનને લઈને વાતચીત કરવામાં આવી તેને લઈને ખાસ ઉદ્દેશ અને દરેકને પોતાની જવાબદારી સોંપવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દરેક ઘરે તિરંગો પહોંચાડે તેનું પણ આયોજન બેઠકમાં કરવામાં આવ્યું હતું. બેઠકમાં તમામ ધારાસભ્યોને હાજર રહેવાની સૂચના છતાં ૩૦થી વધુ ધારાસભ્યો આ બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. હાર્દિક પટેલ, જયેશ રાદડીયા, બચુભાઈ ખાબડ ઉપરાંત કેટલા યુવા ધારાસભ્યો હાજર રહ્યા હતા. આ ઉપરાંત કેટલાક સાંસદો પણ આ બેઠકમાં ગેરહાજર હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભાજપના આ અભિયાન પાછળનું કારણ ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા છે. અમે આ અભિયાનને જમીન પર ઊતરવાનો પ્રયાસ છે. આ અભિયાન હેઠળ કાર્યકર્તા ગુજરાતના દરેક ઘરે તિરંગો પહોંચાડશે. બોર્ડર વિસ્તારમાં દેશના નવજવાનોને સન્માનિત કરવામાં આવશે. ૧૪ ઓગસ્ટ ૧૯૪૭માં થયેલી ઘટનાઓ પણ પ્રદર્શિત કરવામાં આવશે. પાકિસ્તાનના નરસંહાર પણ દેખાડવામાં આવશે. ■



**ઉદ્‍ઘાટનઃ** અમદાવાદમાં શુક્રવારે બિરસા મુન્ડાની પ્રતિમાના અનાવરણ અને અર્બન ફોરેસ્ટ પાર્કના ઉદ્‍ઘાટન દરમિયાન ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ. (એજન્સી)

# અંબાજી મંદિરમાં ધર્મ અને ટેકનોલોજીનો સંગમઃ યાત્રાળુઓની સુવિધા માટે નવું ડેટા સેન્ટર શરૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં દર વર્ષે કરોડો માઈભક્તો દર્શનાર્થે આવતા હોય છે. આ યાત્રાળુઓને અંબાજી મંદિર ખાતે વિવિધ યાત્રિકલક્ષી સુવિધાઓ વધુ પારદર્શક અને ઝડપથી ઉપલબ્ધ થાય તે હેતુથી અંબાજી મંદિર ખાતે અદ્યતન ડેટા સેન્ટરનો ઉદ્યોગ પ્રધાન અને બનાસકાંઠા જિલ્લા પ્રભારી બલવંતસિંહ રાજપૂતના વરદ હસ્તે તેમ જ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ - જિલ્લા કલેકટર મિહિર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ધર્મ, અધ્યાત્મ અને ટેકનોલોજીના સમન્વય થકી તૈયાર કરવામાં આવેલા સેન્ટ્રલાઈઝ સર્વરબેઝ ડેટા સેન્ટર દ્વારા પ્રસાદ વિતરણ, ડોનેશન, સુવર્ણ શિખર દાન, સાડી કેન્દ્ર, ધાર્મિક વેચાણ કેન્દ્ર, ભાદરવી પૂનમ મહામેળામાં પદયાત્રી સંઘ, સેવા કેમ્પ, વાહનપાસ વગેરેની નોંધણી પ્રક્રિયા જેવી વિવિધ ઓનલાઇન સેવાઓ આંગળીના ટેરવે સરળતાથી અને ઝડપી મળી રહેશે.

તેમણે કહ્યું કે આજના આધુનિક અને ડિજિટલ યુગની જરૂરિયાત મુજબ ગુડ ગવર્નન્સ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા અંબાજી મંદિર ખાતે અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ ડેટા સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. અહીં દાતાશ્રીઓને કમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી પ્રસાદ, દાન ભેટ, સાડી કેન્દ્ર તેમજ વેચાણ કેન્દ્રની પહોંચ તથા તમામ પ્રકારનું રિપોર્ટિંગ, સુપરવિઝન, ઓડિટ, ડેટા એનાલિસીસ જેવી અત્યંત જરૂરી બાબતોનું આધુનિક ટેકનોલોજીથી સંચાલન કરવામાં આવશે.

અંબાજી મંદિર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે ૧.૨૦ કરોડ જેટલા મોહનથાળના પ્રસાદનું વેચાણ કરવામાં આવે છે. ઉપરાંત લગભગ રૂ. ૫૦ કરોડનું દાન-ભેટ ઓનલાઇન તેમજ ઓફલાઈન માધ્યમથી પ્રાપ્ત થાય છે, તેમ પ્રધાને ઉમેર્યું હતું. ■

# ગુજરાત એટીએસે બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરી ચાર આરોપીઓને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એટીએસે બોગસ વિઝા બનાવી લોકોને છેતરતી એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. એટીએસે આ મામલે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ યુરોપના દેશોના નકલી વિઝા બનાવીને લોકો પાસેથી લાખો રૂપિયા પડાવતા હતા.ઝડપાયેલા આરોપીઓમાં મયંકર ભારદ્વાજ, મનીષ પટેલ, તેજેન્દ્ર ગજ્જર અને તબરેજ કાશ્મીરનો સમાવેશ થાય છે. આ ગેંગે મુખ્યત્વે લક્ઝમબર્ગના બોગસ વિઝા બનાવીને ૪૩ જેટલા લોકોને છેતર્યા હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓ દરેક વ્યક્તિ પાસેથી ૮થી ૧૦ લાખ રૂપિયા વસૂલતા હતા.

ગુજરાત એટીએસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આ કૌભાંડમાં અન્ય કોઈ લોકો સામેલ છે કે કેમ, તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ઝડતી બાદ અન્ય બોગસ વિઝા કૌભાંડોનો પણ પર્દાફાશ થવાની શક્યતા છે. ■

# રક્ષાબંધન નિમિત્તે અમદાવાદ, રાજકોટ અને નવસારીમાં મહિલાઓ માટે સિટી બસ સેવા મફત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે અમદાવાદ, રાજકોટ અને નવસારીમાં મહિલાઓ માટે સિટી બસમાં મફત મુસાફરીની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ એ છે કે બહેનો તેમના ભાઈના ઘરે સરળતાથી પહોંચી શકે અને મુસાફરીનો ખર્ચ બચાવી શકે.

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા રક્ષાબંધનના દિવસે શહેરની તમામ બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરીની સુવિધા જાહેર કરવામાં આવી છે. વહેલી સવારથી મોડી રાત સુધી ચાલતી તમામ બસોમાં મહિલાઓ કોઈ પણ ટિકિટ ચાર્જ વિના મુસાફરી કરી શકશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત સિટી બસમાં પણ મહિલાઓ માટે આ જ પ્રકારની મફત સેવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય પાછળનો હેતુ બહેનો પોતાના ભાઈને રાખડી બાંધવા જતી વખતે રિક્ષા કે અન્ય વાહનોના ભાડાનો વ્યય ટાળી શકે તેવો છે. આ સિવાય અમદાવાદ જનમાર્ગ લિમિટેડ (બીઆરટીએસ) દ્વારા એક સરાહનીય પગલું લેવામાં આવ્યું હતું. રક્ષાબંધનના દિવસે સવારના ૬:૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦:૪૫ વાગ્યા સુધી તમામ મહિલાઓ માટે બીઆરટીએસ બસોમાં મુસાફરી સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. આ વ્યવસ્થા માત્ર મહિલાઓ માટે જ લાગુ રહેશે.

આ ઉપરાંત નવસારી નગરપાલિકાએ પણ રક્ષાબંધનના પર્વને ધ્યાનમાં રાખીને મહિલાઓ માટે ખાસ સુવિધા ઉપલબ્ધ કરાવી છે. નવસારી સિટી બસમાં રક્ષાબંધનના સમગ્ર દિવસ દરમિયાન બહેનો મફત મુસાફરીનો લાભ લઈ શકશે. આ પગલાથી બહેનોને તહેવારની ઉજવણીમાં મદદ મળશે. ■

# ગુજરાત યુસીસી લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બની શકે છે, કમિટીએ રિપોર્ટ સોંપવાની તૈયારી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતમાં પણ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાની તૈયારીઓ તેજ કરી દેવાઈ છે. ગુજરાત વિધાનસભાના આઠ સપ્ટેમ્બરથી શરૂ થતા સત્રમાં યુસીસી અંગેનો ખરડો રજૂ કરાશે એવી અટકળો ચાલી રહી છે પણ હજુ સુધી જસ્ટિસ રંજના દેસાઈ સમિતિએ પોતાનો રિપોર્ટ રાજ્ય સરકારને સોંપ્યો નથી. આ કારણે વિધાનસભાના સત્રમાં યુસીસી અંગેનો ખરડો રજૂ કરાવાની શક્યતા ઓછી છે.

ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫માં જાહેરાત કરી હતી કે ઉત્તરાખંડ બાદ ગુજરાત સમાન નાગરિક સંહિતા યુસીસી લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બનશે. રાજ્ય વિધાનસભાને સંબોધતા રાજ્યના કાયદા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ રાજ્યના તમામ લોકો માટે સમાન ન્યાય સુનિશ્ચિત કરવા અને એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવનાને સાકાર કરવાની દિશામાં એક પગલું છે.

ગુજરાત સરકારે કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા બનાવેલી કમિટીના અધ્યક્ષ સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈ અને પાંચ સભ્યોએ આ અઠવાડિયે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત બેઠક યોજી હતી. આ મુલાકાત બેઠક દરમિયાન તેમણે કમિટીની કામગીરી પ્રગતિની વિગતો મુખ્ય પ્રધાનને આપી હતી. કાયદા પ્રધાન ઋષિકેશ પટેલ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

યુસીસી કમિટીના અધ્યક્ષ નિવૃત્ત જજ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે કાયદો લાગુ કરવામાં હવે વધુ સમય લાગશે નહિ. તેમણે જણાવ્યું હતું કે અમે દરેક જિલ્લામાં જઈ નાગરિકો સાથે વાતચીત કરી છે અને દરેક બેઠકનો રેકોર્ડ પણ રાખવામાં આવ્યો છે. અત્યાર સુધી કુલ ૧.૧૫ લાખથી વધુ સૂચનો કમિટીને મળ્યા છે. સરકાર ચોમાસુસત્રમાં બિલ રજૂ કરી શકે છે તેવા સંકેત રાજ્યના પ્રવક્તા પ્રધાને આપ્યા હતા.

રાજ્યના પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું કે સમિતિએ ૩૮ મુસ્લિમ સંગઠનો સાથે વાતચીત કરી છે, જેમાં ૨૧ સંગઠનો સુરતના અને ૧૭ દિલ્હીના છે. આ બેઠકોમાં યુસીસી પર તેમના અભિપ્રાય અને સૂચનો લેવામાં આવ્યા હતા. જસ્ટિસ રંજના દેસાઈએ મંગળવારે જણાવ્યું હતું કે યુસીસીનો મુસદ્દો એક મહિનાની અંદર સરકારને સોંપવામાં આવશે. ત્યારબાદ સરકાર આ મુસદ્દાને કાયદાનું સ્વરૂપ આપવાની પ્રક્રિયા શરૂ કરશે.

યુસીસીની જાગેલી ચર્ચા વચ્ચે ગુજરાત વિધાનસભાનું ચોમાસુસત્ર આગામી ૮ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાવાની જાહેરાત કરવામાં આવી છે. ત્રણ દિવસના આ સત્રમાં સરકારી કામકાજ અને વિવિધ સરકારી વિધેયકો ગૃહમાં રજૂ કરવામાં આવશે. આ ત્રણ દિવસના ટૂંકાગાળાના સત્રમાં વિવિધ પ્રશ્નો આવરી લેવામાં આવશે. રાજ્યપાલ દ્વારા વિધાનસભાના સાતમા સત્રનું આહ્‌વાન કરવામાં આવ્યું હતું. જો કે એવી પણ ચર્ચા છે કે આ સત્ર દરમિયાન યુસીસી વિધેયક રજૂ કરી શકે છે. જો કે ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલી કમિટીએ હજુ સુધી રિપોર્ટ સરકારને સોંપ્યો નથી, આ રિપોર્ટ ક્યારે સોંપવામાં આવે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ કમિટીના સભ્ય અને મુખ્ય પ્રધાન વચ્ચે બેઠક થઇ હતી, જેથી આ રિપોર્ટ થોડા સમયમાં સોપવામાં આવે તેવી અટકળો થઇ રહી છે. ■

# ગુજરાતની સરકારી હૉસ્પિટલોમાં ૯૨ ટકા જુનિયર ફાર્માસિસ્ટની જગ્યાઓ ખાલીઃ બોર્ડે ચિંતા વ્યક્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા ૧૩ વર્ષથી જુનિયર ફાર્માસિસ્ટની કાયમી ભરતી નહીં થવાને કારણે ગુજરાતના તબીબી શિક્ષણ વિભાગમાં ૯૨ ટકા જગ્યાઓ ખાલી પડી છે. રાજ્યના ફાર્માસિસ્ટ્સ બોર્ડની ચેતવણી મુજબ આ પરિસ્થિતિ હવે મુખ્ય સરકારી હૉસ્પિટલમાં દવાઓના પુરવઠાને અવરોધી રહી છે.

આ અછત રાજ્યભરની સરકારી સિવિલ હૉસ્પિટલો, જિલ્લા હૉસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી હૉસ્પિટલોને અસર કરી રહી છે. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરની નાની-મોટી હૉસ્પિટલોનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી હૉસ્પિટલોમાં જુનિયર ફાર્માસિસ્ટની મહત્ત્વની જગ્યા કાયમી સરકારી કર્મચારીઓને બદલે કોન્ટ્રાક્ટના આધારે કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે.

આ સમસ્યા સમગ્ર આરોગ્ય વિભાગમાં ફેલાયેલી છે. તબીબી શિક્ષણ વિભાગમાં ૨૦૫માંથી ૧૮૮ જગ્યાઓ ખાલી છે, એટલે કે ૯૨ ટકા જગ્યાઓ ખાલી છે. મેડિકલ સર્વિસ વિભાગમાં ૪૫૮માંથી ૨૭૯ જગ્યાઓ ખાલી છે એટલે કે ૬૧ ટકા જગ્યા ખાલી છે. ઉપરાંત, મેડિકલ હેલ્થ વિભાગમાં ૩૯ ટકા જગ્યા ખાલી છે. આ ક્ષેત્રની ૪૪૧માંથી ૧૭૧ જુનિયર ફાર્માસિસ્ટની જગ્યાઓ ખાલી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ લાંબા સમયથી ચાલી રહેલી અછતની દર્દીઓની સંભાળ પર સીધી અસર પડે છે. હૉસ્પિટલોમાં જુનિયર ફાર્માસિસ્ટ દર્દીઓની સંખ્યા અને જરૂરિયાત મુજબ દવાઓની માગ યાદી તૈયાર કરવાનું મહત્ત્વનું કામ કરે છે.

હાલમાં, આ જગ્યા કરાર આધારિત કર્મચારીઓ દ્વારા ભરવામાં આવે છે. પરંતુ આ કરાર આધારિત કર્મચારીઓ સતત બદલાતા રહે છે. પરિણામે રાજ્ય સરકાર પાસેથી દવાઓ મેળવવા જેવું મહત્ત્વનું કામ ખોરવાય છે. જો આ જગ્યા માટે કાયમી સરકારી કર્મચારીઓની ભરતી કરવામાં આવે, તો કામમાં નિયમિતતા આવશે. ■

# કર્ણાટકના મૈસુરમાં થયેલી ૪૫ લાખની ચાંદીની લૂંટના ચાર આરોપીઓને પાલનપુર પોલીસે ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કર્ણાટકના મૈસુરમાં થયેલી ચાંદીની લૂંટનો ભેદ બનાસકાંઠામાં ઉકેલાયો હતો. ગત મહિને મૈસુરમાં એક ફેક્ટરીમાંથી અંદાજે ૩૦ કિલો ચાંદીની લૂંટ થઈ હતી. આ લૂંટમાં બનાસકાંઠાના શખ્સો સંડોવાયેલા હતા. લૂંટારાઓએ ફેક્ટરીના સિક્યુરિટી ગાર્ડને બંદૂક બતાવી બંધક બનાવીને ૪૫ લાખથી વધુની કિંમતની ચાંદી લૂંટી હતી.

કર્ણાટક પોલીસે તપાસ દરમિયાન આરોપીઓ બનાસકાંઠાના હોવાની માહિતી મેળવી હતી. આ કેસમાં મૈસુર પોલીસ અને પાલનપુર પશ્ચિમ પોલીસની સંયુક્ત ટીમે કામગીરી કરી હતી. પોલીસે કિશોર કાંતિલાલ પંચાલ અને રવિ ઉર્ફે અરવિંદ ઠાકોરની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી કાર, ૩૦ હજાર રોકડા, મોબાઈલ, એક પિસ્તોલ અને ૮ કાર્ટિજ જપ્ત કર્યા હતા. પોલીસે ચોરીની ચાંદી પણ રિકવર કરી હતી.

આ અંગે જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, ૨૯ જુલાઈ ૨૦૨૫ના રોજ કર્ણાટકના મૈસુર ખાતે ૩૦ કિલો ચાંદીની રોબરી થઈ હતી. જે બાબતે કર્ણાટક પોલીસ અને મૈસુરનો કોન્ટેક થતા જણાવ્યું કે આરોપી બનાસકાંઠાના છે.

મૈસુરની ટીમ અને પાલનપુર પોલીસની ટીમ ગુનાનો ભેદ ઉકેલવા કામ પર લાગી હતી. બે મુખ્ય આરોપીઓ કિશોર કાંતિલાલ પંચાલ અને રવિ ઉર્ફે અરવિંદ ઠાકોરની અટક કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી લૂંટમાં ઉપયોગ કરવામાં આવેલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ■

# સુરતની સાયણ સુગર ફેક્ટરીને ઇન્કમ ટેક્સની નોટિસ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓલપાડ તાલુકાની કાર્યરત ધી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. ને હાલમાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઇન્કમ ટેક્સ વિભાગ તરફથી એસેસમેન્ટ કરવા અંગેની નોટિસ મળી હતી. જેને લઈ સહકારી ક્ષેત્રનું રાજકારણ પણ ગરમાયું હતું. કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે સહકારી ક્ષેત્રને ઉશ્કેરનારા સત્તાધીશો ૧૧ વર્ષે પણ આ મુદ્દે રાજકારણ રમી રહ્યાં હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે સરકારના વલણ ઉપર સવાલો ઉઠાવતા જણાવ્યું કે, વર્ષ ૨૦૧૪માં ગુજરાતના મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર સભામાં દક્ષિણ ગુજરાતની ૧૯ સુગર મિલો પર રૂપિયા ૫૦૦૦ કરોડના ઇન્કમ ટેક્સના આરોપ અંગે યુપીએ સરકાર ઉપર આક્ષેપ કરાયો હતો. તે સમયે ખેડૂતોના હિત માટે લડવાનું વચન આપનાર ભારતીય જનતા પાર્ટી ૧૧ વર્ષથી સત્તામાં હોવા છતાં પણ આ પ્રશ્નો હલ હજુ સુધી આવ્યો નથી.

દરમિયાન, વર્ષ ૨૦૧૬-૧૭માં જે નોટિસ આપવામાં આવી હતી, ત્યારબાદ છેલ્લા ૬-૭ વર્ષ દરમિયાન ઇન્કમ ટેક્સ વિભાગે કોઈ કાર્યવાહી કરી ન હતી. જોકે હવે ફરીથી સાત વર્ષ પછી એનાલિસિસ માટે નવી નોટિસ અપાતા પ્રશ્નો ઊભા થયા હતા તેમણે જણાવ્યું કે, સરકાર દ્વારા બે મોઢાની નીતિ અપનાવામાં આવી રહી છે. ચૂંટણી સમયે ખેડૂતો માટે કરવામાં આવેલા વાયદા માત્ર મત મેળવવાના હથિયાર પૂરતાં જ રહી ગયા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જ્યારે ખેડૂતોની સંસ્થાઓને આકરી નોટિસો અપાઈ રહી છે, ત્યારે એ સ્પષ્ટ થાય છે કે સરકાર ખેડૂતોના હિતમાં ખરેખર ગંભીર નથી. ■

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ભારત-ઇંગ્લૅન્ડ સિરીઝ ડ્રૉ, પણ ટેસ્ટ ક્રિકેટનો વિજય

### સ્લેજિંગની પરાકાષ્ઠા વચ્ચે હરીફ ખેલાડીઓ વચ્ચે થઈ ગરમાગરમી... કુલ ૧,૮૬૧ ઓવરમાં ૭,૧૮૭ રન બન્યા અને ૪૧ કૅચ ડ્રૉપ થયા છતાં નિસ્તેજ ટેસ્ટ ફૉર્મેટને નવજીવન મળ્યું

ભારત સામેની કોઈ પણ સિરીઝ પહેલાં ઇંગ્લૅન્ડના કે ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ખેલાડીઓ પોતાના દેશની ટીમ બાબતમાં વધુ પડતા ઉત્સાહી અને આશાવાદી હોય છે. હજી તો ભારતની ટીમ તેમની ધરતી પર આવી પણ ન હોય ત્યાં તેઓ હવાનાં મહેલ બાંધવાના શરૂ કરી દેતા હોય છે. ટીમ ઇન્ડિયા સામે સિરીઝ જીતવાની વાત તો દૂર રહી, ભારતનો વાઇટ-વૉશ કરી નાખવામાં આવશે એવી શેખી કરતા હોય છે. ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ કૅપ્ટન ઓઇન મૉર્ગને મે મહિનામાં કંઈક આવું જ કર્યું હતું. તેણે કહ્યું હતું કે 'મને લાગે છે કે ભારત સામેની ટેસ્ટ શ્રેણી જીતવા માટે ઇંગ્લૅન્ડ ફેવરિટ તો છે જ, બેન સ્ટૉક્સની ટીમ ભારતનો ૫-૦થી રકાસ કરશે.'

ઑસ્ટ્રેલિયાનું પણ એવું જ છે. ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ ટેસ્ટ શ્રેણીનો સમય નજીક આવે એટલે ૫-૦ કે ૦-૫ની ડંફાસ મારવાની શરૂઆત થઈ જાય છે. જુઓને, ગ્લેન મૅકગ્રાએ ગઈ કાલે જ કહ્યું કે 'અમારે ત્યાં નવેમ્બરમાં ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી પાંચ મૅચની ઍશિઝ ટેસ્ટ શ્રેણીમાં ઑસ્ટ્રેલિયાનો ૫-૦થી શાનદાર વિજય થશે.'

ફરી ભારત-ઇંગ્લૅન્ડની વાત પર આવીએ તો સિરીઝ પહેલાંની ભલભલા ક્રિકેટરોની અને વિવેચકોની ધારણા ખોટી પડી છે. ન તો બ્રિટિશ ટીમ આ સિરીઝ જીતી શકી અને ન તો ભારતીય ટીમને વિજય મેળવવામાં સફળતા મળી. શ્રેણી ૨-૨થી ડ્રૉ જરૂર થઈ, પરંતુ આને ટેસ્ટ ક્રિકેટનો વિજય જરૂર ગણી શકાય. માત્ર વિજય જ નહીં, ટી-૨૦ના આજના જમાનામાં ટેસ્ટ ક્રિકેટને નવી ઊંચાઈ મળી છે.

ટેસ્ટ-ફૉર્મેટને ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીએ નવજીવન બક્ષ્યું છે એમ કહીએ તો પણ ખોટું નથી. ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં ટેસ્ટ ક્રિકેટ સર્વશ્રેષ્ઠ ગણાય છે. આ લાંબું ફૉર્મેટ જ ક્રિકેટરનું ખરા અર્થમાં ઘડતર કરે છે. ટી-૨૦ ફટાફટ ક્રિકેટ છે અને વન-ડે એક રીતે મર્યાદિત પ્રકારની છે, પરંતુ ટેસ્ટ-ક્રિકેટમાં બૅટ્સમૅન પોતાની ટેક્નિકને નવો ઓપ આપી શકે છે, ધૈર્યથી રમવાની આદત કેળવી શકે છે, વ્યૂહરચનાને સારી રીતે અમલમાં મૂકી શકે છે તેમ જ બોલર લાઇન અને લેન્ગ્થ જાળવવા ઉપરાંત બોલિંગમાં વિવિધતા બતાવી શકે છે અને એ રીતે હરીફ ટીમના બૅટ્સમૅનને જાળમાં ફસાવવામાં સફળતા મેળવી શકે છે. આ બધા પરિબળોથી સૌ કોઈ ક્રિકેટપ્રેમી પરિચિત છે જ, પરંતુ અહીં મુદ્દાની વાત એ છે કે ભારત-ઇંગ્લૅન્ડની સિરીઝે અનેક રીતે ટેસ્ટ ક્રિકેટમાં પ્રાણ પૂર્યા છે. એક તો શુભમન ગિલ માટે કૅપ્ટન તરીકે આ પહેલી જ ટેસ્ટ શ્રેણી હતી એટલે તેણે પહેલાં તો એમાં સક્સેસ થવાનું હતું. જોકે નેતૃત્વ ખૂબ સારી રીતે સંભાળવાની સાથે તેણે ઢગલો રન પણ કર્યા. તેણે અને બીજા ખેલાડીઓએ નવા



આકાશ દીપ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ સિરીઝની બે ટેસ્ટમાં બુમરાહની ખોટ ન વર્તાવા દીધી.

વિક્રમો રચ્યા. આ બાબતો ટેસ્ટ ક્રિકેટ તરફ ક્રિકેટ લવર્સને વધુ આકર્ષિત કરનારી હતી. બીજું, બન્ને ટીમ વચ્ચે ગરમાગરમીના ઘણા બનાવ બન્યા જેને કારણે પણ સિરીઝ વધુ રોમાંચક બની હતી.

સૌથી પહેલાં તો ડ્યૂક્સ બૉલની રામાયણ થઈ. ભારતીય ઉત્પાદક દ્વારા પૂરા પાડવામાં આવતા ડ્યૂક્સ બૉલથી જ ઇંગ્લૅન્ડમાં ટેસ્ટ સિરીઝો રમાય છે. જોકે ડ્યૂક્સ બૉલ બહુ જલદી નરમ થઈ જતો હોવાની ભારતીય ખેલાડીઓએ અમ્પાયરોને વારંવાર ફરિયાદ કરી હોવા છતાં બૉલ નહોતો બદલી આપવામાં આવતો. ખુદ બ્રિટિશ કૅપ્ટન બેન સ્ટૉક્સ અને તેના સાથીઓ પણ ડ્યૂક્સ બૉલના બહુ જલદી બદલાઈ જતા આકારને કારણે પરેશાન હતા એમ છતાં આખી સિરીઝ આ વિવાદાસ્પદ બ્રૅન્ડના બૉલથી જ રમાઈ. ઇંગ્લૅન્ડના ઓપનર ઝૅક ક્રૉવ્લીએ લૉર્ડ્સની ટેસ્ટમાં એક દિવસે સાંજે રમતની અંતિમ પળોમાં ઓછું રમવું પડે એ માટે જાણી જોઈને સમય બગાડ્યો હતો અને જસપ્રીત બુમરાહને પરેશાન કર્યો હતો. મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટના છેલ્લા દિવસે રવીન્દ્ર જાડેજા (અણનમ ૧૦૭) અને વૉશિંગ્ટન સુંદર (અણનમ ૧૦૧) સેન્ચુરીની નજીક હતા ત્યારે ટેસ્ટ વહેલી ડ્રૉ કરવાની (બદદાનત સાથે) દરખાસ્ત લઈને આવેલા બેન સ્ટૉક્સને જાડેજા-વૉશિંગ્ટને ના પાડી એટલે સ્ટૉક્સ રિસાઈ ગયો હતો. જોકે હકીકતમાં ભારતીય બૅટ્સમેનોએ તેને તેની જ મેડિસિન આપી તો તેનું મોં કડવું થઈ ગયું. ઓવલની નિર્ણાયક ટેસ્ટમાં શાંત પ્રકૃતિવાળા બે હરીફ ખેલાડીઓ સામસામે આવી ગયા એને લીધે પણ ટેસ્ટ ક્રિકેટ થોડી ચકચારમય થઈ હતી. જો રૂટ ક્યારેય કોઈ વિવાદમાં પડતો નથી, પરંતુ પ્રસિદ્ધ ક્રિષ્નાએ તેને તેના ફિટનેસ અને ફૉર્મના વખાણ કર્યા તો એને તે ટકોર સમજી બેઠો અને ક્રિષ્નાને ગાળ આપી હતી. જોકે અમ્પાયરે છોડાવ્યા એટલે વાત ત્યાં જ ખતમ થઈ ગઈ હતી.

આવા બીજા કેટલાક નાના-મોટા બનાવો સિરીઝ દરમ્યાન બન્યા જેને લીધે ટેસ્ટ ક્રિકેટ વધુ ચર્ચાસ્પદ થઈ. અધૂરામાં પૂરું, રિષભ પંતે હાથની આંગળીની ઈજા અવગણ્યા બાદ પગમાં ફ્રૅક્ચર હોવા છતાં બૅટિંગ કરી ત્યારે અનેક ક્રિકેટચાહકો ભાવુક થઈ ગયા હતા. છેલ્લે


જાડેજાએ યાદગાર સદીથી ટેસ્ટ ડ્રૉ કરાવ્યા બાદ મૅન્ચેસ્ટરની ભૂમિને નમન કર્યા હતા.

ક્રિસ વૉક્સે ખભો ઊતરી જવા છતાં પાટો બંધાવીને (સ્લિંગર સાથે) બૅટિંગ કરીને ટેસ્ટ ક્રિકેટનું માહાત્મ્ય વધારી દીધું હતું.

શુભમન ગિલની આગેવાનીમાં ભારતીય ટીમ લગભગ બે મહિના ઇંગ્લૅન્ડમાં રહી, પણ એમાં પાંચ ટેસ્ટના કુલ પચીસ દિવસ ગણીએ તો એમાં કુલ ૭,૧૮૭ રન થયા હતા. ૧૯૯૩ની ઍશિઝ સિરીઝના કુલ રનનો ૭,૨૨૧ રનનો વિશ્વવિક્રમ માત્ર ૩૫ રન માટે તૂટતા રહી ગયો હતો. ભારત અને ઇંગ્લૅન્ડના બૅટ્સમેનો વચ્ચે કુલ ૧૯ સેન્ચુરી પાર્ટનરશિપ થઈ, ગિલની ડબલ સેન્ચુરી સહિત કુલ ૨૧ સેન્ચુરી નોંધાઈ જેમાં ભારતીયોએ એક સિરીઝમાં ૧૨ સેન્ચુરી ફટકારવાનો પોતાનો નવો વિક્રમ રચ્યો, શ્રેણીમાં કુલ મળીને ૧,૮૬૧ ઓવર બોલિંગ કરવામાં આવી અને કુલ મળીને ૪૧ કૅચ ડ્રૉપ થયા. કૅચ પડતાં મુકાતાં જે તે મૅચમાં ટર્ન આવ્યા હતા અને આ લૉન્ગેસ્ટ ફૉર્મેટ વધુ એક્સાઇટિંગ થઈ ગઈ હતી.

ઢગલો રન થયા, વિવાદો પણ થયા અને અસંખ્ય કૅચ પણ છૂટ્યા એમ છતાં સિરીઝનું સ્પષ્ટ રિઝલ્ટ ન આવ્યું. જોકે શ્રેણી ૨-૨થી ડ્રૉમાં ગઈ એ પણ એક રીતે ટેસ્ટ ક્રિકેટની જીત સમાન છે. હવે પછી બન્ને દેશની પોતપોતાની નવી ટેસ્ટ-શ્રેણી ક્યારે રમાશે એની ક્રિકેટપ્રેમીઓ કાગડોળે રાહ જરૂર જોશે. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ તરફથી તો નિવેદન આવી જ ગયું છે કે ભારત-ઇંગ્લૅન્ડની સિરીઝમાં જે હળવા વાદવિવાદો થયા અને યુવા ખેલાડીઓએ જે ધમાકેદાર પર્ફોર્મ કર્યું એની આડકતરી સકારાત્મક અસર ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડ વચ્ચેની આ વર્ષની ઍશિઝ સિરીઝ પર જોવા મળશે. ટૂંકમાં, ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફીએ ઍશિઝને અત્યારથી જાનદાર બનાવી છે. આઇસીસી વર્ષોથી ટેસ્ટ ક્રિકેટને રોમાંચક બનાવવા પ્રયત્નશીલ છે ત્યારે ભારત-ઇંગ્લૅન્ડની એક જ શ્રેણીએ આ ફૉર્મેટને સજીવન કર્યું છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com


# માઉન્ટ ફુજી-પોપ કલ્ચર આઇકોનોગ્રાફીનો ચેમ્પિયન...

કાચી કાચી યામાની વાર્તામાં ત્યાંના રેમ્પ પરથી આગળ વધીને ફુજીના જે વ્યૂઝ દેખાયા તેને જોવાનું અમે જરાય ચૂક્યાં નહીં. એક જમાનામાં ભલે ત્યાં લોકવાયકાઓ બને તેવી ઘટનાઓની કલ્પના થઈ હોય, આજે તો ત્યાં ટૂરિસ્ટને મજા આવે તેવા ફોટા પાડી શકાય તેવા ખૂણા ઊભા કરવામાં આવ્યા છે. અત્યાર સુધી બધે અમે સવારથી જાપાનીઝ, ચાઇનીઝ અને અંગ્રેજી સાંભળતા આવ્યાં હતાં, પણ ફુજીના ફોટા પાડવાની આસપાસ અચાનક ગુજરાતી સંભળાવા લાગ્યું.

હવે માઉન્ટ ફુજી જોવા માટે થોડાં ગુજરાતીઓ તો આવ્યાં જ હોય ને. દુનિયામાં ક્યાંય પણ ગુજરાતી બોલતાં લોકો મળી જાય તેની અમને એક ઘડી માટે પણ નવાઈ નથી લાગતી. ઊલટું ન દેખાય કે ન મળે તો પ્રશ્ન થાય કે આ સ્થળ હજી એટલું લોકપ્રિય નથી બન્યું લાગતું. તેમને ફોટો પાડી આપવાનું અમે ઓફર કર્યું. તેમણે અમારો ફોટો પાડી આપ્યો. આમ તો મોટાભાગે સેલ્ફીથી કામ ચાલી જતું હોય છે, પણ અહીં વ્યૂઝ જ એવા હતા કે માણસને જરા બેકગ્રાઉન્ડ પણ સારી રીતે આવે તે જોઈએ. હવે ટ્રાઇપોડની જવાબદારી લઈને ફરવા જેવું લાગતું ન હતું. ખાસ તો એટલા માટે કે ક્યાંય જઈને પ્રોફેશનલ ફોટોગ્રાફીનો કોઈ ઇરાદો ન હતો. હવે હજારો ફોટા માત્ર યાદગીરી માટે પાડવામાં આવે છે અને તેનાં ફોલ્ડરો સ્ટોરેજમાં પડ્યાં રહે છે.

મુંબઈના એક ગુજરાતી કપલે અમને ફોટો પાડી આપ્યો અને અમે તેમનો, તે પછી થોડી ગપશપ પણ થઈ. તેમને પણ જાપાનમાં ઘણી જગ્યાએ ગુજરાતીઓ મળી જતાં હતાં. તેમની આઇટનરરી અમારા કરતાં સાવ વિપરીત હતી. એ લોકો હવે હાકોને જવાનાં હતાં. અમે હાકોનેના અનુભવોની થોડી વાતો કરી. તેમના ગ્રુપનાં સાથે આવેલાં લોકો એક ફોટો પોઇન્ટ ગયેલાં. હવે તેમને ત્યાં જવું હતું. એ પોઈન્ટ વિષે અમે વાંચી ચૂક્યાં હતાં. ત્યાંથી પણ ફુજી તો એ જ દેખાવાનો હતો, પણ ત્યાં બે હીંચકા એવી રીતે ગોઠવેલા હતા કે પાછળથી એક વિશેષ ફોટો પાડી શકાય. અને અમે હાકોનેના અનુભવ પછી કોઈ પણ ફોટો માટે લાઇનમાં ઊભા રહેવા માટે તૈયાર ન હતાં. એટલે તેમને તેમના લાઈનમાં ઊભા રહેવાનાં એડવેન્ચર તરફ વળાવી અમે થોડી વાર અલગ અલગ ખૂણેથી ફુજીનો વ્યૂ માણ્યો.

હજી આગલા દિવસે અમે આ જ પહાડને જોવા










તરસી ગયેલાં. અને હવે જ્યાં પણ નજર નાંખો ફુજી દેખાઈ જ જતો હતો. ખરેખર પોપ કલ્ચરમાં આ પહાડની શું ગજબની આઇકોનોગ્રાફી કરવામાં આવી છે. અલગ અલગ ફુજી શેપમાં કપ્સ અને બરણીઓ, તેનાં ચિત્રોવાળી કિચનની, ડાઇનિંગની, સ્ટેશનરીની, રમકડાંની, બ્યુટી રિલેટેડ અને જિંદગીનાં કોઈ પણ પાસાંને સ્પર્શી જતી બાબતનાં ફુજી શેપનાં સુવિનિયર તમને મળી શકે. ત્યાં પહાડ પર જ નાનકડો સુવિનિયર સ્ટોર પણ હતો. ત્યાં તો ફુજી શેપની કેક પણ મળતી હતી અને બિસ્કિટ પણ. કાવાગુચિકોના કોઈ પણ પાર્ટમાં ખરા ફુજીની સામે ન જોતાં હોવ તો પણ ફુજી કોઈ ને કોઈ સ્વરૂપે તમારી સામે આવી જ જવાનો છે.

આ અનોખો પહાડ તેના પરફેક્ટ કોન શેપને કારણે વધુ પડતો આકર્ષક લાગતો હતો. વળી તે બધી તરફથી એકલો ઊભો છે, અને આસપાસમાં સાવ લેટ ગ્રાઉન્ડ છે. એટલે ફુજીને વાદળો ન ઢાંકી દે તો તેને ઇગ્નોર કરવાનું શક્ય જ નથી. ૧૭૦૭માં છેલ્લે ત્યાંનો જ્વાળામુખી ફાટ્યો હતો. બાકી આજે તો ફુજી શાંત છે અને પોતાની લોકપ્રિયતા એન્જોય કરતો હોય તેવું લાગતું હતું. ૧૨,૩૮૯ ફીટની હાઈટ પર આ એક્ટિવ વોલ્કેનોની પહાડની સરફેસ તો નેશનલ પાર્કની જાપાની નેશનલ લેન્ડ જ છે, પણ તેની ટોચના વિસ્તારની જમીન શિન્ટો શ્રાઇનની માલિકીની છે. ફુજીની ટોચ સુધી પહોંચવાના આમ તો ઘણા રસ્તા છે, પણ તે બધા રસ્તા સરળ નથી. યોશિડા ટ્રેલ સૌથી સરળ માનવામાં આવે છે. તે આમ તો માંડ ૬.૮થી ૭ કિલોમીટરની જ છે, પણ તેને કરવામાં સાતથી વધુ કલાકો લાગી શકે. વળી તેમાં ઠેર ઠેર ફર્સ્ટ એઇડનાં બૂથ પણ છે. ફુજીની હાઈક માટે ફિટનેસની સાથે સાથે પૂરતી તૈયારી જરૂરી છે. જોકે તેનું ડિફિકલટી લેવલ એવરેસ્ટ બેઝ કેમ્પ કે કિલિમાન્જારો સાથે સરખાવી શકાય તેવું નથી.

કોઈ પહાડને જોઈને કહી શકાય કે લોકો તેના પ્રેમમાં પડી જતાં હશે? કદાચ એવું કહી શકાતું હોય, તો તે ફુજી માટે જ હોઈ શકે. જાપાનીઝ તો તેને પૂજનીય માને જ છે, ફુજીની પોતાની લોકવાયકાઓની કોઈ કમી નથી. ત્યાં દર વર્ષે ત્રણ લાખથી વધુ હાઇકરો ચઢાઈ કરવાનો પ્રયત્ન કરે છે. અમે આ ટ્રિપમાં તો ફુજીની કાઈ હાઇક પ્લાન નહોતી કરી, પણ ભવિષ્યમાં ઘણી વાર જાપાન આવ્યા કરીશું, તો ક્યારેક ફુજી પાસે જ રહીને તેની આસપાસના અને થોડે ઉપર સુધી લઈ જતા બાઇકિંગ ટ્રેક પર સાઈકલ ચલાવીશું તેની ચર્ચા થઈ. જાપાનીઝ શહેરોમાં જરા વધુ પડતી ચહેલપહેલ છે, પણ ત્યાં શાંતિથી માત્ર રિલેક્સ થવા જવું હોય તો ફુજી આસપાસના કોઈ ઓનસેન એટલે કે સ્પા રિસોર્ટ પર પહોંચી જાઓ તો પણ ચાલે. ઓનસેનમાં રહીને બાઈક રાઇડ પ્લાન કરવાની કે પછી કોઈ લોકલ ઘરનો અનુભવ કરાવતા એરબીએન્ડબીમાં રહેવાનું, બસ પ્લાન ફુજીની આસપાસ બનવો જોઈએ.

તે સમયે ફુજીનાં વ્યૂઝ, માહિતી, વાર્તાઓ અને વાતો વચ્ચે સુવિનિયર સ્ટોરમાં ખ્યાતનામ કલાકાર હોકુસાઈની '૩૬ વ્યૂઝ ઓફ ફુજી' ચિત્રોની સિરીઝમાંથી થોડાં ચિત્રો પોસ્ટકાર્ડ તરીકે જોવા મળ્યાં. આ પહાડ પોતાનાં અનોખા પ્લેસમેન્ટ અને વ્યૂથી દુનિયાનું દિલ જીતી ચૂક્યો છે. ■

### ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# શું કોઈ પ્રધાનમંત્રી કેમેરામેન પર કેળાની છાલ ફેંકે ખરા?

## થાઈલેન્ડના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી વિવાદની વાતમાં ટ્રમ્પના જોડિયા ભાઈ જેવા હતા!

ટ્રમ્પની ડાગળી ફરી ચસકી છે. 'મિત્ર' ભારત પર એમણે હમણાં જ ૫૦% ટૅરિફ ફટકાર્યો છે...

ભારત દુનિયાની ચોથા ક્રમની વિશાળ અર્થવ્યવસ્થા છે, છતાં ટ્રમ્પ કહે છે કે ભારતનું અર્થતંત્ર સાવ ખાડે ગયું છે ! વિશ્વમાં સૌથી વધુ યુવા વસતિ ભારત પાસે છે. ૨૦૩૦ સુધીમાં ભારત વિશ્વમાં ત્રીજા કર્મનું અર્થતંત્ર બને એવી ય ધારણા છે. ૧૯૯૨ પછી નરસિંહ રાવ અને ડૉ. મનમોહનસિંહની જોડીએ જે આર્થિક સુધારા અમલમાં મૂક્યા એના કારણે ભારતીય અર્થતંત્ર ઉત્તરોત્તર પ્રગતિના પંથે રહ્યું છે. એ પછીની દરેક સરકારો એમાં યથાશક્તિ ફાળો આપતી રહી. વીસમી સદીના છેલ્લા દાયકાથી એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે વૈશ્વિક ફલક પર ભારતીય અર્થતંત્રની અવગણના કરવાનું કોઈને ન પાલવે. તેમ છતાં અમેરિકાને ફરી વખત ગ્રેટ બનાવવા જીદે ચડેલા ટ્રમ્પે આપણી અર્થવ્યવસ્થાને 'ડેડ ઇકોનોમી' કહેવાની જુર્રત કરી છે. આવા લવારાથી ટ્રમ્પની પોતાની જ આબરૂ ઓછી થઇ રહી છે.

ખેર, અહીં આપણે ટ્રમ્પ વિશે ઝાઝું લખવાની જરૂર નથી, પણ જરા વિચાર કરો, દુનિયામાં ટ્રમ્પની માફક આડેધડ સ્ટેટમેન્ટ્સ આપીને પોતાની જ આબરૂનાં ધજાગરાં ઉડાડનારા બીજા ય લીડર્સ પણ હશે ને?

તાજો ભૂતકાળ તપાસતા થાઈલેન્ડના ભૂતપૂર્વ નેતા પ્રયુથ ચાન ઓશા યાદ આવી જાય... પોતાના પ્રજાજનોમાં મોટી આશાઓ જગાવીને સત્તાના સિંહાસને બેઠેલા આ ભાઈ પોતાના કાર્યકાળ દરમિયાન મીડિયા ગજવતા રહ્યા. થાઈલેન્ડની સેનાના ઉચ્ચ અધિકારી તરીકે કામ કરતા પ્રયુથ ૨૦૧૪માં લશ્કરી બળવા દ્વારા થાઈલેન્ડના પ્રધાનમંત્રી બન્યા, પણ સુશાસન આપવાને બદલે આ ભાઈ સતત બેજવાબદાર નિવેદનો સાથે ગેરવાજબી વર્તણૂક પણ કરતા રહ્યા.

પ્રયુથે પોતાના રાજકીય વિરોધીઓની મોટા પાયે ધરપકડ કરી. ઉપરાંત દક્ષિણી થાઈલેન્ડમાં અરાજકતાની પરિસ્થિતિ હતી ત્યારે જાન્યુઆરી- ૨૦૧૮માં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં પ્રયુથ આ તમામ વિષયો વિશે પત્રકારો સાથે ચર્ચા કરશે અને પ્રશ્નોના ઉત્તરો આપશે એવી સંભાવના હતી.

પત્રકારો એ કોન્ફરન્સ માટે ભેગા થયા. પણ ત્યાં તો નવું જ કૌતુક જોવા મળ્યું. પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો સમક્ષ પ્રયુથનું પૂર્ણકદનું કટઆઉટ ખડું કરી દેવામાં આવ્યું હતું ને પત્રકારોને કહેવામાં આવ્યું કે 'તમે આ કટ આઉટ સાથે સવાલ-જવાબ કરો! ' પ્રેસ સાથે પ્રયુથના સંબંધો હંમેશથી ચર્ચાસ્પદ રહ્યા. થાઈલેન્ડનું મીડિયા લશ્કરી બળવા થકી સત્તા હાંસલ કરનાર પ્રયુથના જૂથનું હંમેશથી ટીકાકાર રહ્યું છે. સામે પ્રયુથ પણ મીડિયાને ભાંડવાનો એક્કેય મોકો છોડતા નહિ. એક વાર પ્રયુથે પ્રેસ પર આક્ષેપ મૂકતા કહ્યું કે આ લોકો સત્ય નથી દેખાડી રહ્યા. સાથે જ એમણે પત્રકારોને ખુલ્લેઆમ ધમકી આપી, કે જે રિપોર્ટર્સ તાબે નહિં થાય એમને ખતમ કરવામાં આવશે!



થાઈલેન્ડના ભૂતપૂર્વ નેતા પ્રયુથ ચાન ઓશા

૨૦૧૫નો આ મામલો વૈશ્વિક સ્તરે ઉછળ્યો અને થાઈલેન્ડના વિદેશ મંત્રાલયે મામલા ઉપર રાખ વાળવાની કોશિશ કરતા કહી દીધું, 'સાહેબ તો મજાક કરતા હતા!'

બોલો, આ તે કેવા વડા પ્રધાન, જે મજાક મજાકમાં પત્રકારોને ખતમ કરવાની ધમકી આપે! એ જ વર્ષે એક રાજ્યમાં અરાજકતાને પગલે માર્શલ લો લાગ્યો. એ માંડ હટ્યો ત્યાં એનાથી ય ખતરનાક કાયદો અમલમાં મુકાયો અને દમનની ફરિયાદો ઊઠી. મીડિયાએ એ બધું છતું કરીને છાપ્યું તો સાહેબ બરાબર ચિડાયા અને એવી સ્પષ્ટ જાહેરાત કરી દેવામાં આવી કે 'હવે જો કંઈ આડુંઅવળું છાપશો તો પ્રેસ સેન્સરશિપનો ભોગ બનશો - તમારું મીડિયા હાઉસ બંધ કરી દેવામાં આવશે...!'

પ્રયુથની આવી 'મજાક' જરા વધુ પડતી હાઈ વોલ્ટેજની રહેતી. એક વાર સાહેબ જાહેરમાં ટોળે વળીને ઊભા હતા. મીડિયાનો કેમેરા ચાલુ હતો અને સાહેબ કેળું ખાતા ખાતા વાતચીત કરી રહ્યા હતા. કેળું ખવાઈ રહ્યું એટલે એની છાલ સીધી કેમેરામેન પર ફેંકીને સાહેબે ચાલતી પકડી! કોઈ દેશના સર્વોચ્ચ પદે બેઠેલા માણસે કેમેરામેન પર કેળાની છાલ ફેંકી હોય એવી આ એકમાત્ર ઘટના હશે. આજેય યુટ્યૂબ પર એ ઘટનાનો વીડિયો છે.

આવો માણસ રાજકીય વિરોધીઓની સાન ઠેકાણે લાવવા કશુંક ગતકડું ન કરે તો જ નવાઈ. પ્રયુથ મહાશયે પોતાના પોલિટિકલ વિરોધીઓ માટે 'એટિટ્યુડ એડજસ્ટમેન્ટ પ્રોગ્રામ' શરૂ કરેલો. નામ ઉપરથી એવું લાગે કે જાણે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટેનો કોઈ વિશેષ કોર્સ હોય! હકીકતમાં તો આ રૂપકડા નામ હેઠળ રાજકીય વિરોધીઓની ધરપકડ કરીને કડક પૂછપરછ કરવામાં આવતી, જેથી એ લોકો માનસિક રીતે ભાંગી પડે અને ઘૂંટણ ટેકવી દે. આ રીતે અટકાયત કરાયેલા લોકોમાં ભૂતપૂર્વ ધારાસભ્ય અને કેન્દ્રીય મંત્રીનો ય સમાવેશ થતો હતો.

વિરોધીઓનો 'પોલિટિકલ એટિટ્યુડ' આ રીતે સેટ કરવા તત્પર પ્રયુથ ખુદના મંત્રીઓ તરફ બહુ દયાભાવ રાખતા. એક વાર ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ખુદ ભ્રષ્ટાચારના આરોપનો ભોગ બન્યા. પ્રયુથની સરકારમાં નંબર-ટુનું સ્થાન ભોગવતા જનરલ પ્રવિત વોન્ગસુવાન રક્ષામંત્રીનો હોદ્દો શોભાવતા. પ્રવિતનો એક ફોટોગ્રાફ વાયરલ થયો જેમાં એમણે અત્યંત કિમતી રિસ્ટ વોચ અને હીરાની મોંઘીદાટ વીંટી પહેરેલી. પ્રવિતના પગાર ધોરણ મુજબ આવી વૈભવી વસ્તુ કોઈ કાળે ન પોસાય. પછી તો પબ્લિક પાછળ પડી ગઈ અને પ્રવિતના અઢળક ફોટોગ્રાફ્સનું પોસ્ટમોર્ટમ કરી નાખ્યું. એ પરથી માલૂમ પડ્યું કે પ્રવિતકુમાર પાસે એક-બે નહિં, પણ પચ્ચીસ જેટલી મોંઘીદાટ કાંડાઘડિયાળોનો ખજાનો છે. મીડિયા પ્રધાનમંત્રી પ્રયુથ પાસે આનો જવાબ માગવા માંડ્યું. કારણકે પ્રયુથે આગલી સરકારના ભ્રષ્ટાચારના વિરોધમાં જ તો લશ્કરી બળવો કરીને સત્તા મેળવેલી. હવે એનો પોતાનો જ મંત્રી આવો ભ્રષ્ટાચારી નીકળે એ કેમ ચાલે!

જોકે એક રીઢા રાજકારણીને છાજે એવી રીતે એમણે કહી દીધું કે કાંડા પર કઈ ઘડિયાળ પહેરવી એ ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટરનો 'અંગત મામલો' છે. તેમ છતાં જો એમણે ભ્રષ્ટાચાર કર્યો હશે તો કાયદો કાયદાનું કામ કરશે. લો બોલો!

સામી તરફ ડેપ્યુટી પીએમ પ્રવિતે જાહેર કર્યું કે : 'ભાઈસા'બ, તમે બધા અમથા આદું ખાઈને મારી પાછળ પડ્યા છો. આ બધી ઘડિયાળ તો મારા એક સ્વર્ગીય મિત્રે મને ભેટમાં આપેલી. બસ, મામલો પૂરો...ઈશ્વર આવો મિત્ર સહુને આપે!

જો કે પ્રયુથ માત્ર ભ્રષ્ટાચાર કરતા કે કડક હાથે કામ લેતા, એવું કહેવું વધુ પડતું છે. એ તો બાપડો કવિજીવ પણ ખરો. રેકોર્ડ્સ મુજબ એણે છ જેટલાં પોપ સોન્ગ્સ લખ્યા છે, જેમાં વેલેન્ટાઈન ડે નિમિત્તે લખાયેલા ગીતથી માંડીને 'ફાઈટ ફોર ધી નેશન' જેવાં ગીતોનો સમાવેશ થાય છે. એક વાર એમણે થાઈલેન્ડના લોકોને ધમકી આપતા કહેલું કે હું ધારીશ તો આજીવન પ્રધાનમંત્રી બની રહીશ... પણ દેશના નસીબ સારા એટલે ૨૦૨૩માં પ્રયુથ સાહેબ ઇલેક્શનમાં હારીને ઘરભેગા થઇ ગયા. ■

### મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મેળાની મોજ કરી લેજો, વહાલા...



મેળાના મેદાનમાં પ્રવેશતા જ આંખુ ચકડોળની જેમ ચકળ વકળ ફરવા માંડે, ગમતી વ્યક્તિ સાથે આંખ ચાર કરવા ચિત્ત વ્યાકુળ થઈ ઊઠે. મેળામાં એકલા હોય તેવું લાગે અને જેવી 'એણે' કીધેલી જગ્યાએ એ દેખાય ત્યાં તો હૃદયમાં મોતના કૂવામાં ચાલતા સ્કૂટર જેવું ઘમસાણ સર્જાય. પછી બે'ય એકલા હોય તો પણ મેળો, મેળો... આ છે જુવાનિયાવની મેળાની વ્યાખ્યા. આમ તો મેળા કેટલાંય પ્રકારના હોય છે. અમુક તો સરકાર આયોજિત હોય છે, જેમાં જન્માષ્ટમીનો મેળો, ગરીબ કલ્યાણ મેળો, સરકારી યોજનાના જુદા જુદા મેળા... જોકે, આ બધાની વચ્ચે જુવાનિયાઓને બે પ્રકારના મેળા પસંદ પડે. એક : જન્માષ્ટમીનો મેળો અને બીજો જ્ઞાતિ આધારિત પસંદગી મેળો.

આજે જન્માષ્ટમી નજીક છે એટલે એ મેળાની વાત કરાય અને એમાં સરખું આવે તો જ્ઞાતિ પરિચય મેળામાં જવાની જરૂર ન પડે.

અમારો સ્વાનુભવ કહીએ તો ચૂનિયો એટલો હોશિયાર માણસ છે કે અમારા રૂપિયે આખો મેળો માણે અને 'છેલ્લે હું કંઈક ખવડાવીશ' એવું વચન આપ્યું હોય એટલે અમે પણ હોંશે હોંશે ખર્ચ કરતા જઈએ. ગયા વર્ષે કુલ ૭૪૫ રૂપિયાનો ખર્ચ કરાવ્યા પછી ખાવાની ઉઘરાણી કરી એટલે તરત જ ગીર્દી વાળી જગ્યા તરફ આગળ વધ્યો અને એક- બે બહેનોની એવી મસ્તી કરી કે બેફામ ગાળો મળી. આ પૂરું થયું એટલે અમને એમ કે ચૂનિયો હવે તો ખવડાવશે એટલે ફરી ઉઘરાણી કરતા તરત જ જવાબ આપ્યો : 'અલ્યાઓ, આટલી બધી ગાળો તો ખવડાવી, હવે ઇચ્છા હોય તો માર ખવડાવવાની આપણી તૈયારી છે...'

જો હિન્દી સંગીતકારોને નવા કંપોઝિશન ન સૂઝતા હોય તો એકવાર અમારા સૌરાષ્ટ્રના મેળામાં ચક્કર મારવું. મેળાની ખાસિયત હોય છે કે બે બાજુ લાઉડ સ્પીકરના ભૂંગળામાં સામસામે ગીતોનું યુદ્ધ ચાલતું હોય કેમ કે બધાને પોતાનો માલ વેંચવો હોય એટલે શોધી શોધીને ગીતોનો મારો ચાલતો હોય. સંગીતકાર જો વચ્ચોવચ ઊભા રહી જાય તો ચારે બાજુનું મિશ્રિત સંગીત તેને નવા કંપોઝિશન ન સૂઝાડે તો કહેજો. માત્ર સંગીત જ નહીં, અહીં જાતજાતના વોઇસ ઓવર આર્ટિસ્ટ પણ મળી રહે. હિન્દીભાષી મોતના કૂવાવાળા અને ચકડોળવાળા ગુજરાતીઓને લલચાવવા માટે જે હથોડા છાપ ગુજરાતી બોલે એ વોઇસ ઓવર તો ક્યાંય સાંભળવા ન મળે. સવારથી સાંજ સુધી સતત એમની રેકર્ડ ચાલુ હોય ત્યારે સાંજ પડ્યે ટ્રેક ઘસાયા પછીનો એમનો અવાજ માણવાલાયક હોય છે, જેમકે 'મોતના કૂવા જોવા.. આવો આવો.. બીસ રૂપિયામાં છોકરી ગાડી ચલાવવાના.. થોડા જ સીટ બાકી... જલદી કરવાના...શો ચાલુ કરવાના ટાઇમ થઇ ગયા છે. આવો આવો આવો..' તરત જ એક કડી ગીત વાગે 'સુનકે તેરી પુકાર.. સંગ ચલને કો તેરે કોઈ હો ના હો તૈયાર હિંમત ના હાર' પાછો તરત જ અવાજ આવે 'ચાલો ચાલો ચાલો.. બાબાએ જોયા, બાબાના બાપુજીએ જોયા. તમે રૈ ગ્યા. બીસ રૂપિયામાં મોતના કૂવા'.

આ ગીત તો ગોખાય ગયું છે કેમ કે વર્ષોથી આ એક જ ગીત વાગે છે પણ હું ખાસ ત્યાં ઊભો રહું આ સાઉથ ઇન્ડિયન ટોનમાં બોલાતા ગુજરાતી સાંભળવા...

દરેક મેળા પછી અમારે ચૂનિયાની ડોકીનો ઇલાજ કરાવવાનો જ હોય. જો કોઈ રાઇડ્સમાં સારું પાત્ર જોઈ ગયો હોય તો પાલખીની સાથોસાથ એટલી વાર ડોકા ધુણાવ્યા હોય કે જેવો તેવો હોય તો ચક્કર આવી જાય. મેળ તો હજુ સુધી પડ્યો જ નથી પણ આદત થોડી છૂટે! અમારો ચૂનિયો ફેમિલી સાથે નીકળો હોય ત્યારે એનો છોકરો એક ફૂગ્ગા માટે આખો મેળો રડતા રડતા ફર્યો હોય, પણ જો ચૂનિયો અમારી સાથે હોય અને કોઈ હસીને સામે જુએ અને સાથે જો નાનો છોકરો હોય તો ચૂનિયો પાંચથી ઓછા ફૂગ્ગા ન જ અપાવે અને પાછો બોલે પણ ખરો કે 'સરસ મમ્મી જેવો જ ક્યૂટ છોકરો છે'...

આમ જુઓ તો મેળો એ સંસ્કૃતિનું પ્રતીક છે. સૌરાષ્ટ્રના મેળામાં હજુ એ છાંટ રહી છે. તરણેતરનો મેળો તો જગ વિખ્યાત છે. ભૂરિયાઓ વિદેશથી પણ માણવા આવે છે, પણ આપણા હાઇ પ્રોફાઇલ કહેવાતા દેશી- વિદેશીઓ મેળાનું નામ આવતા જ કહે કે 'બહુ ડર્ટી હોય'. પણ જેણે ધૂળ સાથેનો સંબંધ મૂક્યો છે એ જીવનની સાચી મઝા માણી નથી શક્યો. જેટલી અગવડતા એટલી જ મઝા તમે મેળામાં માણી શકો...હા, શરત એ છે કે મહોરુ ઉતારીને આવવું પડે. દરેક વરણને દિલ ફાડીને પ્રેમ કરવો પડે.. મેળો એ મનનો મેળ છે અને મેળ હોય તો જ મન પાંચમનો મેળો માણી શકાય.

આવો છો ને આ વખતે સૌરાષ્ટ્રમાં...અમારા મેળા જોવા?

**વિચાર વાયુ:**

*ટેટુ ડ્રો કરાવવાવાળા માટે મેળો નથી,*
*અહીં છૂંદણાંની બજાર લાગે છે.*

### સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# કેવા પ્રકારનો બદલાવ સ્વીકૃત રહે?

બદલાવ જરૂરી છે. બદલાવ હોવો જોઈએ. એક રીતે જોતા બદલાવ એ સાચી દિશામાં પ્રગતિની સંભાવના છે, જે કંઈ યોગ્ય પરિણામ નથી આપતું તેને બદલવું પડે. સમાજના દરેક અંગમાં બદલાવ તો આવતો જ રહે. કળા હોય કે વિજ્ઞાન, આર્થિક બાબતો હોય કે રાજકીય, સામાજિક વણાટ હોય કે વ્યક્તિગત તાર, ભાવનાત્મક રજૂઆત હોય કે ઉપયોગી પરિસ્થિતિ, તત્ત્વજ્ઞાનનો વિષય હોય કે સામૂહિક રજૂઆતની વાત - જીવનના પ્રત્યેક પાસામાં બદલાવ સ્વાભાવિક છે. સ્થાપત્ય એમાં અપવાદ ન હોઈ શકે. બદલાવ ક્રમશઃ સ્થપાતી પ્રક્રિયા પણ હોઈ શકે કે આકસ્મિક પરિણામ પણ. કોઈપણ પરિસ્થિતિમાં બદલાવ ચોક્કસ દિશા તરફ લેવાયેલું એક પગલું છે. જોવાનું એ હોય કે આ પગલાંમાં વ્યક્ત થતી દિશા યોગ્ય છે કે નહીં. સાથે એ પણ સમજવું પડે કે આ પગલાંમાં વ્યક્ત થતી ઝડપ, જે તે પરિણામ માટે, ઇચ્છનીય છે કે નહીં.

બદલાવ માટે કેટલીક બાબતો કારણભૂત હોય છે. બદલાવ પાછળનું એક કારણ એ હોઈ શકે કે હયાત પરિસ્થિતિ યોગ્ય પરિણામ આપવા સક્ષમ ન હોય. બદલાવ ત્યારે જ સંભવી શકે જ્યારે હયાત પરિસ્થિતિની સ્વીકૃતિ ઓછી થઈ જાય. ઘણી વાર કોઈ એક ક્ષેત્રમાં આવતા બદલાવ પાછળ અન્ય ક્ષેત્રોનો બદલાવ કારણભૂત રહે. ક્યારેક તો માત્ર બદલાવ ખાતર બદલાવ આવે તે પણ જરૂરી ગણાય. એકની એક પરિસ્થિતિ, પછી તે યોગ્ય હોય તો પણ, લાંબા સમય સુધી માનવી સ્વીકારી ન શકે. જ્યારે માત્ર બદલાવ ખાતર બદલાવ હોય ત્યારે તેના દૂરગામી પરિણામ વિશે વધારે ધ્યાન રાખવું પડે.

સ્થાપત્યની વાત કરીએ તો, બદલાવ ત્યારે જરૂરી બને જ્યારે બાંધકામની સામગ્રી અને તેના વપરાશની તક્નિક બદલાય, લાગુ પડતા કાયદામાં ફેરફાર થાય, ઉપયોગમાં લેવાતા ઉપકરણો તથા સંસાધનોમાં બદલાવ આવે, નવા જ પ્રકારની વિચારધારા માટે સ્વીકૃત ભૂમિકા બંધાય, જરૂરિયાત સામે પુરવઠાનું સંતુલન ખોરવાય, પ્રવર્તમાન આર્થિક સંજોગોમાં નાટકીય ફેરફાર થાય, રાજકીય કે સામાજિક પરિપ્રેક્ષ્યમાં નવા જ પ્રકારના સંજોગો ઊભા થાય, સમાજમાં વિજ્ઞાન અને કળા માટેનો અભિગમ બદલાય, સ્થાપત્ય માટેનો સમાજનો અગ્રતાક્રમ બદલાય, કોઈ બાહ્ય પરિસ્થિતિ એકાએક હાવી થતી જાય કે ચોક્કસ પ્રકારની આંતરિક પરિસ્થિતિને એકાએક વધુ મહત્ત્વ આપવાનું જરૂરી બને. સ્થાપત્યના ક્ષેત્રમાં બદલાવાનું એક મહત્ત્વનું પરિબળ છે, રચનાકારની - સ્થપતિની વિચારશીલતા. સ્થપતિ ક્યારેક વિદ્રોહી બની જાય, નવા જ પ્રકારના પ્રયોગો કરવા મન બનાવી લે કે







દૃઢતાપૂર્વક ચોક્કસ પ્રકારના સ્થાપિત હિતનો વિરોધ કરે. આ બધા સંજોગોમાં સ્થાપત્યમાં બદલાવ ઊભો થાય.

સાંપ્રત સમયમાં સ્થાપત્યમાં આવતા બદલાવ પાછળ મુખ્ય ત્રણ કારણો છે. ટેક્નોલોજીકલ એડવાન્સમેન્ટ - તક્નિકી ઉન્નતિ, વ્યક્તિગત ઘેલછા અને પર્યાવરણલક્ષી સંવેદનશીલતા. આ ત્રણેય બાબતો જુદા જુદા પરિણામ આપે છે.

જે બદલાવ માટે તકનીકી ઉન્નતિ કારણભૂત છે તે બદલાવ વધુ સ્વીકૃત બનતાં જણાય છે. અહીં ડિઝાઇનની પ્રક્રિયા પણ ક્યારેક મૂળથી બદલાઈ જાય છે જેને પરિણામે આખરી રચનામાં નાટકીય બદલાવ જોવા મળે છે. કોમ્પ્યુટર અને ચોક્કસ પ્રકારના સોફ્ટવેરને કારણે જે અમુક સમય પહેલા શક્ય ન હતું તે હવે શક્ય છે. આ પ્રકારની તક્નિકનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે અસરકારક બની શકે તે બાબત માટે સ્થપતિ સંવેદનશીલ હોય છે. આ પ્રકારના બદલાવમાં માત્ર એક પ્રશ્ન ઉભો થયો હોય તેમ જણાય છે. અહીં તક્નિકી બાબતો માનવીની સંવેદનશીલતા પર હાવી થતી હોય તેમ જણાય છે. આ ઇચ્છનીય નથી.

જે બદલાવ વ્યક્તિગત ઘેલછા આધારિત હોય તે વધુ જોખમી હોવાની સંભાવના રહે. આ પ્રકારની ઘેલછા જો પરિપક્વ ન હોય, પૂર્વગ્રહથી પીડિત હોય, પ્રશ્નને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવા સક્ષમ ન હોય, માત્ર જુદા પડવાની ભાવનાથી પ્રેરિત હોય કે અનિચ્છનીય બાબતોને આધારિત હોય તો પ્રશ્નો તો થવાના જ. સ્થાપત્યના ક્ષેત્રમાં, આજના સમયે, ઇચ્છનીય વિચિત્રતાને નામે એવા કેટલાક બદલાવ માટે પ્રયત્ન થાય છે કે જે લાંબા ગાળે સ્થાપત્યના ક્ષેત્ર માટે નુકસાનકારક બની રહે.

પર્યાવરણલક્ષી બદલાવ ઇચ્છનીય છે. અહીં સાંપ્રત શૈલીમાં જે સામગ્રી અને ઊર્જાનો વ્યય થાય છે તેને નિયંત્રિત કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવે છે. આવા પ્રયત્ન માટે સંવેદનશીલતા જોઈએ, યોગ્ય રીતે વિશ્લેષણ કરી શકે તેવી બૌદ્ધિકતાની પણ જરૂર રહે, રચનાત્મકતાની પણ જરૂર પડે, દરેક પરિસ્થિતિમાં જે તે બાબતની કાર્યક્ષમતા કેવી રીતે વધી શકે તેની પણ સમજ હોવી જોઈએ અને કુદરતની વિવિધ ઘટના માટે પ્રેમ હોવો જોઈએ. આ પ્રકારના પરિપ્રેક્ષ્યમાં પોતાના સામાજિક ઉત્તરદાયિત્વ માટે સ્થપતિએ વધુ કટિબદ્ધ રહેવું પડે.

આ પ્રમાણેના બદલાવથી સાંપ્રત સમયના અને ભવિષ્યના ઘણા પ્રશ્નોનું નિરાકરણ આવી શકે. અહીં કુદરત, સ્થાપત્ય અને માનવી વચ્ચે એક અર્થપૂર્ણ સંવાદ સ્થપાય. અહીં કુદરતી અને માનવ નિર્મિત પરિબળો વચ્ચે સંતુલન સ્થાપિત થાય. અહીં માનવી કુદરતના અસ્તિત્વને મહત્ત્વ આપે અને તેનું શોષણ બંધ કરે. સાથે સાથે પોતાની જરૂરિયાતો માટે માનવી સંયમ અને વિવેકનો ઉપયોગ કરતો થાય. તંદુરસ્ત સહ-અસ્તિત્વની ભાવનાથી આ પ્રકારના બદલાવ માટે જે પ્રયત્ન થાય છે તે ખરેખર પ્રશંસનીય છે. આ એક એવો બદલાવ છે કે જે સૃષ્ટિ તથા સમાજ, બંનેના ભવિષ્ય માટે આશા જગાવી શકે.

બાકી તો બદલાવના નામે ચારે બાજુ પતરાં જડી દેવાની, ચિત્ર-વિચિત્ર આકારો ઊભા કરી દેવાની, સ્થાપત્યની રચનામાં રહી ગયેલી ખરાબ બાબતોને યોગ્ય રીતે ઉકેલવાની અક્ષમતાને કારણે ચમકદમક ઊભી કરી દેવાની, ટૅક્નોલૉજીના નામે માનવીય પ્રમાણમાપ પર હાવી થઈ જવાની તથા મીડિયાના ચોક્કસ વર્ગ દ્વારા પોતાની પ્રશ્ન-જનક રચનાને સ્વીકૃત તરીકે સ્થાપિત કરવાની હોડ ચાલે છે. આ પ્રકારનો બદલાવ ઇચ્છનીય નથી. આ પ્રકારનો બદલાવ હાનિ પહોંચાડી શકે અને લાંબા ગાળે માનવ નિર્મિત વાતાવરણના માળખાની ગુણવત્તા ઘટાડી શકે. બદલાવ સંવેદનશીલ, રચનાત્મક, હકારાત્મક, કલાત્મક અને યોગ્ય દિશા આધારિત હોય તો જ તે મૂલ્યવાન બદલાવ કહેવાય. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# શું છે આ ‘ક્રાઉડફન્ડિંગ’...?

**ગયા અઠવાડિયે જ સમાચાર આવ્યા છે કે મુંબઈની ૮ મહિનાની એક બાળકીને કોઈ અસાધારણ બીમારીની સારવાર માટે ખાસ ઈન્જેકશનની જરૂર છે, જેનો ખર્ચ છે ૯ કરોડ રૂપિયા અને એ પણ માત્ર એક જ ઈન્જેકશનનો ! સારવાર માટે આવી જંગી રકમ મેળવવાનો એક જ ઉપાય છે ‘ક્રાઉડફન્ડિંગ’!**



સિયા : એકઠા થયા છે અઢી કરોડ અને જરૂર છે ૯ કરોડ રૂપિયા !






તીરા : પહેલાં અને આજે!
૧૬ કરોડ એકઠા થયા ક્રાઉડફન્ડિંગ દ્વારા



‘સાહેબ, અમારા ગામમાં એક બહુ જૂના મંદિરને રિપેર કરવા માટે અમે રકમ એકઠી કરી રહ્યા છીએ તમે પણ થોડો ચંદો- ફાળો આપોને..?’

તમારી ઘરકામવાળી બાઈ આદ્ર સ્વરે તમને આ કહે કે પછી ઑફિસનો કોઈ પ્યુન તમારી સામે પાવતીની બુક ધરે પછી એમની ધાર્મિક લાગણીને માન આપીને ય તમે તમારા દરજ્જાને છાજે એ મુજબ ફાળો આપશો- લખાવશો.

મહારાષ્ટ્રમાં ‘ગણપતિ બાપા’ આવવાના હોય કે ગુજરાતમાં નવરાત્રિ વખતે ‘મા અંબા’ની સવારી પધારવાની હોય કે બંગાળમાં ‘મા દુર્ગા‘નું આગમન હોય કે પછી દક્ષિણના કોઈ રાજ્યમાં કોઈ ઉત્સવ પર્વના દિવસો પહેલાં આવી જાહેર ફંડ-ફાળાની ક્રિયા-પ્રક્રિયા આપણે ત્યાં જૂની-જાણીતી છે. આ રીતે ફાળો એકઠો કરવો એમાં કોઈ છોછ કે નાનમ નથી. અને ફાળો આપનારી વ્યક્તિ પણ આને પોતાની એક સામાજિક ફરજ ગણે છે.

હવે આવા ‘સામાજિક ફંડ-ફાળાની પ્રવૃત્તિઓનું ફલક વિસ્તરી રહ્યું છે અને એના માટે એક નવો શબ્દ આપણા જીવન તેમજ શબ્દકોષમાં પ્રવેશી ચૂક્યો છે.

આ શબ્દ છે : ક્રાઉડફન્ડિંગ

અલબત્ત, એનો જાહેર વ્યાપ હજુ જોઈએ તેટલો નથી, છતાં આજકાલ અખબારો ટીવી ચેનલો અને સોશ્યલ મીડિયા પર એ વધુ ગાજે છે.

આનું કારણ કોઈ બાળની કથા- વ્યથા છે. ઉદાહરણ તરીકે તાજેતરમાં મુંબઈની એક બાળકીને ભાગ્યે જ જોવા મળે એવી એક બીમારી વળગી છે. ૮ મહિનાની એ બાળકીનું નામ છે સિયા...જન્મજાત એ ‘સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી ( ટાઈપ વન)’ નામથી ઓળખાતી બીમારીથી પીડાઈ રહી છે. આ એક ભાગ્યે જ જોવા મળે એવો રેર-વીરલ જિનેટિક ડિસઓર્ડર છે. આ એક પ્રકારની અનુવાંશિક વિકૃતિ છે, જેમાં બાળકીની માંસપેશીઓ એવી નબળી પડી જાય છે કે સિયા પોતાની મેળે હાથ-પગ કે માથું હલાવી નથી શકતી. એને દૂધ પીવામાં અને શ્વાસ સુધ્ધાં લેવામાં તકલીફ પડે છે... શરૂઆતમાં જોતાં જ પરાણે વહાલી લાગે એવી બેબી ડોલ સિયાની બીમારી પરખાઈ નહીં, પણ એ છએક મહિનાની થઈ ત્યાં સુધીમાં એની હાલત દિન પ્રતિદિન વણસતી ગઈ. આખરે એક પીડિયાટ્રિક ન્યુરોલોજિસ્ટએ નિદાન કર્યું કે સિયાને ‘સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી ( ટાઈપ વન)’ થી પીડાઈ રહી છે. વધુ તબીબી પરીક્ષણ પછી ખબર પડી કે એની સારવાર માટે એક ખાસ જિન થેરપીની જરૂર છે અને આ જિન થેરપીના એક ઈન્જેકશનની કિંમત છે ૯ કરોડ રૂપિયા...!

આ દુર્લભ બીમારીને ટૂંકમાં સમજાવી હોય તો કહી શકાય કે કુદરતી રીતે પ્રોટીન તૈયાર કરવા માટે શરીરમાં જે જીન જોઈએ એનો જન્મથી અભાવ હોવાથી અનાજનો કોળિયો કે પ્રવાહી સહજ રીતે ગળા નીચે ઊતરતા નથી.એટલું જ નહીં, શ્વાસ લેવામાં પણ તકલીફ પડે એટલી હદે કે ફેફસાં -મજ્જાતંતુ ને બીજાં સ્નાયુ પણ નબળાં પડતાં જાય અને દરદીને બચાવવા માટે કટોકટી ઊભી થાય છે. આવી પરિસ્થિતીમાં સારવાર માટે ખાસ અમેરિકાથી મંગાવીને એક વિશેષ પ્રકારના જીનના ઈન્જેકશન (‘ઝોલજેન્સ્મા’) આપવા પડે.

આ સારવારની જંગી રકમની જોગવાઈ પણ બની શકે એટલી ત્વરાથી કરવી પડે, કારણ કે આ બીમારીની સારવાર બાળક બે વર્ષનું થાય એ પહેલાં જ આપવી પડે તો જ એ કારગત નીવડે..

મુંબઈ-ડોમ્બિવલીમાં રહેતા મૂળ ભચાઉ કચ્છના લોહાણા પરિવારના સિયાના પપ્પા રોનક દક્ષિણી એક કંપનીમાં મેનેજર છે. મમ્મી ખ્યાતિ CA છે.

મધ્યમવર્ગ પરિવારના રોનકભાઈ ‘મુંબઈ સમાચાર’ને કહે છે કે ‘દીકરી સિયાની સારવાર માટે અમે અત્યાર સુધીની અમારી અંગત બચત ૩૦ લાખ રૂપિયા વત્તા વિવિધ ટ્રસ્ટ- સામાજિક સંસ્થાઓ-સેલિબ્રિટીસ ઉપરાંત ક્રાઉડ ફન્ડિંગ દ્વારા અમે રૂપિયા અઢી કરોડ એકઠા કરી શક્યા છે. વધુ ફંડ માટે પ્રયાસ ચાલી રહ્યા છે..’

સિયાને અત્યારે ઘેર જ પ્રાથમિક ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. જોઈતાં ઈન્જેકશન, ઈત્યાદિની રકમ એકઠી થશે પછી ખરી સારવાર શરૂ થશે...

સિયા પહેલાં આવો જ એક કિસ્સો તીરાનો છે. મુંબઈની તીરા જન્મી ત્યારે એ બીજાં નવજાત શિશુ જેવી જ હતી. મમ્મી પ્રિયંકા અને પપ્પા કામત બહુ ખુશ હતાં, જાણે ઘેર લક્ષ્મીનું આગમન થયું, પણ ન જાણે કેમ એમની લાડકીને કોઈની નજર લાગી હોય તેમ એની તબિયત વણસવા લાગી. પાણી-દૂધ જેવું પ્રવાહી લેતી વખતે એનો શ્વાસ રુંધાવા માંડતો. સામાન્ય રીતે પણ શ્વાસ લેતી વખતે પણ તકલીફ વધી જતી. ડોકટરોને પહેલી નજરે આ તકલીફનું કોઈ દેખીતું કારણ જોવાં-જાણવાં નહોતું મળતું, પાછળથી થયેલાં અનેકવિધ મેડિકલ ટેસ્ટ દ્વારા સાબિત થયું કે તીરાને ‘ સ્પાઈન મસ્ક્યુલર એસ્ટ્રોફી (SMA) જેવી વિકટ જન્મજાત બીમારી પજવે છે. આની સારવાર રૂપે ખાસ પ્રકારના ઈન્જેકશન, ઈત્યાદિ વિદેશથી મંગાવવા પડે, જેની કિંમત હતી અધધધ ૧૬ કરોડ રૂપિયા વત્તા ૩થી પાંચ કરોડ ઈમ્પોર્ટ ડ્યૂટી!

હવે તીરાની કથાનો ઉત્તરાર્ધ એ છે કે જીવલેણ બીમારીથી પીડાતી તીરા અને આર્થિક રીતે અસહાય એવાં એનાં મમ્મી-પપ્પાની કથની પ્રિન્ટ -ટીવી-સોશ્યલ મીડિયા પર જોઈ-વાંચીને ચોતરફથી માનવતાનું પૂર ઊમટ્યું આર્થિક સહાય રીતે અને એ શક્ય બન્યું ક્રાઉડફન્ડિંગના પ્રતાપે...!

વિદેશોની સરખામણીએ આપણે ત્યાં ક્રાઉડફન્ડિંગનો વિચાર -એનો અમલ પ્રમાણમાં ઓછો છે અને જે છે એમાં મેડિકલ ક્રાઉડફન્ડિંગને વધુ સફળતા મળે છે. બેબી તીરાને આવા ફંડ દ્વારા જે આર્થિક સહાય મળી છે એ આપણા દેશમાં સૌથી વધુ ને જંગી છે. આ રકમ એકઠી થઈ હતી મુખ્ત્ત્વે ‘ઈમ્પેકટ ગુરુ’ નામની ક્રાઉડફન્ડિંગ વેબસાઈટ દ્વારા. હા, તીરાના કેસમાં રૂપિયા બે કરોડ જેટલી રકમ ‘ગોફંડમી’ નામના ક્રાઉડફન્ડિંગ પ્લેટફોર્મે પણ ભેગી કરી આપી હતી... અને આ વિદેશી મેડિસીનની આયાત માટે ભરવી પડતી રૂપિયા ૩ કરોડની ઈમ્પોર્ટ ડ્યૂટી કેન્દ્ર સરકારે જતી કરી હતી ! આ રીતે મળેલી આર્થિક મદદથી થયેલી તબીબી સારવારથી અત્યારે તીરાની તબિયત ખાસ્સી સુધરી રહી છે. મુંબઈની બેબી તીરા માટે જે બહુ જ મદદરૂપ થયું એ ક્રાઉડફન્ડિંગ પ્લેટફોર્મ ‘ઈમ્પેકટ ગુરુ’ સિયાની તબીબી સરવાર માટે પણ ફંડ એકઠું કરી રહ્યું છે. ‘ઈમ્પેકેટ ગુરુ’ પાસે આજે ૩૦ લાખથી વધુ ડોનર્સ એટલે કે દાતા છે અને એણે આજ સુધીમાં ૨૫૦૦૦ થી વધુ દર્દીઓને તબીબી સારવાર માટે આશરે ૧૫૦ કરોડ રૂપિયાનું ભંડોળ ભેગું કરી આપ્યું છે.!

‘ઈમ્પેકેટ ગુરુ’ જેવું જ ફંડ એકઠું કરવા માટે જાણીતું પ્લેટ્ફોર્મ છે ‘કીટ્ટો’ (ketto.org). અત્યાર સુધીમાં ૧૧૦૦ કરોડ રૂપિયા એકઠા કરવાના દાવા સાથે દેશ-વિદેશમાં ૫૫ લાખ થી વધુ દાતા ધરાવતું આ પ્લેટફોર્મ રોગ- બીમારી ઉપરાંત ઉચ્ચ શિક્ષણ- વેપાર કે ઉદ્યોગિક સાહસ- સ્ટાર્ટઅપ કે પછી ફિલ્મ નાટક-નૃત્ય જેવાં અન્ય કળા- સંસ્કૃતિનાં અનેક ક્ષેત્ર માટે ભંડોળ ભેગું કરી આપવા માટે આગળ પડતું છે.

મુંબઈની બેબી તીરાને મળેલી જંગી તબીબી સહાયની વાત આપણે જાણી. તાજેતરમાં એના જેવી જ બીમારીથી ગ્રસ્ત કોલકાતાના ૬ મહિનાના દિન મોહમ્મદને પણ રૂપિયા ૧૬ કરોડની તબીબી સહાય ક્રાઉડફન્ડિંગની મદદથી મળી રહી છે. આજે દેશમાં સિયા-તિરા અને દિન જેવી બીમારીથી પીડાતા ૪૦૦૦ બાળકો છે. એમાંથી ૧૫ જેટલાં બાળકો ‘ સ્પાઈન મસ્ક્યુલર એસ્ટ્રોફી’ મોંઘી સારવાર લઈ રહ્યા છે અને આ માટેનું મોટાભાગનું ભંડોળ એમને વિવિધ ક્રાઉડફન્ડિંગ પ્લેટફોર્મ દ્વારા જ મળી રહ્યું છે.

મેડિકલ ટ્રીટમેન્ટ ઉપરાંત આવાં ક્રાઉડફન્ડિંગ પ્લેટફોર્મ અન્ય પ્રવૃત્તિઓમાં પણ ઉપયોગી નીવડે છે. એમાંય જો તમારી પાસે સામાજિક કાર્ય માટે કોઈ પ્રબળ પ્રોજેકટ હોય તો એનો બહુ તગડો પડઘો પડે છે.

વાત કરીએ યુવા જસપર પોલની. વ્યવસાયે ઈજનેર છે, પણ સમાજ દ્વારા ત્યજાયેલા લોકો માટે કંઈક કરવાની એને ધૂનકી ચઢી એટલે કશદાર જોબ છોડીને એણે ઘરબાર વગરના નિરાશ્રિતો માટે એક ફાઉન્ડેશન શરૂ કર્યું. જિંદગીના ત્રિભેટે ઊભેલા એ નિરાશ્રિતોની સંસ્થા : ‘સેકન્ડ ચાન્સ’ માટે ભંડોળ મેળવવા એણે ‘કીટ્ટો’ ક્રાઉન્ડફન્ડિંગની મદદ લીધી અને પ્રથમ ૭૨ કલાકમાં જ ફંડ રૂપે રૂપિયા ૨ કરોડ છલકાઈ ગયા અને નિરાશ્રિતો માટે ઘર તથા બીજી પ્રવૃત્તિ માટે બીજા તબક્કામાં જસપર પોલ હવે ક્રાઉડફન્ડિંગ રૂપિયા ૧૦ કરોડ એકઠા કરી રહ્યો છે..!

તમને આ તબક્કે ફિલ્મ ‘નયા દૌર’નું પેલું ગીત યાદ આવે છે?

*साथी हाथ बढाना साथी रे...*
*एक अकेला थक जायेगा,*
*मिलके बोज उठाना...!* ■

## આવાં પ્લેટફોર્મ પરથી ફંડ મેળવવું હોય તો શું કરવું?

હા, તમારા પ્રોજેક્ટ માટે ફંડ જોઈતું હોય તો સરકારી કચેરી-બેન્ક કે પછી કોઈ એનજીઓ- (બિન-સરકારી સામાજિક સંસ્થા) પાસે જવા કરતાં આવાં ક્રાઉડફન્ડિંગ પ્લેટફોર્મની નીતિ-રીતિ ક્રિયા-પ્રક્રિયા વધુ સરળ હોય છે. આવું પ્લેટફોર્મ નક્કી કરી તમારો પ્રોજેકટ રિપોર્ટ જોઈતી રકમ ફંડ આપનારાને જોઈતા દસ્તાવેજ, વગેરે પૂરાં પાડો અને એના સંચાલકોને લાગશે કે તમારા પ્રોજકટમાં દમ છે તો તમારી વાત એમનાં પ્લેટફોર્મ પર વહેતી મુકાશે આ માટે કોઈ ફી કે પ્રોસેસિંગ ચાર્જ પણ નથી લેવાતો.

(સાથોસાથ એ પણ જાણી લો કે ચિલાચાલુ ધંધા માટે કે શેરમાર્કેટમાં લેતી-દેતીના ધંધા માટે કે પછી તમે કરેલી નુકસાની ચૂકવવા માટે ક્રાઉડફન્ડિંગ ન મળે, બોસ!)

‘ઈમ્પેક્ટ ગુરુ’ તેમ જ ‘કીટ્ટો’ જેવાં જ આપણે ત્યાં કિકસ્ટાર્ટર ગોફંડ મી -ફ્યુલ એ ડ્રિમ - વિશબેરી-ફંડ એ ડ્રિમ - ઈન્ડિયાગોગો- મિલાપ વગેરે જેવાં બીજાં દસેકથી વધુ જાણીતા ક્રાઉડફન્ડિંગ પ્લેટફોર્મ છે, જેના પર વિદેશથી પણ સહાયતાની રકમ આવે છે.

કોર્પોરેટ વિશ્વ
કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# આ ‘કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ’ વળી શું છે?

**કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ એટલે માત્ર વાતચીત કરવાની સ્માર્ટનેસ જ નહીં, પરંતુ એથી વિશેષ સફળ સંબંધ, યોગ્ય નેતૃત્વ અને વ્યાવસાયિક વિકાસનો પાયો છે અને એટલે જ એ કોર્પોરેટ જગતનું માનીતું બની રહ્યું છે...**



**આજના** ઝડપથી બદલાતા અને વૈશ્વિક બની રહેલા કોર્પોરેટ જગતમાં તમારી પાસે માત્ર ટેક્નિકલ સ્કિલ કે ડિગ્રી હોય તે પૂરતું નથી. આજે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ એક એવી કાર્યકુશળતા બનીને સામે આવી રહી હોવાની સાથે સાથે કોઈ પણ શૈક્ષણિક ડિગ્રી કરતા વધુ પ્રભાવશાળી સાબિત થઈ રહી છે અને એથી જ મોટી કંપનીઓ આજે એવા વ્યાવસાયિકોને પ્રાથમિકતા આપી રહી છે, જે માત્ર પ્રભાવશાળી ઢબે પોતાની વાત કહી શકવા ઉપરાંત પોતાના જૂના નવા ક્લાયન્ટસ -ગ્રાહકો સાથે સરળતા અને સહજતાથી સંવેદનશીલ રીતે સંવાદ કરવાની પણ ક્ષમતા ધરાવતા હોય...

વાસ્તવમાં કોર્પોરેટ જગતને હવે સમજાઈ ગયું છે કે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ માત્ર વાતચીત કરવાની સ્માર્ટનેસ જ નથી, પરંતુ એ સફળ સંબંધ, યોગ્ય નેતૃત્વ અને વ્યાવસાયિક વિકાસનો પાયો છે. આજ કારણ છે કે હવે કંપનીઓ આવા વ્યાવસાયિકને પ્રાધાન્ય આપે છે. આવી કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ ધરાવતી વ્યક્તિ ક્લાયન્ટને સંતુષ્ટ કરવા ઉપરાંત સાથી કર્મચારીઓ સાથે વધુ સારા સંબંધ વિકસાવવામાં પણ કાબેલ હોય છે.

આજે કોર્પોરેટ વર્લ્ડમાં વ્યક્તિની ઓળખ માત્ર એના જ્ઞાનથી જ નહીં, પરંતુ એ અન્ય સાથે કેવી સહજતાથી સંવાદ સાધે છે તેના પરથી થાય છે. આજ કારણે કોર્પોરેટ જગતમાં પ્રવેશવા માટે તમામ પ્રકારના ઈન્ટેલિજન્સમાં કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સનું મહત્ત્વ અદકેરું છે.

ચાલો જાણીએ,આખરે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સનું મહત્ત્વ શું છે?

**ક્લાયન્ટ સાથે અસરકારક કમ્યુનિકેશન**

આજકાલ કોર્પોરેટ જગતને ક્લાયન્ટ અને કસ્ટમર સાથે સીધો મતલબ એટલે કે સંબંધ હોય છે. આવામાં જો કંપનીનો કર્મચારી ગ્રાહક સાથેની વાતચીતથી એની મનોદશા, અપેક્ષા અને ચિંતાનું કારણ જાણી લઈને પ્રતિક્રિયા આપે તો કંપની સાથેના ગ્રાહકના સંબંધ વધુ મજબૂત બને છે... જેને કારણે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ કેટલું અસરકારક અને પ્રભાવશાળી છે તે પણ પુરવાર થાય છે.

આજ કારણસર આજકાલ કોર્પોરેટ જગત એવી વ્યક્તિને કંપનીમાં સ્થાન આપવામાં પ્રાથમિકતા આપે છે જે સારું નેતૃત્વ પૂરું પાડવાની સાથેસાથે સારો વક્તા પણ હોય. આવી વ્યક્તિ પોતાની વાત સ્પષ્ટ, પ્રેરક અને સંતુલિત રીતે રજૂ કરી શકે છે.

**ટીમ વર્ક માટે જરૂરી સ્કિલ**

આજે એક સારો ટીમ લીડર એ જ થઈ શકે છે જે સાથીકર્મચારીઓ સાથે પ્રભાવશાળી સંવાદ સાધી પોતાની વાત મનાવી લે અને પોતે જે ઈચ્છે એ રીતે કંપનીને ફાયદો કરાવી દે...

આજની તારીખમાં કોઈને એવો લીડર નથી જોઈતો, જે માત્ર બોસિંગ કરે. સ્ટાફને એવો લીડર જોઈએ છે જે ટીમના સભ્યોને સમજે અને એમને આપસમાં જોડી રાખવા સકારાત્મક વલણ અપનાવે.

ટીમનું મનોબળ, તાલમેલ અને પ્રદર્શન ચોક્કસ હદ સુધી ટીમ લીડરના વ્યવહાર અને ટીમના સભ્યો સાથે સંવાદ સાધવાની એની ક્ષમતા પર નિર્ભર કરે છે. આજ કારણે કોઈપણ કોર્પોરેટ લીડર માટે સંવાદની કલામાં પારંગત બનવું જરૂરી બની ગયું છે.

**વિવાદ- સમાધાનમાં મદદગાર**

જે વ્યક્તિ સારી રીતે સંવાદ સાધી શકે છે એ કોઈપણ પરિસ્થિતિમાં કોઈને પણ પોતાની વાત સહજતાથી સમજાવી શકે છે. કોર્પોરેટ વાતાવરણમાં રોજબરોજના કામકાજમાં ઘણીવાર મતભેદ, તણાવ અને અસહમતીની સ્થિતિનો સામનો કરવો પડે છે. આવા માહોલમાં એવા લોકો ખૂબ જ કામના પુરવાર થાય છે જે વાતચીત કરવામાં માહેર હોય .વાસ્તવમાં કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ ધરાવતી વ્યક્તિ શાંતિપૂર્ણ ઢબે વાતને સમજીને યોગ્ય શબ્દો અને ટોનમાં સમાધાન કરાવવાની કળા જાણે છે. આવી વ્યક્તિ ભડકાઉ સ્થિતિમાં આગ લગાડવાને બદલે વિવાદની આગ ઓલવવાની કળામાં પાવરધી હોય છે.

**બ્રાન્ડ ઈમેજ ને એની રજૂઆત**

કોર્પોરેટ જગતમાં કોઈ વ્યાવસાયિક વ્યક્તિગત રીતે ઈન્ટેલિજન્સ પર્સનાલિટી નથી હોતી. એ જે કંપનીના સંબંધિત ગ્રૂપ સાથે જોડાયેલી હોય છે તે એનો એક જરૂરી ચહેરો હોય છે. આ કારણે જ કોર્પોરેટ પ્રોફેશનલ વ્યક્તિ પ્રત્યેક ક્ષણ પોતાની કંપનીનું પ્રતિનિધિત્વ કરતો ચહેરો અને ઍમ્બેસેડર હોય છે.

જો વ્યક્તિ કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં માહેર હોય તો એ એની સંવાદ સાધવાની, રજૂઆત કરવાની કળાથી ગ્રાહકો સાથે સોદો પાર પાડવા પર સકારાત્મક પ્રભાવ પાડી શકે છે અને તેથી જ આવી વ્યક્તિ પોતાની કામગીરીમાં સફળ નીવડે છે અને કંપનીને પણ સફળતા અપાવે છે.

**કંપની કલ્ચરને સશક્ત બનાવે છે**

પ્રોફેશનલ કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં માહેર વ્યક્તિ માત્ર પોતાનું જ ગૌરવ નથી વધારતી, પરંતુ કંપનીના કામકાજના વાતાવરણને પણ શાનદાર કલ્ચરમાં પલટી નાખે છે. આવી વ્યક્તિ ખુલ્લા દિલની, વ્યવહારમાં પારદર્શી હોય છે અને સહયોગીની કામગીરીને જોઈતું પ્રોત્સાહન આપે છે જેને કારણે કંપનીમાં સકારાત્મક વાતાવરણ ઊભું થાય છે.

કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચે સમસ્યા સર્જાય ત્યારે આવી માહેર વ્યક્તિ એ બંને વચ્ચે સંવાદની સકારાત્મક કડી બની જાય છે અને સમસ્યાનું તાત્કાલિક નિવારણ કરે છે. આવી વ્યક્તિ કંપની માટે મહત્ત્વની પુરવાર થાય છે.

**ગેમ ચેન્જર નેગોશિયેટર**

કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં માહેર વ્યક્તિ ગજબના સોદાબાજ હોય છે. વાટાઘાટના ટેબલ પર હંમેશાં બાજી પોતાની તરફેણમાં જ રહે છે, કેમ કે એ ગેમ ચેન્જર નેગોશિયેટર હોય છે.

ખરેખર તો કોઈ પણ સોદો માત્ર ધનરાશિનો આધાર નથી હોતો, પરંતુ વાટાઘાટના સંવાદનું સુખદ પરિણામ હોય છે અને જે વ્યક્તિ કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સમાં કુશળ હોય છે તે નેગોશિયેશનના મામલે હંમેશાં માસ્ટર સાબિત થાય છે. આવી વ્યક્તિ ક્યારેક શબ્દોની હેરાફેરી કરીને કે ક્યારેક મૌન રહીને બાજી પોતાની તરફેણમાં કરી લે છે.

કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ માત્ર સંવાદ સાધવાની ક્લા જ નથી હોતી, પરંતુ એમાં કોઈપણ બગડેલા કામને સુધારી લેવાની ક્ષમતા હોય છે. સંવાદ સાધવાની કલાને કારણે આવી વ્યક્તિ પોતાની આસપાસના વાતાવરણને સહજ અને સકારાત્મક બનાવી લે છે, જેનો ફાયદો તમામ લોકોને થાય છે.

આ કારણે જ આજે કમ્યુનિકેશન ઈન્ટેલિજન્સ કોર્પોરેટ જગતની માનીતી અને પહેલી પસંદ બની ગયું છે. ■

ટૂંકુ ને ટચ
શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# રક્ષાબંધન અવસરે બહેનને આમાંથી કઈ ગિફ્ટ ગમશે?



આ વખતે રક્ષાબંધનમાં પોતાની બહેનને કઈ ગીફ્ટ આપવી એ તમે તમારી બહેનની ચોઈસ અને પર્સનાલીટીને ધ્યાનમાં રાખી લઈ શકો. ચાલો જાણીયે આજના મોડર્ન જમાનામાં યુવાન ભાઈઓ તેમની યુવાન બહેનો માટે કેવી ગિફ્ટ લેશે કે તે તેમને ખૂબ જ ગમે..

**સ્માર્ટ ગિફ્ટ**

સ્માર્ટ ગિફ્ટની રેંજ તો ખૂબ જ લાંબી છે. આમાં પણ જો થોડી કોમન સ્માર્ટ ગીફ્ટની વાત કરીએ તો તમારી બહેનને સ્માર્ટ વોચ અથવા ફિટનેસ બેંડ આપી શકાય જેના લીધે તે હંમેશાં હેલ્થ પ્રતિ સજાગ રહેશે અથવા બ્લૂ ટૂથ હેડફોન પણ આપવા માટે એક સ્માર્ટ ગિફ્ટ છે. બીજુ એક સરસ ઓપશાન પોર્ટેબલ સ્કિન કેર ડિવાઈસ છે જેમકે, એલઈડી ફેસ માસ્ક, ફેસ રોલર વગેરે. જો તમે માર્કેટમાં જશો તો આનાથી પણ સારા વિકલ્પ મળશે.

**સેલ્ફ કેર અથવા બ્યૂટી ગિફ્ટ્સ**

એડવાન્સ સ્કિન કેર અને મેકઅપ કિટ જેવા સેલ્ફ કેર ગિફ્ટ પણ આ રક્ષાબંધનમાં તમે તમારી બહેનને આપી શકો. ગિફ્ટ લેતા પહેલા તમારી બહેનને એની ફેવરીટ બ્રાન્ડનું નામ પૂછી લેવું. જેથી તમને ગિફ્ટ લેવામાં સરળતા પડે. સ્પા વાઉચર કે પાલર્રનું પેકેજ પણ ગિફ્ટ વાઉચર તરીકે આપી શકાય. અથવા તો કોઈ સરસ પરફ્યુમ લઈ તેને પર્સનલાઈડ્સ કરાવી આપી શકાય.

**કસ્ટમાઈઝ્ડ સ્કેચ - પોટ્રેટ**

જોકે હવે એઆઈના ઘણા પ્રોગ્રામમાં ઘણી આસાનીથી અને ખૂબ જ આકર્ષક કસ્ટમાઈઝ્ડ સ્કેચ જોતજોતામાં તૈયાર થઈ જાય છે. તમને વિચાર આવશે કે, આમાં કાંઈ ક્રેઝ હોય ખરો? પરંતુ આપણો પોતાનો મનપસંદ સ્કેચ કોને ન ગમે? એઆઈની બદલે માકેર્ટમાંથી કોઈપણ ફોટો લઈ તેની પર પોતાની બહેનનું નામ કસ્ટમાઈઝ કરાવી શકાય. જો તમારી પાસે તમારા બાળપણનો ફોટો હોય તો તેને પણ કસ્ટમાઈઝ્ડ કરાવી શકાય.

**ફેશન એન્ડ સ્ટાઈલ**

જો તમારી બહેન ફેશનેબલ હોય તો તેને ઝારા, એચ એન્ડ એમ, બેગીટનું બ્રાન્ડેડ બેગ કે કલચ આપી શકાય. જો એને શૂઝનો ક્રેઝ હોય તો, તેને બ્રાન્ડેડ શૂઝ પણ ગિફ્ટ આપી શકાય. પર્સનલાઈઝ્ડ સ્કાર્ફ કે સ્ટોલનો પણ આઈડિયા સારો છે.

**કોઈ યાદગાર પળ**

જો તમારા શહેરમાં કોઈ મનપસંદ બેંડ પરફોર્મ કરી રહ્યું હોય તો તેની ટિકિટ લઈ શકાય. કે પછી ફેમિલી સાથે કોઈ નાની ટ્રીપ પણ જઈ શકાય. જો કુકીંગ કે પેન્ટીંગમાં રસ હોય તો તેના વર્કશોપનું વાઉચર પણ આપી શકાય.

**ફાઈનાન્શિયલ ગિફ્ટ**

જો તમને તમારી બહેનના ભવિષ્યની ચિંતા હોય તો તેના નામ પર કોઈ ઈન્વેસ્ટમેન્ટ ક્રી શકો.

અને જો આમાથી કાઈ ન સુજે તો બહેનને સાથે શોપિંગમાં લઈ જવી અને તેને મનગમતી વસ્તુ અપાવવી. ■

## ૪. ધાર્મીક સંબંધી

■ ગણપતિ અને પર્યુષણ નિમિત્તે ઘર ડેકોરેશન માટે સંપર્ક કરો: પારૂલ શાહ: ૮૦૯૭૦૪૩૬૯૯. (૧૪૦-એ)

**ભાગવત કથા - મેડિકલ - શૈક્ષણિક પ્રોજેક્ટ**

સમદર્શન સેવા પરિવાર, (ફંડ રેઝીન્ગ ઈવેન્ટ) ગીતા પ્રવચન, ભાગવત કથા, શ્રીવિષ્ણુ સહસ્ત્રનામસ્ત્રોતમ્, વ્યાસપીઠ, પૂ. ઈશ્વરચંદ્ર વ્યાસ, દિવંગતોના મોક્ષાર્થે, લાભ લેવા વિનંતી છે. 25 ડિસેમ્બર, 2025થી 1 જાન્યુઆરી, 2026 (ક્રિસમસ વેકેશન) ''ત્રયોદશ જ્યોતિર્લિંગ તિર્થ'', બરૂમલ, ધરમપુર, વલસાડ (વેબસાઈટ જોવો) AC રૂમ, તમામ ભોજન, મુખ્ય યજમાનશ્રી, પોથી યજમાનશ્રી. 9076308117, 9324250850. (૧૯૮-એ)

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૮૧૨)

## ૯. લગ્ન સંબંધી

**''રજીસ્ટર્ડ મેરેજ''**

**''રજીસ્ટર્ડ-ડિવોર્સ કાયદેસર (વકીલ મારફત) (કોઈપણ મેટર) 9137725086. (દહેજ નહીં.). (બી-૧૬૨૭૧)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૯. લગ્ન સંબંધી

**વૈષ્ણવ યુવક**

**28/ 5'. 5"/, કાંદીવલી એડવોકેટ / ગ્રેજ્યુએટ કન્યાના વડીલ સંપર્ક 9664011380- 9004992568. (દહેજ નહીં). (જેપી/૪૫૦૮-જી)**

**જૈન વિદુર**

નવસારીસ્થિત ૪૬, સાધનસંપન્ન, પોતાનો બિઝનેસ, કન્યા આવકાર્ય. 9820155213. (દહેજ નહીં). (બી-૧૬૩૬૭)

■ સાયનની કન્યા 1991 ANNUAL 30 LAKH રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૫૬)

■ મલાડનાં યુવક 1984 ANNUAL 30 LAKH રાજેશ ઠક્કર ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૫૭)

■ BACHELOR PHARMACY વૈષ્ણવ કન્યા - 1997 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૫૮)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (144-A)**

**GUJARATI YUVAK, DIVORcee, 1987, 5' 8", MCom, MBA Finance, Job, Mumbai. 9892898907. (No Dowry) (15379/A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૨૯૪)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૭૬-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**

શશીકાંત પાઠક દ્વારા સંચાલિત ૩૯ વર્ષના અનુભવી ઉત્તરાખંડ ચારધામ યાત્રા, ગંગાસાગર, જગરનાથપુરી, ત્રિવેણી યાત્રા, યુપી ટુર. 9819304112. (૧૬૬-ડી)

**તુષારભાઈ ટુરવાલે**

ગંગાસાગર જગન્નાથપુરી, નેપાળ, મુક્તિનાથ, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, દક્ષિણ ભારત ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૯૨-એ)

**ચિરાગ**

દક્ષિણ ભારત, યુપી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, મુક્તિનાથ, નેપાળ, ચંપારણ્ય, જગન્નાથપુરી, ગંગાસાગર. 7303560200/ 9660523040. (૧૫૩૮૦/એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ**

શ્રીનાથજી, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારણ્ય, ભાઈબીજ સ્નાન, ઉજ્જૈન. 9833009445. (૧૫૩૮૦/બી)

## ૧૪. નોકરી ખાલી છે

**■ રીટાયર્ડ સિનીયર સીટીઝન, હાઉસ વાઈફ માટે અનોખી ઑફર ગવરમેન્ટ એપ્રુવ્ડ પ્રોગ્રામ શીખો. સેલેરી + ઈન્સેનટીવ + બીજા ઘણા ફાયદા કેરીયર ઓપરચ્યુનીટી પ્રોગ્રામ ફ્રી. જય સ્વામીનારાયણ, જય જીનેન્દ્ર, જય શ્રીકૃષ્ણ લખો. 9820336058. (એસડીબી-૨૮૧૭)**

## ૧૭. જગ્યા આપવી છે

**''જુહુમાં- વૈભવશાળી''**

''શ્રીમંતોને લાયક'' ''ફુલ્લી ન્યૂ ફર્નિશ્ડ'' ''ત્રણ/ચાર- બેડરૂમ''- ''ઈલેવન્થ ફલોર'' "(8,25,00,000)" "(12,00,00,000)" ''તાત્કાલિકથી'' ''ખરીદવા'' ''ભાડામાં'' "(2,50,000)" ""(4,50,000)" ''સુનિલભાઈ- 9821477177." (૧૬૩-એ)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઇસન્સથી 4 બેડરૂમ્સ વેસ્ટર્લી ફ્લેટ 1236' 11મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ : ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૬૬-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**

**ઓનરશીપથી નવું બિલ્ડીંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ : ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૬૬-બી)**

**અંધેરી વેસ્ટ**

2 બેડરૂમ, 660' કાર્પેટ, હાયર ફ્લોર, 3 બેડરૂમ, 1200' કાર્પેટ, હાયર ફ્લોર, એજન્ટ: જય શાહ - 8850666935. (બી-૧૬૩૪૫)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

૧ થી ૬ બેડરૂમના ફ્લેટ, ઓફિસ, દુકાનો તૈયાર બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ ૯૯૨૦૯૨૭૯૫૮, ૯૮૨૦૦૦૮૦૦૩. (૧૭૭-એ)

**''રીડેવલપમેન્ટ''**

સોસાયટી - લેન્ડલોર્ડ (ઓલ ઓવર મુંબઈ) પ્રોજેક્ટ ફાયનાન્સ-લોન- નિતીન - 9867222020. (૧૭૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન- 740', કારપેટ. 9821069113, 9870769113. (૧૭૨-ડી)

**મલાડ (વેસ્ટ)**

**માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી- ભાડેથી. લેવા.- ભરત પટેલ- 9820054730, નિષીત- 9920041841. (એસડીબી-૨૮૦૧)**

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૭-એ)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૭-સી)**

**દેવલાલી**

ફ્લેટ, દુકાન, બંગલા, પ્લોટ લેવા - વેચવા / ભાડેથી. પરેશ - 9930803959 - 9930106054. (૧૬૨-સી)

**ઘાટકોપર (ઈસ્ટ), ભાડેથી**

**ઓડીયન શોપિંગ સેન્ટર - 2 બેડરૂમ હોલ કિચન-750 કારપેટ, 70000 (નેગોશિયેબલ) 9820477770. (૧૫૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી. પંતનગર - ૨ બેડરૂમ - 695' કારપેટ, તિલક રોડ - ૨ બેડરૂમ - 820' કારપેટ, ૬૦' રોડ - 3 બેડરૂમ - 950' કારપેટ. મનીશ વોરા - 9324339343. (૧૫૦-ઈ)**

**વિદ્યાવિહાર (વેસ્ટ) ભાડેથી**

નિલકંઠ કીંગડમ, 2.5 બેડરૂમ, હોલ, કિચન, 950' કારપેટ, લીફ્ટ, પાર્કિંગ, ગેસ લાઈન. મુકેશભાઈ (બ્રોકર) 8169019857, 9323030141. (૧૫૦-જી)

**VILE PARLE EAST**

Available on Outright Sale
Luxurious 3 BHK
Usable Carpet 1600 sq.ft.

- 3 Toilets • 2 Walkin Wardrobes
- Fully Furnished & Air-Conditioned
- Balconies in all Rooms • Vastu Compliant
- 3 Prime Parkings • Higher Floor
- Italian Marble Flooring in Living Room
- Premium Wooden Flooring in Bedrooms
- Italian Marble Finished Vanity Tops in Toilets.
- Close to Reputed Educational
- Institutions & Prime Hospitals.
- Prime Locality • 2 Minutes from Station
- 5 Minutes from Airport
- Ideally Suited for NRIs

Contact : 98200 72941

(B-16337)

**વિલેપાર્લે ઈસ્ટ**

સ્ટેશન નજીક પ્રાઈમલોકેશનમાં ફુલ્લી ફર્નિશ્ડ ૩ બેડરૂમ હોલ કિચન ૧૨૦૦' કારપેટ ફલેટ તુરંત જ આઉટરાઈટથી રેડીપઝેશનમાં આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓ પોતાની ઓફર મોકલવા વિનયતી મોબાઈલ- 09819201737, 09820550033. (૧૬૫-એ)

**પાર્લા વેસ્ટ**

લક્ઝુરીયસ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નીશ્ડ, 1250' કાર્પેટ, 3 બેડરૂમ 950' કાર્પેટ, નવું મકાન, એમેનીટીસ સાથે, આઉટરાઈટ, અને 4 બેડરૂમ, બે પાર્કિંગ સાથે, ભાડેથી આપવી છે. એજન્ટ: જય શાહ - 8850666935. (બી-૧૬૩૪૪)

**લોનાવાલા-ખંડાલા**

ફ્લેટો-રોહાઉસ-બંગલાઓ-નાના-મોટા-પ્લોટ લેવા-વેચવા. શ્રીજી- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૩૦૬)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

સુધાપાર્ક / MICL - 3 બેડરૂમ, હોલ, કિચન તથા પંતનગર- 1, 2, 3 બેડરૂમ, હોલ, કિચન, રેડી. કૌશલ કાંતિલાલ મહેતા - 93238 71933. (૧૭૨-એ)

**બોરીવલીમાં- કાંદિવલીમાં- ગોરેગાંવમાં**

પ્રિ-લોન્ચ ઓફર - 19,500/- (રેડીમાં હાલનો ભાવ - 26,000/- થી 36,000/-) ''શ્રીજી'' 98200 45571. (જેપી/૪૫૦૯-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી આઝાદ રોડ- 2 બેડરૂમ- 650' 1st Floor 2.10 Cr. તેમજ ફર્નીસ્ડ 3 બેડરૂમ- 1025' 7th Floor 3.30 Cr. + Taxes Extra ''નવકાર એસ્ટેટ''-96196 74640. (જેપી/૪૫૦૯-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3- બેડરૂમ 890' હાયર ફલોર, પઝેશન- March 2026. ''નવકાર એસ્ટેટ''-9819117722. (જેપી/૪૫૦૯-ડી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બાપુભાઈ વશી રોડ 1, 2, 3 તેમજ 4 બેડરૂમ એમિનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન- 8356990950. (જેપી/૪૫૦૯-બી)

**સાન્તાક્રુઝ વેસ્ટ**

દેરાસર, હવેલીની પાસે 2,3,4 બેડ એમિનીટીઝ હાઈરાઈસ ટાવર અમિત- 7045622403. (બી-૧૬૩૫૦)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

**૪ બેડરૂમ કારપેટ ૧૯૦૦', નવું બિલ્ડીંગ, ઓ.સી. સાથે, 9.25 કરોડ, નેગોશીયેબલ, લેવા/ વેચવા. / લીવલાયસંસથી. ''ચેતન નાગર'' 9820141544 / 9920141544. (બી-૧૬૩૪૭)**

**માટુંગા ફાઈવ ગાર્ડન**

બે થી પાંચ બેડરૂમના લકસરીયઝ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૨૯૬)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વિક્રાંત સર્કલ પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ કાર પાર્કિંગ, 3.15 Cr. સોલ એજન્ટ: "HOME ALONE PROPERTY" જુગ્નું શાહ - 9833352224. (૧૫૦-એ)**

**સાઉથ મુંબઈ રાજસ્થાન એસ્ટેટ**

2, 3, 4 બેડરૂમ આકર્ષક ફ્લેટ નેપયેન્સી વાલ્કેશ્વર, મરીન ડ્રાઈવ, કફ પરેડ, તારદેવ, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, ચર્ચગેટ, પેડર, ગોવાલ્યા ટેન્ક ખરીદ અને વેચાણ માટે નવા બિલ્ડિંગ નવા બાંધકામમાં ફ્લેટ ૨, ૩, ૪ બેડરૂમ સાઉથ મુંબઈમાં મળશે. Contact Gopalbhai Jaipurwala. 9322898994 Mukesh Mehta 9967502537. (૨૯૭)

## ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

મધુપાર્ક પાસે - ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ - ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડીપોઝીટ - ૫૦૦,૦૦૦/-, ભાડુ ૨,૨૫,૦૦૦/-. ફક્ત જેન્યુન પાર્ટી સંપર્ક:- 9820156133. (બી-૧૬૩૫૩)

**DISCOUNT 3,00,000/-**

In stamp Duty, Festival offer 1 બેડરૂમ 340' કારપેટ, 95 લાખ+, - 440' કારપેટ 1.23 કરોડ+, માસ્ટર બેડરૂમ કાંદિવલી વેસ્ટ એસવી રોડ સ્ટેશનની સામે, Swastick House 9820866563. (જેપી/૪૫૧૨-સી)

**અંધેરી (ઇસ્ટ) ભાડેથી**

2 બેડરૂમ- 700' - પાર્કિંગ - શિલ્પા બિલ્ડિંગ - 75K. તેમજ ફુલ્લી ફર્નિસ્ડ 3 બેડરૂમ - 960' - જમ્બો દર્શન - 95K ''નવકાર એસ્ટેટ'' 8879129237. (જેપી/૪૫૧૧-ડી)

**LALLUBHAI PARK ANDHERI WEST**

Luxurious project ARAVE

2 BHK - 600/679/808'
3 BHK - 1127/1270'
4 BHK - 1480'

- Jodi also available
- G+13 storey building with 20+ Amenities

MahaRERA # P51800079479

Contact Site : 99337 30044

(B-16336)

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૧૦)

**પેડર રોડ ભાડેથી**

અઢી બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (ડ્યુપ્લેક્ષ) (ફુલ્લી ફર્નિશ્ડ) (પાર્કિંગ) ૧૭૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૧૧)

**મુલુન્ડ ઈસ્ટ**

ટુ બેડરૂમ મીઠાગર રોડ, ૧,૧૫,૦૦,૦૦૦/=, થ્રી બેડરૂમ, ટાટા કોલોની, ૧,૯૦,૦૦,૦૦૦/=, વેસ્ટ, અપના બઝાર પાસે, થ્રી એન્ડ હાફ ૨,૫૦,૦૦,૦૦૦/=, ફોર બેડરૂમ મેહુલ સિનેમા પાસે ૨,૪૦,૦૦,૦૦૦/=, ફ્લેટ લેવા / વેચવા 'કોઠારી' 9820330993. (બી-૧૬૩૫૨)

**જુહુસ્કીમ**

**૪ BHK ફક્ત શાકાહારી માટે પોડિયમ પાર્કિંગ અત્યાધુનિક સુવિધાઓ ઘણા વધુ પ્રસ્તાવ ઉપલબ્ધ આઉટરાઈટ/ ભાડે. ધિરુભાઈ એસ્ટેટ 9821121676/ 8080202000. (બી-૧૬૩૫૫)**

**''થાણા (વેસ્ટમાં)''..**

કાસરવડવલી પાસે- જૈન દેરાસરની બાજુમાં ૨ બેડ ભાડેથી/ પેઈંગ ગેસ્ટ માટે આપવાનો છે- 9867743649. (બી-૧૬૩૬૬)

## ૧૭. જગ્યા આપવી છે

**વાના પ્રોપર્ટી**

૨/૩/૪ બેડરૂમના ફ્લેટો, વાલકેશ્વર, રીજ, નેપિયન્સી, પેડર, વોર્ડન રોડ, કેમ્પસ કોર્નર - ગોવાલીયા ટેન્ક, ગામદેવી લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૪)

**વાના પ્રોપર્ટી**

૪ બેડરૂમ, તાડદેવ, ૩ બેડરૂમ ગેરેજ સાથે પેડર રોડ, ૩ બેડરૂમ નવા બિલ્ડિંગમાં ગોવાલિયા ટેન્ક - લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૨)

**અમદાવાદ**

વેચવાનો છે બંગલો, 1875 વાર, 3 રોડ કોર્નર, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ. 9825006130, 9924005552. (૧૫૩૭૯-બી)

**વાના પ્રોપર્ટી**

૨ બેડરૂમ, ગામદેવી, તાડદેવ, વ્યાજબી ભાવે લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૫)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**

**વેચાણથી- રો હાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન. સંપર્ક: 9323650893. (૧૯૩-સી)**

**કાંદિવલી (વેસ્ટ)**

મહાવીરનગર- 1 BHK માસ્ટર બેડરૂમ (1.10) તુરંત પઝેશન. OC સાથે. Owner 9820990568. (૧૯૨-સી)

**પેડર રોડ**

ત્રણ બેડરૂમ (૧૭૦૦ કાર્પેટ) (ગેરેજ અને પાર્કીંગ) ૯ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૧૪)

**તારદેવ**

એક બેડરૂમ (હાયર ફલોર) (પાર્કીંગ) ૩૫૦ લાખ (નેગોશીએબલ), બે બેડરૂમ (હાયર ફલોર) (પાર્કીંગ) ભાડેથી ૧૩૦૦૦૦ (નેગોશીએબલ), (નવું બિલ્ડીંગ) ત્રણ બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફલોર) (બે પાર્કીંગ) ૬૭૫ લાખ (નેગોશીએબલ), ભાડેથી ૧૮૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૧૫)

**પ્રાર્થનાસમાજ**

ત્રણ બેડરૂમ (૧૩૦૦ કાર્પેટ) (હાયર ફલોર) (પાર્કીંગ) ૭૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૧૬)

**અંધેરી ઈસ્ટ**

સ્ટેશન અને મેટ્રો નજીક નવા બંધાતા 18 માળના ટાવરમાં 1 અને 2 BHK અને જોડી ફ્લેટ, 15 Slab Completed, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, મોર્ડન એમેનીટીઝ સાથે, સંપર્ક: દિનેશ- 9757252097. (૧૯૦-બી)

**અંધેરી (વેસ્ટ)**

DiSTRESS SALE, સ્ટેશન, દેરાસર, માર્કેટ પાસે, ૨ બેડરૂમ- 585' કારપેટ, લીફ્ટ, કાર પાર્કિંગ નથી, ફક્ત વેજીટેરીયન માટે, 1.41 CR. નેગોશીએબલ. બકીમ- 9322246219 અથવા હેમંત- 9833720382. (૧૯૫-એ)

(જુઓ પાનું ૧૨) ▶▶

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ધખારો | થાપટ |
| ધગશ | પાઠ |
| ધડો | ગરમી |
| ધણ | ઉત્સાહ |
| ધપ્પો | ટોળું |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે વૃક્ષની ડાળીઓ પર રહેતા અને લટકવામાં હોશિયાર ગણાતા વાનર વર્ગના પ્રાણીની ઓળખાણ પડી?

અ) Pygmy બ) Guerilla ક) Gibbon ડ) Baboon

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઋ | ણા | ૨ નુ | ૩ બં | ૪ ધ | ■ | ૫ અ | ૬ ડા | બી | ૭ ડ |
| ષિ | ■ | ૮ ગ | ડ | બ | ડ | ■ | ક | ■ | ફ |
| ૯ ક | ૧૦ મ | રા | ■ | કા | ■ | ૧૧ છિ | ણ | ■ | લી |
| ૧૨ ન્યા | લ | ■ | ૧૩ ભા | ર | ૧૪ ખા | ના | ■ | ૧૫ વા | ■ |
| ■ | ૧૬ મ | ૧૭ જ | લો | ■ | ૧૮ ટ | ળ | ૧૯ વ | ળ | વું |
| ૨૦ ટ | પ | રી | ■ | ૨૧ ખા | સ | ■ | ક્ષ | ■ | ■ |
| ૨૨ પ | ટા | વા | ળો | ■ | ૨૩ વા | ૨૪ સ | ■ | ૨૫ સ | દા |
| કા | ■ | લા | ■ | ૨૬ આ | દિ | મા | ન | વ | ■ |
| ૨૭ વ | શ | ■ | ૨૮ ઉ | પ | યો | ગ | ■ | ૨૯ લ | ૩૦ ખો |
| વું | ■ | ૩૧ ભ | ર | ણું | ■ | ૩૨ મ | હે | ત | લ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ | ■ |
| ૭ | | | ■ | ૮ | ■ | | ■ | ૯ | |
| | ■ | ૧૦ | ૧૧ | | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | | | ૧૬ |
| ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | ■ | | ■ | |
| ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | | ■ | |
| ૨૪ | | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | |
| | ■ | ૨૭ | | | ■ | | ■ | | ■ |
| ૨૮ | ૨૯ | ■ | ■ | ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | ૩૩ |
| ૩૪ | | | | ■ | ૩૫ | | | | |

**આડી ચાવી**

૧. ચોક્કસ હેતુ માટે રાખેલું (૪)
૪. ઇચ્છાઓ, અરમાન (૪)
૭. ઠામ, પાત્ર (૩)
૯. તેજ, તડકો (૨)
૧૦. સાર, બરકત, આવડત (૪)
૧૨. પાણીનાં સગવડ માટેનું સ્થાપત્ય (૨)
૧૩. ૧૦૦૦૦ યોદ્ધાઓ સામે લડનાર (૪)
૧૫. હીરામાણેક વગેરે ઝવેરાત (જો.છૂ.) (૪)
૧૭. પુરુષ, આદમ (૨)
૧૮. એક રાગ (૩)
૨૦. નિર્દોષ, નિરપરાધી, ભોળું (૩)
૨૨. પહેરવાનું વસ્ત્ર (૩)
૨૪. મિલન, મળવું તે (૩)
૨૫. આપણા---નાં માયાળુ માનવી (૩)
૨૬. વસિયતનામું (૨)
૨૭. કાળું --- એટલે અતિશયકાળું (જો.છૂ.) (૩)
૨૮. સૂત્ર (૨)
૩૦. --- પડવી એટલે છૂટી થવી (૨)
૩૨. લાગણી (૩)
૩૪. ધમકી, દાદાગીરી (૪)
૩૫. ઉછેર (૫)

**ઊભી ચાવી**

૧. જિંદગી એટલે --- (૫)
૨. --- કાઢવો એટલે તત્ત્વ જાણવું (૨)
૩. થોડીક વાર માટે (૪)
૫. સારું (૨)
૬. હિસાબનો ચોપડો (૪)
૮. શુકન --- રૂપિયો (૨)
૧૧. એક ધાતુ (૪)
૧૨. તોફાન, (વાતાવરણનું) (૪)
૧૪. ફૂલમાળા (૪)
૧૬. રખડવાની આદતવાળો (૪)
૧૯. અનુકરણ (૩)
૨૧. નાનું સૂપડું (૩)
૨૩. એક ઓજાર (૩)
૨૪. રાવણનો પુત્ર (૪)
૨૫. નાગરોની એક અટક (૩)
૨૬. રાત્રિ (૪)
૨૯. રુંવાડું (૨)
૩૧. નામ સ્મરણ (૨)
૩૨. કિંમત (૨)
૩૩. પાયમાલી ખુવારી, સંહાર (૨)

### ગુજરાત મોરી મોરી રે

સરિતા જોશી અને તેમની પુત્રી કેતકી દવેએ ક્યા સાયકોલોજીકલ થ્રિલર નાટકમાં અલગ અલગ સમયે લીડ રોલ કર્યો હતો?

અ) દેવકી બ) મોગરાના સાપ
ક) મસાલા મામી ડ) સવિતા દામોદર પરાંજપે

### જાણવા જેવું

ચંદ્રના પ્રકાશમાં કેટલાક તારાઓનું તેજ ડૂબી જવાથી તેઓ નરી આંખે દેખી શકાતા નથી. તેથી તારાદર્શન માટે અંધારી રાત વધારે ઠીક પડે છે. તેમાં પણ અમાસની રાત ઉત્તમ છે, કેમકે તે આખી રાત ચંદ્રના પ્રકાશ વિનાની હોય છે.

### સુડોકુ-૯૦૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | | | | | ૪ |
| | | | ૩ | | ૭ | | | |
| ૪ | | ૧ | ૫ | | ૯ | ૩ | | ૭ |
| ૧ | | ૭ | ૬ | | ૪ | ૨ | | ૩ |
| | | | | ૫ | | | | |
| ૫ | | ૪ | ૨ | | ૩ | ૯ | | ૬ |
| ૩ | | ૨ | ૮ | | ૬ | ૫ | | ૧ |
| | | | ૪ | | ૨ | | | |
| ૬ | | | | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૪ | ૩ | ૧ | ૯ | ૮ | ૫ | ૨ |
| ૧ | ૯ | ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૭ | ૧ |
| ૮ | ૨ | ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૧ | ૯ |
| ૪ | ૩ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૧ | ૬ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૭ |
| ૯ | ૫ | ૩ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૪ |
| ૬ | ૭ | ૮ | ૪ | ૩ | ૨ | ૧ | ૯ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૭ | ૩ | ૬ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

મોતીના શહેરની ઓળખ મેળવનારું ભારતનું કયું શહેર 'સિટી ઓફ પર્લ્સ' તરીકે ખ્યાતિ ધરાવે છે એ કહી શકશો?

અ) પલક્કડ બ) લુધિયાના
ક) ચંડીગઢ ડ) હૈદરાબાદ

### નોંધી રાખો

એક વાર બોલતા પહેલા બે વાર વિચાર કરશો તો બોલેલી વાત પર પસ્તાવો કરવાનો વખત ક્યારેય નહીં આવે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૫, ૧૬, ૪૯, ૧૪૮, ... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૪૮ પછી કઈ સંખ્યા આવે?

અ) ૩૭૬ બ) ૩૯૯
ક) ૪૪૫ ડ) ૪૬૯

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| બંકો | ફાંકડો |
| બકભક્ત | ઢોંગી |
| બખડજંતર | ઘાલમેલ |
| બરછટ | ખરબચડું |
| બજર | છીંકણી |

ઓળખાણ પડી: MEERKAT

માઈન્ડ ગેમ: ૧૩૬૪

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: કનૌજ

ગુજરાત મોરી મોરી રે: ચકડોળ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન નિપીન શેઠ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) કમલ માતલિયા (૪૮) મહેશ સંઘવી (૪૯) વિપિન શાહ (૫૦) ધવલ શાહ

# વિરાટ હવે વન-ડેમાંથી પણ નિવૃત્તિ લેશે? આ ફોટોને લીધે થઈ રહી છે અટકળો

## ધોનીની દાઢી સાથે શું છે કનેક્શન?

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીની ગણના ક્રિકેટ જગતના મહાન બૅટ્સમેનોમાં થાય છે. ટી-૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ વિરાટ હાલ માત્ર વન-ડે મેચમાં જ બ્લુ જર્સીમાં રમતો જોવા મળે છે. ચાહકોને આશા છે કે વિરાટ વન-ડે વર્લ્ડ કપ, ૨૦૨૭માં પણ રમતો જોવા મળે, પણ છેલ્લા ઘણા સમયથી એવી પણ ચર્ચા ચાલી રહી છે કે વિરાટ આ ફૉર્મેટમાંથી પણ નિવૃત્તિ લઇને સંપૂર્ણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી શકે છે. સોશિયલ મીડિયા પર તાજેતરમાં પોસ્ટ કરવામાં આવેલા એક ફોટોને કારણે વિરાટની વન-ડેમાંથી નિવૃત્તિની ચર્ચાને જોર મળ્યું છે.

સોશિયલ મીડિયા પર વિરાટ કોહલીનો એક ફોટો વાઇરલ થઇ રહ્યો છે, આ ફોટોમાં લંડનમાં ક્લિક કરવામાં આવ્યો છે. ફોટોમાં વિરાટની દાઢીમાં સફેદ વાળનું પ્રમાણ વધારે દેખાય છે, જેના કારણે તેની દાઢી ગ્રે કલરની દેખાય છે. જેને કારણે વિરાટના ચાહકોમાં ચિંતા ફેલાઈ ગઈ છે.

નોંધનીય કે વિરાટ હાલ ૩૬ વર્ષનો છે, થોડા દિવસોમાં તે ૩૭ વર્ષનો થઇ જશે. આ ઉંમરે તેના દેખાવને કારણે ઘણી અટકળો લાગી રહી છે.




વિરાટ કોહલી ઘણી વાર પરિવાર સાથે લંડન જાય છે. ત્યાં તેમનું ઘર હોવાનું મનાય છે. ધોની (જમણે)એ ૨૦૨૦માં લૉકડાઉન દરમ્યાન દાઢી વધારી હતી ત્યારે તેની ઉંમર ચાડી ખાતી હતી.

### અગાઉ પણ આપી ચૂક્યો છે સંકેત!

વિરાટ છેલ્લે ૧૦ જુલાઈના રોજ યુવરાજ સિંહ સાથે એક કાર્યક્રમમાં જોવા મળ્યો હતો. આ દરમ્યાન વિરાટે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણય અંગે વાત કરી હતી. વિરાટે કહ્યું, ''મેં બે દિવસ પહેલા જ દાઢીને કલર કર્યો છે. જ્યારે તમને દર ચાર દિવસે તમારી દાઢીને કલર કરવાની જરૂર પડે ત્યારે તમને લાગે છે કે સમય (સંપૂર્ણ નિવૃત્તિનો) આવી ગયો છે.''

### ધોનીની દાઢી સાથે કનેક્શન

વિરાટે રમૂજ ખાતર આ વાત કહી હતી પણ તેની રમૂજ પાછળ ઘણા સંકેતો છુપાયેલા હોઈ શકે છે. નોંધનીય છે કે રિટાયરમેન્ટ પહેલાં એમએસ ધોનીની સફેદ દાઢી પણ ચર્ચામાં રહી હતી. જ્યારે કોહલીએ ૨૦૨૨માં ભારતીય ટીમના ટેસ્ટ કેપ્ટનપદેથી રાજીનામું આપ્યું, ત્યારે તેની પત્ની અનુષ્કાએ પોસ્ટ કરેલા એક ફોટોના કેપ્શનમાં લખ્યું હતું, ''મને યાદ છે કે એમએસ (ધોની) તું અને હું વાત કરી રહ્યા હતા અને તેઓ મજાક કરી રહ્યા હતા કે તારી દાઢી કેટલી ઝડપથી સફેદ થવા લાગશે. અમે એ સમયે ખૂબ હસ્યાં હતાં. તે દિવસથી, મેં તારી દાઢી સફેદ થવાની સાથે વધતા પણ જોઈ છે.''

### હવે વિરાટ ક્યારે રમતો જોવા મળી શકે છે?

કોહલી આ મહિને ટીમ ઇન્ડિયાની બ્લુ જર્સીમાં જોવા મળ્યો હોત, પરંતુ ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રહેવાથી ચાહકોને તેને રમતો જોવા રાહ જોવી પડશે. ઓક્ટોબરમાં ભારતીય ટીમ ત્રણ વન-ડે અને પાંચ ટી-૨૦ મેચ રમવા માટે ઓસ્ટ્રેલિયા જશે ત્યારે કોહલી વન-ડે મેચમાં જોવા મળી શકે છે. ■

# લીડ્સ સામે લૉર્ડ્સ પરાજિત, પ્રથમ ટેસ્ટની પિચ સર્વશ્રેષ્ઠ

## આઈસીસીએ પિચ રેટિંગ જાહેર કર્યું, હેડિંગ્લીના આઉટફીલ્ડને પણ સર્વશ્રેષ્ઠ ગણાવ્યું




હેડિંગ્લીમાં લીડ્સની પ્રથમ ટેસ્ટમાં ભારતના ૪૭૧ રનના જવાબમાં ઇંગ્લૅન્ડે ૪૬૫ રન કર્યા હતા. પછીથી ભારતના ૩૬૪ રન સામે બ્રિટિશ ટીમે ૩૭૩/૫ના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

દુબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ૨-૨ના ડ્રૉના પરિણામ સાથે પૂરી થયેલી ટેસ્ટ શ્રેણીની પહેલી ચાર મૅચની પિચ માટેના રેટિંગ જાહેર કરી દીધા છે, જેમાંથી પ્રથમ ટેસ્ટ માટેના સ્થળ લીડ્સની પિચને સૌથી સારી ગણાવવામાં આવી છે.

પાંચેય ટેસ્ટ પૂરા પાંચ દિવસ સુધી ચાલી હતી અને એમાં પિચની મહત્ત્વની ભૂમિકા રહી હતી. જોકે આઇસીસીએ ૩૧ જુલાઈ-૪ ઑગસ્ટ દરમ્યાન લંડનના ઓવલમાં રમાયેલી નિર્ણાયક ટેસ્ટની પિચ છોડીને અગાઉની ચાર ટેસ્ટની પિચ તથા આઉટફીલ્ડ વિશે રેટિંગ બહાર પાડ્યા છે. એમાં રેટિંગની દૃષ્ટિએ લીડ્સની પિચે ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સની પિચને માત આપી છે.

ઉલ્લેખનીય છે કે ઓવલની અંતિમ મૅચ પહેલાં પિચ સંબંધમાં હેડ-કોચ ગૌતમ ગંભીર તથા તેમના કોચિંગ સ્ટાફને ઓવલના ક્યૂરેટરે પિચથી દૂર રહેવા કહ્યું એને પગલે વિવાદ જાગ્યો હતો. એ પિચ વિશેનું રેટિંગ આઇસીસીએ હજી બહાર નથી પાડ્યું.

હેડિંગ્લીના લીડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં યજમાન ઇંગ્લૅન્ડે ચોથા દાવમાં ૩૭૧ રનનો લક્ષ્યાંક મેળવીને એ મૅચમાં પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો અને ૧-૦થી સરસાઈ લીધી હતી. આઇસીસીએ લીડ્સની પિચ અને આઉટફીલ્ડ બન્નેને સૌથી ઊંચું રેટિંગ આપ્યું છે.

બીજી ટેસ્ટ એજબૅસ્ટનમાં રમાઈ હતી જેમાં ભારતે ૩૩૬ રનના તફાવતથી વિજય મેળવ્યો હતો. એ મેદાનની પિચને આઇસીસીએ સંતોષજનક ગણાવી છે. લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટ માટેની પિચને પણ આઇસીસી તરફથી સંતોષકારક બતાવવામાં આવી છે. એ ટેસ્ટ બ્રિટિશરોએ બાવીસ રનથી જીતીને ૨-૧થી સરસાઈ મેળવી હતી.

ચોથી ટેસ્ટ મૅન્ચેસ્ટરમાં રમાઈ હતી અને જાડેજા-વૉશિંગ્ટનની જોડીએ ડ્રૉ કરાવેલી એ ટેસ્ટની પિચને પણ આઇસીસીએ સંતોષકારક ગણાવી છે.

ઓવલની પાંચમી ટેસ્ટમાં પહેલા બે દિવસમાં સંખ્યાબંધ વિકેટ પડી હતી, પરંતુ ઇંગ્લૅન્ડને ચોથા દાવમાં ૩૭૪ રનનો તોતિંગ લક્ષ્યાંક મળ્યો હતો અને તેઓ છ રનથી હારી ગયા હતા અને ભારત સિરીઝને ૨-૨થી ડ્રૉ કરાવવામાં સફળ રહ્યું હતું.

# ઝિમ્બાબ્વેના ૧૨૫ રન સામે ત્રણ કિવી બૅટ્સમેન ૧૫૦ રન સુધી પહોંચ્યા

બુલવૅયો: ન્યૂ ઝીલૅન્ડે યજમાન ઝિમ્બાબ્વેને બે મૅચવાળી સિરીઝની પ્રથમ ટેસ્ટમાં નવ વિકેટે હરાવ્યા બાદ બીજી ટેસ્ટમાં બીજા દિવસે રનનો ઢગલો કર્યો હતો. પ્રથમ દાવમાં ઝિમ્બાબ્વેના માત્ર ૧૨૫ રન હતા, પરંતુ ન્યૂ ઝીલૅન્ડે ત્રણ બૅટ્સમેનની સેન્ચુરીની મદદથી ફક્ત ત્રણ વિકેટે ૬૦૧ રન ખડકી દીધા હતા. ફાસ્ટ બોલર મૅટ હેન્રીની પાંચ વિકેટ અને નવા પેસ બોલર ઝકારી ફૉક્સની ચાર વિકેટને લીધે ઝિમ્બાબ્વેની ટીમ પહેલા દાવમાં ૧૨૫ રનમાં ઑલઆઉટ થઈ ગઈ ત્યાર પછી કિવીઓની મૅરથન ઇનિંગ્સ શરૂ થઈ હતી.

ઓપનર ડેવૉન કૉન્વેએ ૨૪૫ બૉલમાં ૧૮ ફોરની મદદથી ૧૫૩ રન કર્યા હતા, જ્યારે વિલ યંગ (૭૪ રન) સાથે તેની ૧૬૨ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. જૅકબ ડફી ૩૬ રન બનાવી શક્યો હતો, પણ પછીથી ઝિમ્બાબ્વેના બોલર્સનું તેલ નીકળ્યું હતું



અને ફીલ્ડર્સે ભારે દોડધામ કરવી પડી હતી.

કારણ એ હતું કે હેન્રી નિકૉલ્સ (૧૫૦ નૉટઆઉટ, ૨૪૫ બૉલ, ૧૫ ફોર) અને રચિન રવીન્દ્ર (૧૬૫ નૉટઆઉટ, ૧૩૯ બૉલ, બે સિક્સર, ૨૧ ફોર) વચ્ચે લાંબી ભાગીદારી થઈ હતી.

નિકૉલ્સ અને રચિન વચ્ચે ચોથી વિકેટ માટે ૨૮૫ બૉલમાં ૨૫૬ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ઝિમ્બાબ્વે કરતાં ન્યૂ ઝીલૅન્ડ શુક્રવારના બીજા જ દિવસે ૪૭૬ રનથી આગળ હતું. ૩/૬૦૧ના સ્કોર વખતે કિવીઓએ દાવ ડિક્લેર નહોતો કર્યો અને હજી ઘણા બૅટ્સમેન બૅટિંગમાં આવવાના બાકી હતા.

ઉલ્લેખનીય છે કે ટેસ્ટ-ક્રિકેટમાં શ્રીલંકા (૯૫૨/૬ ડિક્લેર્ડ)નો ભારત સામેનો ૧૯૯૭ની સાલનો ટીમ-સ્કોર હાઇએસ્ટ છે.

કૉન્વેએ શુક્રવારે પાંચમી ટેસ્ટ-સદી ફટકારવા ઉપરાંત ટેસ્ટ-ક્રિકેટમાં ૨,૦૦૦ રન પણ પૂરા કર્યા હતા. રચિને ૧૦૪ બૉલમાં પોતાની ફાસ્ટેસ્ટ સદી ફટકારી હતી. આ તેની ત્રીજી સદી હતી. નિકૉલ્સે ૧૦મી સેન્ચુરી ફટકારી હતી. ■



### ચેન્નઈમાં ક્રિકેટર ધોનીને પેડલ સ્પોર્ટનું ઘેલું

ક્રિકેટર એમએસ ધોનીએ શુક્રવારે ચેન્નઈમાં '૭પેડલ' નામની પેડલ બ્રૅન્ડ લૉન્ચ કરી હતી. પેડલ એવી રૅકેટ સ્પોર્ટ છે જેમાં ટેનિસ અને સ્ક્વૉશનું સંયોજન જોવા મળે છે. ધોની આ પેડલ સેન્ટર ખાતે તામિલ ફિલ્મોના સંગીતકાર અનિરુદ્ધ સાથે પેડલ સ્પોર્ટની ગેમ રમ્યો હતો. (પીટીઆઇ)

# સૅમસન પછી હવે અશ્વિને પણ અત્યારથી ૨૦૨૬ની આઇપીએલમાં હલચલ મચાવી છે!

## વિકેટકીપરને રાજસ્થાનની ટીમ છોડવી જ છે: પીઢ સ્પિનર ચેન્નઈની ટીમને અલવિદા કરશે એવી અટકળ



નવી દિલ્હી: ૨૦૨૬ની આઇપીએલને હજી નવ મહિના બાકી છે, પણ બે જાણીતા ખેલાડીઓએ અત્યારથી એવું પગલું લીધું છે જેની અસર આ વર્ષના અંતમાં અથવા ૨૦૨૬ની શરૂઆતમાં યોજાનારા મિની ઑક્શન પર પડી શકે. સંજુ સૅમસને તો પોતાને ઑક્શન માટે રિલીઝ કરી દેવાનું રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના ફ્રૅન્ચાઇઝીને કહી જ દીધું છે, રવિચન્દ્રન અશ્વિને પણ વર્તમાન ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સાથે ચર્ચા શરૂ કરી છે જેને પગલે અટકળ થઈ રહી છે કે અશ્વિન હવે સીએસકેની ટીમ છોડી દેવા વિચારે છે અથવા તો સીએસકેના ફ્રૅન્ચાઇઝીએ અશ્વિન સાથેના ભાવિ વ્યવહાર વિશે ખુલાસો કરવા તેની સાથે મંત્રણા શરૂ કરી છે.

વિકેટકીપર-બૅટ્સમૅન સૅમસન ૨૦૨૫ની આઇપીએલમાં રાજસ્થાનની ટીમમાં હતો, પરંતુ




ઈજાના કારણે તે માત્ર નવ મૅચ રમી શક્યો હતો જેમાં તેણે કુલ ૨૮૫ રન કર્યા હતા અને સ્ટમ્પ્સની પાછળથી પાંચ શિકાર કર્યા હતા. સૅમસનને રાજસ્થાનના ફ્રૅન્ચાઇઝીએ ૧૮ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. તેણે રાજસ્થાનની ટીમના માલિકોને ૨૦૨૫ની આઇપીએલ પૂરી થતાં જ કહી દીધું હતું કે તે હવે રાજસ્થાનની ટીમમાં નથી રહેવા માગતો એટલે તેને મિની ઑક્શન માટે રિલીઝ કરી દેવામાં આવે. મનોજ બેદાળે આ ટીમના મુખ્ય માલિક છે અને તેમનું ફ્રૅન્ચાઇઝી અશ્વિનને સમજાવવાના પ્રયાસમાં હોવાનું જાણવા મળ્યું છે.

સીએસકેના ફ્રૅન્ચાઇઝીએ ૨૦૨૫ની આઇપીએલ પહેલાં અશ્વિનને ૯.૭૫ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. જોકે તેને તમામ ૧૪ લીગ મૅચ નહોતી રમવા મળી. નવ મૅચમાં તે ફક્ત સાત વિકેટ લઈ શક્યો હતો. પાંચ ટાઇટલ જીતી ચૂકેલી સીએસકેની ટીમ ૨૦૨૫ની આઇપીએલમાં છેક ૧૦મા સ્થાને રહી હતી.

દરમ્યાન, સીએસકેની ટીમને ૩૦ વર્ષીય સંજુ સૅમસન મેળવવામાં રસ હોવાનું અગાઉ ઘણી વાર જોવા મળ્યું હતું અને ખુદ સૅમસન હવે ૨૦૨૬ની આઇપીએલમાં સીએસકેની ટીમમાં જોડાવા માગતો હોવાનું મનાય છે. ■

# ફૂટબોલર્સ મૅચ હાર્યા એટલે તોફાની ચાહકોએ કરી તોડફોડ, ચારની ધરપકડ



સેવિલની ટીમનો સેલ્ટા વિગો સામે ૨-૩થી પરાજય થયો હતો જેનાથી સેવિલતરફી યુવાનો તોફાને ચડ્યા હતા.

સેવિલ: કોઈ પણ રમતમાં, ખાસ કરીને ટીમ-ગેમમાં જો પરાજય થયો હોય તો તોફાની રમતપ્રેમીઓનો એક વર્ગ પરાજિત ખેલાડીઓ પર હુમલો કરીને કે તેઓ જે સ્થળે હોય ત્યાં તોડફોડ કરીને આક્રોશ ઠાલવતા હોય છે. ક્રિકેટમાં આવું ઘણી વાર બન્યું છે, ખાસ કરીને ભારતમાં આવા કેટલાક કિસ્સા બની ચૂક્યા છે અને ફૂટબૉલની રમત તો આવાં તોફાનો માટે પંકાયેલી છે. ખુદ ખેલાડીઓ જ જ્યારે મેદાન પર હરીફ પ્લેયરને લાત મારતા હોય તો ફૅન્સના વાંક ક્યાં કાઢવા. બન્યું એવું કે સ્પેનના શહેર સેવિલમાં ૧૦મી મેએ સેવિલ ફૂટબૉલ ક્લબની ટીમના પ્લેયર્સ જ્યાં પ્રૅક્ટિસ કરી રહ્યા હતા ત્યાં કેટલાક તોફાનીઓએ હુમલો કર્યો હતો. આ ઘટના સંબંધમાં ચાર તોફાનીઓની ધરપકડ કરવામાં આવી છે.

સેવિલની ટીમ સેલ્ટા વિગો સામે ૨-૩થી પરાજિત થઈ ત્યાર બાદ સેવિલતરફી કેટલાક લોકો પ્રૅક્ટિસ તથા ટ્રેઇનિંગ માટેના સ્થળે ગયા હતા અને ત્યાંની માળખાકીય સગવડો તોડી-ફોડી નાખી હતી. એ દિવસે સેવિલના ખેલાડીઓની બસ ઘટનાસ્થળે આવી કે તરત તોફાનીઓ તેમના પ્રૅક્ટિસ સેન્ટર પર ધસી ગયા હતા અને લોખંડનો ગેટ તોડી નાખ્યો હતો તેમ જ સેન્ટરની અંદરની પ્રોપર્ટીને પણ નુકસાન પહોંચાડ્યું હતું.

જે લોકોએ હુમલો કર્યો હતો તેઓ બુકાની બાંધીને મોં ઢાંકીને આવ્યા હતા. તેઓ હુમલો કર્યા પછી નાસી ગયા હતા. જોકે પોલીસને તપાસ શરૂ કર્યા બાદ હવે તેમાંના ચાર જણની ધરપકડ કરવામાં સફળતા મળી છે.

સેવિલ ક્લબના આયોજકોએ આ ઘટનાને ફૂટબૉલપ્રેમીઓની ગુંડાગીરી તરીકે ઓળખાવી હતી. પોલીસની તપાસ હજી ચાલુ જ છે. પકડાયેલા લોકો કોણ છે અને તેમની સામે શું આરોપ મુકાશે તેમ જ અદાલતમાં તેમને ક્યારે લાવવામાં આવશે એની જાણકારી નહોતી મળી શકી. ■


# પાકિસ્તાની ક્રિકેટર હૈદર અલીએ મૅન્ચેસ્ટરમાં બળાત્કાર કર્યો? પોલીસ ચાલુ મૅચે પકડીને લઈ ગઈ

## પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે યુવાન બૅટ્સમૅનને સસ્પેન્ડ કરી દીધો ▸ ધરપકડ પછી જામીન પર છૂટ્યો

મૅન્ચેસ્ટર: પાકિસ્તાનના ક્રિકેટરો ઇંગ્લૅન્ડમાં પોતાને તેમ જ પોતાના દેશને બદનામ કરતા હોય એ કોઈ નવી વાત નથી. થોડાં વર્ષો પહેલાં સ્પૉટ-ફિક્સિંગને કારણે ભૂતપૂર્વ કૅપ્ટન-બૅટ્સમૅન સલમાન બટ તેમ જ ફાસ્ટ બોલર મોહમ્મદ આસિફના રમવા પર પ્રતિબંધ મુકાયો હતો અને આ કરતૂતને લીધે જ તેમની કરીઅર બરબાદ થઈ ગઈ હતી અને હવે ૨૪ વર્ષીય બૅટ્સમૅન હૈદર અલીએ એવી હરકત કરી છે કે તેના દેશને કલંક તો લગાડ્યો જ છે, તેના ક્રિકેટ બોર્ડે તેને તાબડતોબ સસ્પેન્ડ કરી નાખ્યો છે.

પાકિસ્તાન વતી ૨૦૨૦થી ૨૦૨૩ દરમ્યાન બે વન-ડે અને ૩૫ ટી-૨૦ મૅચ રમનાર મિડલ-ઑર્ડરના રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન હૈદર અલીએ આ વર્ષે બુધવાર, ૨૩મી જુલાઈના રોજ મૅન્ચેસ્ટરની એક ઇમારતમાં (કદાચ કોઈ હોટેલમાં) એક મહિલા પર બળાત્કાર ગુજાર્યો હોવાનો તેના પર આરોપ છે.

મૅન્ચેસ્ટર પોલીસે હૈદર અલીની એક મૅચ દરમ્યાન જ તેની ધરપકડ કરી હતી અને




આ કેસ સંબંધમાં વધુ તપાસ થઈ રહી છે. હૈદર જુલાઈ મહિનામાં પાકિસ્તાન શાહીન્સ નામની ટીમ વતી ઇંગ્લૅન્ડમાં રમવા થઆવ્યો હતો એ અરસામાં આ ઘટના બની હોવાનું મનાય છે.

હૈદર અલી ઑક્ટોબર, ૨૦૨૨માં મેલબર્નમાં ભારત સામે એક ટી-૨૦ રમ્યો હતો જેમાં હાર્દિક પંડ્યાએ તેને તેના માત્ર બે રનના સ્કોર પર સૂર્યકુમાર યાદવના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ભારતે ટી-૨૦ વર્લ્ડ કપની એ મૅચ ચાર વિકેટે જીતી લીધી હતી.

હૈદરને મૅન્ચેસ્ટરમાં જામીન મળી ગયા છે, પરંતુ તેની વિરુદ્ધ સઘન તપાસ ચાલી રહી છે. દરમ્યાન પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ તેને સસ્પેન્ડ કર્યો છે. જોકે ક્રિકેટ બોર્ડે એવું પણ જણાવ્યું છે કે ઇંગ્લૅન્ડમાં પીસીબી તરફથી હૈદરને કાનૂની લડાઈ સંબંધમાં પૂરો સપોર્ટ મળશે. પીસીબીની યાદીમાં જણાવાયું હતું કે 'હૈદર સામેના કેસ વિશેની કાનૂની પ્રક્રિયા પૂરી થશે અને તમામ હકીકતો સ્થાપિત થઈ જશે ત્યારે એને આધારે પીસીબી આચારસંહિતાને ધ્યાનમાં લઈને યોગ્ય લાગશે તો જરૂરી પગલાં ભરશે.' ■

# વિદ્યાર્થિની ભણવાનું છોડી દેવાની તૈયારીમાં જ હતી, પણ રિષભ પંતે ૪૦,૦૦૦ રૂપિયાની ફી ભરી દીધી

બેંગલૂરુ: ક્રિકેટના મેદાન પર દૃઢ સંકલ્પથી રમવા માટે જાણીતો રિષભ પંત જરૂરતમંદને મદદ કરવામાં પણ પાછળ નથી પડતો એનું ઉદાહરણ કર્ણાટક રાજ્યના એક ખૂણાના નાના ગામમાંથી મળ્યું છે, કારણકે એ ગામની એક વિદ્યાર્થિનીને પંતે ફર્સ્ટ-યર ડિગ્રીના ભણતર માટે જરૂરી ૪૦,૦૦૦ રૂપિયાની ફી ભરી દીધી હતી.

કર્ણાટકના વિજયપુરા જિલ્લાના બિલાગી તાલુકાના રબાકવી ગામની જ્યોતિ કાનાબુર નામની સ્ટુડન્ટે પીયુ કૉમર્સની પરીક્ષામાં ૮૩ ટકા માર્ક્સ મેળવ્યા હતા, પરંતુ આર્થિક તંગીને કારણે તે આગળ ન ભણવા નક્કી કરી રહી હતી. તેનો પરિવાર આ ગામમાં ખાવાની અમુક વાનગીઓનો એક સ્ટૉલ ચલાવે છે અને મહિને માંડ ૧૫,૦૦૦ રૂપિયા કમાય છે. તેમણે ગમે એમ કરીને ગામવાસીઓ પાસેથી પુત્રીના ભણતર માટે ૪૦,૦૦૦ રૂપિયા એકઠાં કર્યા હતા અને ડિગ્રી કૉલેજમાં ભરી દીધા હતા.

જોકે આ પરિવારે સ્થાનિક કૉન્ટ્રૅક્ટર અને કાનાબુર પરિવારના હિતેચ્છુ અનિલ હુનાશિમટ્ટીનો પણ સંપર્ક કર્યો






હતો અને ધારવાડમાં ક્રિકેટર કે. એલ. રાહુલે એક વિદ્યાર્થીને આર્થિક મદદ કરી હોવાનું તેમણે (પરિવારે) સાંભળ્યું હતું એટલે તેમણે અનિલને વિનંતી કરી હતી કે કોઈ ક્રિકેટર તેમની પુત્રીને મદદ કરી શકે? અનિલ થોડા દિવસમાં કેટલાક સંપર્કોની મદદથી રિષભ પંત સાથે નજીકનો સંબંધ ધરાવતી એક વ્યક્તિને મળ્યા હતા અને જ્યોતિની આર્થિક મુશ્કેલીની વાત પંત સુધી પહોંચાડી હતી. પંતે જ્યોતિ માટેની ૪૦,૦૦૦ રૂપિયાની ફી તરત મોકલી આપી હતી.

જામખન્ડી ખાતેની ટીજીપી સાયન્સ કૉલેજ સાથે જ્યોતિ સંકળાયેલી છે અને એ કૉલેજને ઑડિટ દરમ્યાન ધ્યાનમાં આવ્યું કે જ્યોતિની ફી બે વખત ભરવામાં આવી છે. એમાંની પ્રથમ ફી ગામવાસીઓના ભંડોળની મદદથી અને બીજી ફી રિષભ પંત તરફથી આવી હતી. કૉલેજના સંચાલકોએ ૪૦,૦૦૦ રૂપિયાની રકમ જ્યોતિને પાછી મોકલી આપી હતી. પંત તરફથી મોકલવામાં આવેલી ફી કૉલેજે રાખી હતી. કૉલેજના વહીવટકારે મીડિયાને જણાવ્યું હતું કે 'અમે દર વર્ષે કુલ ૭૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને મફત શિક્ષણ આપીએ જ છીએ. જો જ્યોતિએ અમારો સીધો સંપર્ક કર્યો હોત તો અમે ત્યારે જ તેની ફી માફ કરી દીધી હોત.' દરમ્યાન કૉલેજના સત્તાધીશોએ પંતને જ્યોતિની ફી ભરવા બદલ આભાર વ્યક્ત કરતો પત્ર મોકલ્યો હતો. ■

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**4 બેડરૂમ, હોલ, કિચન ભાડેથી આપવો છે. 1 પાર્કિંગ, 1,00,000/- નેગોશીએબલ. Big REALTIES- 9867342222. (૧૯૫-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી, પંતનગર- ૨ બેડરૂમ- 695' કારપેટ, તિલક રોડ- ૨ બેડરૂમ- 820' કારપેટ, ૬૦' રોડ- 3 બેડરૂમ- 950' કારપેટ. મનીશ વોરા- 9324339343. (૧૯૬-એ)**

**મરીનલાઈન્સ**
અજમેરા ડાઉનટોપ 620' ઓનરશીપ 2 બેડ 2.80 કરોડ. નવા ટાવરમાં 9819569698. (૧૯૭-બી)

**બોરીવલી વેસ્ટ**
ભાટિયા હોલ પાસે 380' કાર્પેટ 1,15,00,000/- અર્જન્ટ વેચાણથી. 9819569698. (૧૯૭-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951' વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546) (૧૯૧-એ)

**''કાંદિવલી-બોરીવલી''**
**''(વેસ્ટમાં) 1/ 2/ 3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના/ ભાડે થી.'' 7710979702/ 9930626313. (૧૯૦-એ)**

**ગોવાલિયા ટેન્ક**
2 BHK ફુલ્લી ફર્નિશ્ડ ફુલ હવા ઉજાસ 2.85CR negotiable 8369089427 (એસડીબી-૨૮૧૩)

**વાલકેશ્વર**
4 બેડરૂમ - 2000' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ - 14,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-એ)

**કેમ્પ્સકોર્નર**
4 બેડરૂમ - 2400' - કાર્પેટ - પાર્કિંગ- સી.ફેસીંગ - 15,0000000/= શાહ - 9820068382. (૧૫૩૭૮-એ)

**નેપેન્સી**
6 બેડરૂમ - 3500' કાર્પેટ - 2 ગેરેજ - સી.વ્યું. 30,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૭૮-એ)

**ગામદેવી**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 4,10,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-બી)

**તારદેવ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,75,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૮-બી)

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ- 6,10,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-બી)

**ગામદેવી**
2 બેડરૂમ - 660' - કાર્પેટ - ફરનીસ્ટ - 3,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-સી)

**નાનાચોક**
$2^1/_2$ બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કિંગ - ફરનીસ્ટ 6,75,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૮-સી)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' - પાર્કિંગ 7,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૮-સી)

**MAHALAXMI READY OC FLATS**
**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

**VILEPARLE (WEST)**
Luxurious 4 Bedroom, 2300', Near Station, Mandir, Peaceful Location, Ready Sale. Vinodbhai 8097960449, Bhavesh 9324001110. (15368/D)

**WORLI**
Urgently Sale below Market Rate 4 BHK 3691 sqft, Omkar 1973, Call 9869070123, 9167723483. (180-A)

**MAHALAXMI**
Urgently Sale below Market Rate 3 BHK 1450 sqft Piramal Mahalaxmi Call 9869070123, 9167723483. (180-B)

**MULUND (WEST) MARATHON GALAXY 2**
**L.B.S. Marg, Spacious Fully Furnished Well Maintained 3 BHK, Terrace Flat for Sale, (1 Car Parking) Swimming Pool, Gym, Garden 2.65 Cr., Owner "Kamlesh Panchal" 91-9820125374. (179-A)**

**MATUNGA EAST EXCLUSIVE**
**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

### ૧૭. જગ્યા આપવી છે

FLAT FOR SALE - ANDHERI East for only Veg Family Saraswati Towers Parsi Panchayat Rd Andheri E Derasar, Upashray, Haweli, School, College nearby Metro, Rly Station 1 km, 100% Veg Family Society 2 Bedroom 600 sq ft Carpet Regi. Society, with Conveyance South West Open. Rs. 1.91 Cr. Owner Yogesh Rajgor 918879503875. (B-16354)

**MATUNGA EAST**
Near Five Garden, for Rent, 2 BHK - 800', Furnished, Lane Car Park, No Lift, 1.10 L., Real Key Properties - "Tanvi Shah" Call: 9892780301. (184-A)

**MALAD (WEST)**
**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor, Dilip 8108307900 (Broker Excuse). (186-A)**

### ૧૮. જગ્યા જોઈએ છે

**જગ્યા જોઈએ છે**
માટુંગા (ઈસ્ટ)માં 3 બેડરૂમ પાર્કિંગ સાથે ઓનરશીપ રેડી પઝેશન બજેટ 4.75થી 5 કરોડ. કિરીટ - 9819968298. (એસડીબીજી-૨૭૮૮)

**બાન્દ્રા (વેસ્ટ)**
૪૦૦ ફુટ/૫૦૦ ફુટ ડૉક્ટરને કન્સલટીંગ રૂમ માટે ભાડેથી જોઈએ છે. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૮૯-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી ઈસ્ટમાં ઓફિસ**
સ્ટેશન/ સબવેથી નજીક ઈન્ડ/કોર્મ એસ્ટેટમાં ૧લે માળે કોર્નરની જગ્યા 100 સ્કે. ફૂટ + 150 sq. ft. લોફ્ટ સાથે/ વગર ભાડેથી ઈન્સ/ શેર/ કોમ્પ્યુટર વગેરે માટે ઉત્તમ સંપર્ક 9867868311. (૧૪૩-એ)

**મસ્જિદબંદર (વેસ્ટ)**
ગોદામ, સેમ્યુઅલ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, એરીયા 1100 ફુટ, લોરી ટચ, હાર્ડવેર, બેરિંગ, ક્રોકરી, રેડીમેડ, પ્લાસ્ટિક ધંધાને લાયક, ભાડેથી રેડી કબજો લેવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૮૦૩)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસ ડી જે રોડ ૧૧૫૦' આપવી છે. એજન્ટઃ અશ્વિન મર્ચન્ટઃ 9819874515. (૧૬૬-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
સ્ટેશન / મેટ્રો નજીક, પ્રાઈમ લોકેશનમાં, ઓફિસો, વેચાણથી / ભાડેથી. રેડી. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૭૨-સી)

**ઓફિસ - વેચાણથી**
Swastick house, (Festival Discount Rs 3,00,000/- in Stamp Duty) કાંદિવલી વેસ્ટ સ્ટેશન સામે, 340' કારપેટ 95 લાખ+, -440' કારપેટ, - 1.23 કરોડ+, - 90% લોન, Jodi office 690' - 890' કારપેટ સંપર્ક 9820866563. (જેપી/૪૫૧૨-બી)

■ માટુંગા સ્ટેશન સામે ૨૦૦ ફુટ ભાડેથી દુકાન મુલુન્ડ ૨ રઘુપતીમાં ૩૦૦ ફુટ ભાડે / વેચાણથી કોટેચા 9892646803. (૨૯૮)

**ભાયખલા દુકાન ગોડદેવ**
એરિયા 350, ઊંચાઈ 17', ઓનરશીપથી વેચવાની છે. જીતુભાઈઃ 9821041515 / 9702434343. (એસડીબીજી-૨૮૦૯)

**ફોર્ટ**
1100' ફર્નીશ્ડ ઓનરશીપ ઓફિસ 4 કરોડમાં. પે એન્ડ પાર્કિંગ. 9819569698. (૧૯૭-સી)

**ભાડેથી. બોરીવલી (વેસ્ટ)**
**પેન્ટાલુન્સ પાસે 140' મોકાની દુકાન ડેન્ટીસ્ટ, કન્સલટન્ટ, તેમજ દરેક ધંધા લાયક આપવાની. સંદિપ જાની: 9869485733. (૧૮૭-એ)**

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**FORT, KALA GHODA**
**Nariman Point 200 to 2000 sq. ft. on Outright and on Rent. Contact: Megh Prakash Shah 9870032042. (B-16348)**

**"SHIRDI"**
**Highway Tuch Star Hotel Resort / Dharamsala Plot 10.22 Acres for (Company) Sale / Joint Venture. Approved Layout. 4,43,343 Sq. Feets. Cont.: "Jain" - 8879705115. (194-A)**


# ગેટવે, નરીમાન પોઈન્ટ પરની સુરક્ષા વધુ કડક બનાવાશે

## ટૂંક સમયમાં પ્રવાસન સુરક્ષા દળ તહેનાત કરાશે

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ગેટવે ઓફ ઇન્ડિયા અને નરીમાન પોઇન્ટ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે અને કાયમ ત્યાં પ્રવાસીઓની ભીડ જોવા મળે છે. આ લોકપ્રિય સ્થળોએ સલામતી અને ભીડ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરી શકાય તે માટે મહારાષ્ટ્ર રાજ્યના પ્રવાસન પ્રધાન શંભુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા અને નરીમાન પોઈન્ટ પર ટૂંક સમયમાં એક સમર્પિત પ્રવાસન સુરક્ષા દળ તહેનાત કરવામાં આવશે. મુંબઈ નજીક મહાબળેશ્વર અને પંચગીની હિલ સ્ટેશનો પર પણ આવું જ એક દળ તહેનાત કરવામાં આવ્યું છે, અને તે ટુરિસ્ટ સીઝન દરમિયાન અસરકારક રીતે ભીડનું સંચાલન કરે છે.

છેલ્લા ત્રણ મહિનામાં મહાબળેશ્વર અને પંચગીનીમાં પ્રવાસન સુરક્ષા દળે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. આ સફળતામાંથી પ્રેરણા લઈને, અમે ટૂંક સમયમાં મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા અને નરીમાન પોઈન્ટ પર આ પહેલ શરૂ કરીશું, એમ દેસાઈએ જણાવ્યું. દેસાઈએ ગુરુવારે જિલ્લા અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, મહારાષ્ટ્ર પ્રવાસન વિકાસ નિગમના પ્રતિનિધિઓ અને જાહેર બાંધકામ ઇજનેરોની હાજરીમાં એક સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે રાજ્યમાં આવો ખ્યાલ પહેલી વાર અમલમાં મૂકવામાં આવ્યો છે અને કર્મચારીઓએ પ્રશંસનીય કાર્ય કર્યું છે. મહાબળેશ્વર અને પંચગનીમાં સુરક્ષા દળે ભીડને અસરકારક રીતે નિયંત્રિત કરી છે, મુલાકાતીઓની સલામતી સુનિશ્ચિત કરી છે, ટ્રાફિકનો સરળ પ્રવાહ જાળવી રાખ્યો છે, પ્રવાસીઓ વચ્ચેના વિવાદોનું નિરાકરણ કર્યું છે અને બેફામ વાહન ચલાવવા પર રોક લગાવી છે. મુંબઈમાં પણ આ જ મૉડેલનું પુનરાવર્તન કરવામાં આવશે. મહાબળેશ્વર અને પંચગીનીમાં ફોર્સમાં મહારાષ્ટ્ર રાજ્ય સુરક્ષા નિગમના અધિકારીઓનો સમાવેશ થાય છે, જ્યારે મુંબઈની ટુકડીમાં મહારાષ્ટ્ર રાજ્ય ભૂતપૂર્વ સૈનિકો, કલ્યાણ બોર્ડના અધિકારીઓ હશે. કર્મચારીઓ માટે રહેવાની સુવિધા કરવામાં આવી છે અને તેમને કાનૂની તાલીમ પણ મળશે, એમ દેસાઈએ જણાવ્યું હતું. ■

# ઓનલાઈન ટિકિટ બુકિંગ પરનો એન્ટરટેઈનમેન્ટ સરચાર્જ યોગ્યઃ હાઈ કોર્ટ

મુંબઈઃ હાઈ કોર્ટે મહારાષ્ટ્ર એન્ટરટેઈનમેન્ટ ડ્યુટી એક્ટ, ૨૦૧૪માં થયેલા સુધારાની બંધારણીય કાયદેસરતા યથાવત્ રાખી છે. આ સુધારાથી રાજ્ય સરકારને સિનેમા માલિકો કે બુકમાયશો જેવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા મૂવી ટિકિટના ઓનલાઈન બુકિંગને સરળ બનાવવા માટે વસૂલવામાં આવતા ૧૦ રૂપિયાથી વધુના સુવિધા ચાર્જ પર મનોરંજન સરચાર્જ વસૂલવાની મંજૂરી આપવામાં આવી હતી. કોર્ટે આ નિર્ણયને સમર્થન આપ્યું હતું.

ઉપરોક્ત નિર્ણય આપતાં જસ્ટિસ મહેશ સોનાક અને જિતેન્દ્ર જૈનની બેન્ચે મલ્ટિપ્લેક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા અને બુકમાયશો દ્વારા દાખલ કરાયેલી બે અરજીઓને ફગાવી દીધી હતી. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મનોરંજન માટે ઓનલાઈન ટિકિટ ખરીદીના અભિન્ન ભાગ તરીકે સુવિધા શુલ્ક લાગુ પડે છે.

અરજદારોએ મહારાષ્ટ્ર એન્ટરટેઈનમેન્ટ ડ્યુટી એક્ટની કલમ ૨(બી) માં સમાવિષ્ટ સાતમી જોગવાઈને પડકારી હતી. આ જોગવાઈ મુજબ, પ્રતિ ટિકિટ ૧૦ રૂપિયા સુધીના ઓનલાઈન ટિકિટ ખરીદી ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી હતી. જો કે, તેનાથી વધુ રકમ એન્ટ્રી ફીની વ્યાખ્યા હેઠળ લાવવામાં આવી હતી અને તેથી તે મનોરંજન ફીને પાત્ર બની હતી. અરજદારોએ કાયદામાં સુધારાની માન્યતાને પડકારતા દાવો કર્યો હતો કે આ જોગવાઈનો મનોરંજન સાથે કોઈ સંબંધ નથી. તેમણે તેને રદ કરવાની પણ માંગ કરી હતી. જો કે, વસૂલવામાં આવતી સુવિધા ફી કાયદાની સંબંધિત કલમો હેઠળ આવે છે અને પ્રવેશ ફીની વ્યાખ્યા હેઠળ આવે છે, એમ કોર્ટે જણાવ્યું હતું. ■


### ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૧૩૫-એફ)

**''વિનોદ શાહ''**
પ્રોજેક્ટર સ્ક્રીન સાથેઃ માતૃપિતૃ વંદના, દરેક ભાવયાત્રા, પહેડી, સાંજી, પ્રાર્થનાસભા- 9821540500. (બી-૧૬૩૧૮)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્નગીત + ગેમ્સ. 9820464530. (૧૮૫-એ)**

**બજેટથી પ્રાર્થનાસભા**
ભજન સંધ્યા (શ્રાવણમાં 9, 13 ઓગસ્ટ કાંદિવલીમાં, શ્રાધ્ધ પક્ષ 15 સપ્ટેમ્બર ભૂલેશ્વરમાં), જન્માષ્ટમી, ગણપતી, પર્યુષણ સાંજી, સંગીત સંધ્યા, (9 નવેમ્બર બોરીવલીમાં), લગ્નગીત, બર્થડે, મનસુખભાઈ : 9326801860. (૧૮૭-બી)

### ૨૭. ઔષધ ઉપચાર

**પગના દુખાવાની**
તેમજ શરીરના અન્ય દુખાવાની આયુર્વેદિક દવા (ઘેરબેઠા મેળવો) સંપર્ક- 9223574060. (જેપી/૪૫૦૯-એફ)

### ૩૧. નાણાંકીય

**ખોવાઈ ગયેલા**
શેરો પાછા મેળવવા, ફિઝિકલ શેર ડિમેટ કરવા, મ્યુચ્યુઅલ ફંડમાં અટકાઈ ગયેલા પૈસા પરત મેળવવા - 9820197333. (જેપી/૪૫૦૯-એ)

**''લોનનાં ચક્કરમાંથી''**
**બહાર નીકાળીશું બેંકથી સેટલમેન્ટ / ઇન્સ્ટોલમેન્ટ (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૨૭૨)**

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

### ૩૨. જમીન-મિલકત

**રાજકોટની**
**આજુબાજુ ગામઃ કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ, નાના - મોટા ખુલ્લા પ્લોટ, જમીન લેવા - વેચવાઃ 9082411822 / 9930730755. (૧૭૦-બી)**

### ૩૨. જમીન - મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400 - 800 સ્ક્વેર યાર્ડ પ્લોટ સંપર્ક :- 9323650893. (૧૯૩-એ)**

■ કચ્છ ભુજ તાલુકાના ગામડાઓમાં કુકમા લાખોંદ પધ્ધર સ્કીમના પ્લોટો તથા પ્રોપર્ટી તથા મુન્દ્રા તાલુકામાં તથા અબડાસા તાલુકામાં ખેતર જમીન પ્લોટો લેવા તથા વેચવા માટે સંપર્ક કરો મોબાઈલ નંબર= 9924933596 મોબાઈલ નંબર= 9033296596 ઓફિસ એડ્રેસ= સીતારામ એસ્ટેટ શ્રીનાથજી કોમ્પલેક્ષ શોપ નંબર 7 જુનાવાસ માધાપર ભુજ કચ્છ. (બી-૧૬૩૬૦)

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા / લંડન / ઓસ્ટ્રેલીયા / કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047 / 8451015519. (૧૨૨-એ)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583/ 9892298963. (૧૧૭-ઈ)

**પ્રિન્ટીંગનું કામ**
પેમ્પલેટ, પેપર, પ્રીન્ટીંગ અને વિતરણ સાથે. બોરીવલી. પરેશ શાહ : 9898312030. (૧૮૮-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ ઈન્ટિરિયર પ્લાનિંગ, ડિઝાઈનિંગ અને રીનોવેશન. પ્રોફેશનલ ડિઝાઈન અને એક્ઝેક્યુશન ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/= 3 બેડરૂમ 8,000/=. Helpline 8989282877. (૧૫૩૮૦/સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**Land & Building or Cold Storage Cum Food Processing Unit For Rent / Part Rental In Navi Mumbai, MIDC**

- Based in Rabale MIDC, Navi Mumbai • Total Area Approx.40,000 sq.ft. Basement + 3 Floors • Heavy Duty RCC Bldg. With Minimum Columns.
- Building Ideal for Pharma / R & D Labs / Corporate Office / Jewellery Manufacturing / Garment / Data Center / Printing / Packaging etc.
- Also Ideal for Cold Chain Players / Supply Chain Logistics / Food Processing Industry / Cloud Kitchen / Confectionery / Sweets & Farsans etc.
- Cold Storage consists of Latest German Make Freon Refrigerant Plant & Machinery / Multi Temp. Rooms / Blast Freezers / Processing Hall / etc.

- Option 1 - Complete setup for Rent.
- Option 2 - Only land & building available for Rent / Part Rental
- Clear Title, Co. Owned MIDC property

**rabaleprop@gmail.com | 98190 32025**

RAHUL

(B-16361)


## ભિવંડી મેટ્રો સાઈટ અકસ્માત

# ઊંચાઈ પરનાં બાંધકામોમાં રહેલી ક્ષતિ પરની અરજી ફરી હાથ ધરતી હાઈ કોર્ટ

## નાગરિકોની જાહેરસ્થળો પરની અવરજવર પરના અધિકારનું ઉલ્લંઘન હોવાનું કહ્યું

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે તાજેતરમાં ભિવંડીમાં થયેલા અકસ્માતને ધ્યાનમાં રાખીને ઊંચાઈ પરના બાંધકામ સાઇટ્સ પર સલામતીની ક્ષતિઓ અંગેની ૨૦૨૪ની અરજી પર ફરીથી ફેરવિચાર કરવાનું નક્કી કર્યું છે. અકસ્માતમાં ભિવંડીમાં એક નિર્માણાધીન મેટ્રો રેલ સાઇટ પરથી લોખંડનો સળિયો ચાલતી રિક્ષા પર પડતા એક વ્યક્તિને ઈજા થઈ હતી.

પાંચમી ઓગસ્ટે થાણે જિલ્લાના ભિવંડીમાં એક નિર્માણાધીન મેટ્રો રેલ સાઇટ પરથી લોખંડનો સળિયો ચાલતી રિક્ષા પર પડતા ૨૦ વર્ષીય મુસાફરના માથામાં ગંભીર ઈજા થઈ હતી.

વારંવાર સલામતીના ભંગ અંગે દુઃખ વ્યક્ત કરતાં ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ આરિફ ડોક્ટરની ખંડપીઠે નોંધ્યું હતું કે, ૨૦૨૩માં એક સમિતિની રચના કરવામાં આવી હોવા છતાં તેની ભલામણો તમામ આયોજન સત્તાવાળાઓને મોકલવામાં આવી ન હતી.

૨૦૨૩માં વરલીમાં એક નિર્માણાધીન ઇમારતના બાવનમા માળેથી સિમેન્ટનો બ્લોક તૂટી પડતાં બે રાહદારી મૃત્યુ પામ્યા બાદ હાઈ કોર્ટે સુઓ મોટો અરજી હાથ ધરી સલામતીનાં પગલાંની ભલામણ કરવા માટે સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો. ૨૦૨૩ ના આદેશને ટાંકીને અદાલતે કહ્યું હતું કે મુંબઈ શહેરમાં કોઈ પણ ઊંચા બાંધકામથી લોકો મુશ્કેલીમાં ન મૂકવા જોઈએ અને આવા અકસ્માતોનો ભોગ બનવું જોઈએ નહીં એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. જાહેર વિસ્તારોમાં લોકોને આવા જોખમોનો સામનો કરવો પડે એ બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ આજીવિકાના તેમના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. ખંડપીઠે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પગલાં વિશાળ જાહેર હિતમાં હોવાથી ઝડપી કાર્યવાહી કરવાની જરૂર છે. ખંડપીઠે આ મામલાની સુનાવણી ૧૨ ઓગસ્ટે મુલતવી રાખી છે. (પીટીઆઈ)■

# 'મુંબઈ સમાચાર'ના લેખક પ્રફુલ શાહની બે અંગ્રેજી નવલકથાને એવૉર્ડ

મુંબઈઃ જાણીતા લેખક, પીઢ પત્રકાર અને 'મુંબઈ સમાચાર'ના કટાર લેખક પ્રફુલ શાહને ટૂંક સમયમાં બે મહત્વપૂર્ણ એવોર્ડ મળ્યા છે.

હાલ તેઓ 'મુંબઈ સમાચાર'માં બે કટાર 'હેં ખરેખર?!' અને 'આ તો સ્કેમ છે, સ્કેમ છે' લખે છે.

કચ્છ પર આધારિત ગુજરાતી ડોક્યુ-નોવેલ 'કચ્છ ફાઇલ'ની અંગ્રેજી આવૃત્તિ 'કેક્ટસ ક્રાઇમ'ને 'બેસ્ટ ક્રાઇમ થ્રિલર' (ટ્રુ ઈવેન્ટસ) જાહેર કરાઈ છે. કચ્છના ભૂતપૂર્વ તંત્રી અને નામાંકિત રિપોર્ટર વિપુલ એન. વૈધના અહેવાલો અને અનુભવને આવરતી અને શૈલેષ ભાવસાર અનવાદિત 'કેક્ટસ ક્રાઇમ'ને આ એવોર્ડ ધ લિટરેચર ટાઈમ્સ દ્વારા લિગસી ઓફ લિટરેચર અવોર્ડની વિજેતા જાહેર કરવામાં આવી હતી. આયોજકોએ આ અવોર્ડને પ્રફુલ શાહની વાર્તા કથનની ઉત્કૃષ્ટતા, નિષ્ઠા અને શબ્દો થકી પરંપરા સર્જનની કલા ગણાવી હતી.

પ્રફુલ શાહની ચાર ભાષામાં પ્રગટ થયેલી સૌથી સફળ, અને લોકપ્રિય ઇમોશનલ થ્રિલર નવલકથા 'ફાધર્સ ડે' (ગુજરાતીમાં 'મુંબઈ સમાચાર'માં દૈનિક ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થયેલી 'દશ્યમ અદશ્યમ')ને 'એવરી ડે હિરો એવોર્ડ આપવાનું વર્ધી વેલનેસ સંસ્થા દ્વારા જાહેર કરાયું હતું. આ નવલકથા પોતાના માસુમ અપહૃત પુત્રને શોધવાની પિતા સુર્યકાંત ભાંડેપાટિલની હૃદયસ્પર્શી સંઘર્ષ-ગાથા છે. પ્રફુલ શાહના પુસ્તક 'યુદ્ધ કેસરી'ને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રતિષ્ઠિત રામનારાયણ પાઠક પુરસ્કારથી નવાજાયું હતુ. તેઓ પાંચ ભાષામાં ૫૦ પુસ્તકો આપવા સાથે ફિલ્મ, ટીવી, નાટક અને વેબ કન્ટેન્ટ લેખક પણ છે. ■

# હીરાવેપારી સાથે ૧.૮૧ કરોડ રૂપિયાની છેતરપિંડીઃ સુરતના ઝવેરી સામે ગુનો

મુંબઈઃ પ્રતિષ્ઠિત ગ્રાહકને હાઈ ક્વૉલિટીના ડાયમંડ્સ ખરીદવાની ઇચ્છા હોવાનું કહીને મુંબઈના હીરાવેપારી સાથે ૧.૮૧ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ સુરતના ઝવેરી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે રાજેશ બેચરભાઈ વિઠાણીની ફરિયાદને આધારે બુધવારે સુરતના જ્વેલર રાજેશકુમાર શર્મા (૫૦) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

એક ડાયમંડ ટ્રેડિંગ કંપનીના પાર્ટનર વિઠાણીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે શર્માએ માર્ચ મહિનામાં તેમનો સંપર્ક સાધ્યો હતો. પોતાની પાસે એક પ્રતિષ્ઠિત ગ્રાહક છે, જે હાઈ ક્વૉલિટીના હીરા ખરીદવા ઇચ્છુક હોવાનો દાવો શર્માએ કર્યો હતો.

બાદમાં વિશ્વાસ સંપાદન કરીને શર્માએ ગ્રાહકને બતાડવાને બહાને ફરિયાદી પાસેથી ૧.૮૧ કરોડ રૂપિયાના હીરા લીધા હતા. જોકે વારંવાર સંપર્ક સાધવા છતાં શર્માએ હીરાની કિંમત ચૂકવી નહોતી અને હીરા પણ પાછા આપ્યા નહોતા. આરોપી નાણાં ચૂકવવા માટે સતત બહાનાં કરતો હોવાથી ફરિયાદીને શંકા ગઈ હતી. આખરે આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસ આ પ્રકરણે વધુ તપાસ કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ચોરીના અનેક ગુનામાં સંડોવાયેલી આંતરરાજ્ય ટોળકી પકડાઈ

થાણેઃ થાણેના ગોદામમાંથી ૫૧ લાખ રૂપિયાની સિગારેટ ચોરીના કેસની તપાસ દરમિયાન પોલીસે આંતરરાજ્ય ટોળકીનો પર્દાફાશ કર્યો હતો. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં ચોરીના આઠ ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ મહેન્દ્ર કુમાર થાનારામ મેઘવાળ (૨૮), ગણેશ ધુલા પાટીદાર અને રાજેશ ઉર્ફે અન્ના બબન કદમ (૪૭) તરીકે થઈ હતી. મેઘવાળ અને પાટીદાર રાજસ્થાનના વતની, જ્યારે કદમ કાંદિવલીનો રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ડીસીપી (ક્રાઈમ) અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે જુલાઈમાં રાબોડી વિસ્તારમાંથી થયેલી ચોરીના કેસની તપાસમાં પોલીસ આ ટોળકી સુધી પહોંચી હતી. રાબોડીના ગોદામમાંથી આરોપીઓ ૫૧ લાખ રૂપિયાની સિગારેટ ચોરી ગયા હતા. સીસીટીવી પુરાવા ન રહે તે માટે આરોપીઓ ડીવીઆર પણ ઉઠાવી ગયા હતા.

આરોપીઓએ ચાલાકી વાપરીને ઘટનાસ્થળેથી એક કિલોમીટર દૂર તેમનાં વાહનો પાર્ક કર્યાં હતાં. ચોરીનો સામાન લઈ જવા માટે ટેમ્પોનો ઉપયોગ કરાયો હતો. ચોરીના સ્કૂટર અને બાઈકને ટ્રેસ કરતાં પોલીસને આ ટોળકીની માહિતી મળી હતી.

ચોરી બાદ આરોપી મીરા રોડ તરફ ગયા હોવાનું જાણવા મળતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ કરી ત્રણ આરોપીને પકડી પાડ્યા હતા. થાણે, નવી મુંબઈ, પુણે અને છત્રપતિ સંભાજીનગરમાં નોંધાયેલા આઠ ગુનામાં આરોપીઓની સંડોવણી હોવાનું તપાસમાં જણાયું હતું. જોકે આ ટોળકીએ આવા પ્રકારના અનેક ગુના આચર્યા હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)■

# પ્રેમિકાની હત્યા પછી આત્મહત્યાનો પ્રયાસઃ પ્રેમીનો નિર્દોષ છુટકારો

થાણેઃ ભાયંદરમાં દુકાનમાં પ્રેમિકાની હત્યા બાદ છરીથી પોતાનું ગળું ચીરી આત્મહત્યાનો પ્રયાસ કરવાના કેસમાં સેશન્સ કોર્ટે શંકાનો લાભ આપી પ્રેમીને નિર્દોષ છોડી મૂક્યો હતો.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ ઍન્ડ સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે બુધવારે કુંદન હરેકૃષ્ણ આચાર્યને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને ૩૦૯ (આત્મહત્યાનો પ્રયાસ) હેઠળના આરોપોમાંથી મુક્ત કર્યો હતો.

તપાસકર્તા પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું કે ૨૨ ઑક્ટોબર, ૨૦૧૯ની બપોરે ભાયંદર પૂર્વમાં આવેલી પોતાની દુકાનમાં આચાર્યએ છરીથી અંકિતા રાવલ પર હુમલો કર્યો હતો. બાદમાં આચાર્યએ પોતાનું ગળું ચીરી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આચાર્ય અને રાવલ વચ્ચે અફૅર હતું અને તે રાવલ સાથે લગ્ન કરવા માગતો હતો.

જોકે બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે અંકિતા રાવલે પહેલાં આચાર્ય પર હુમલો કર્યો હતો અને પછી પોતાનો જીવ લીધો હતો. દુકાનની અંદર બનેલી આ ઘટનાનો એકેય સાક્ષી ન હોવાનું પણ વકીલે કહ્યું હતું.

જજ અગ્રવાલે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષનો કેસ સાંયોગિક પુરાવા પર આધારિત છે. દુકાનમાં બનેલા આ બનાવને કોઈ નજરે જોનારો સાક્ષી નથી અને આરોપીએ સ્થળ પર પોતાની હાજરી નકારી નથી, પરંતુ સમગ્ર ઘટનાક્રમનું બીજું પાસું રજૂ કર્યું છે.

તેમણે વધુમાં નોંધ્યું હતું કે મૃતક મહિલાના પિતાએ લવ-અફૅરવાળી વાત પુરવાર થાય એવા પુરાવા રજૂ કર્યા નથી. આરોપી અંકિતાની લગ્ન માટે સતામણી કરતો હતો, એમ જણાવ્યું છે. યુવતીની માતાએ પણ અફૅર અંગેનું અગાઉનું નિવેદન ફેરવી તોળ્યું હતું અને એવો દાવો કર્યો હતો કે અંકિતાને ધમકાવવામાં આવતી હતી. (પીટીઆઈ)■

# ટેરિફના ગભરાટ અને એફઆઈઆઈની વેચવાલી વચ્ચે શૅરબજાર ત્રણ મહિનાની નીચી સપાટીએઃ સેન્સેક્સ ફરી ૮૦,૦૦૦ની નીચે સરક્યો

મુંબઈઃ સપ્તાહના અંતિમ સત્રમાં શુક્રવારે વિદેશી ભંડોળની એકધારી વેચવાલી સાથે ટેરિફ સંબંધિત ગભરાટ વચ્ચે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા. સેન્સેક્સ ૭૬૫.૪૭ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૭૯,૮૫૭.૭૯ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૪૭.૪૨ પોઈન્ટ અથવા ૧.૦૫ ટકા ઘટીને ૭૯,૭૭૫.૮૪ સુધી ગબડ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૩૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૨૪,૩૬૩.૩૦ના સ્તર પર બંધ થયો હતો.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પચ્ચીસ ટકાની ટેરિફ ઉપરાંત રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી બદ્દલ પચ્ચીસ ટકાની પેન્લટી લાદવાની જાહેરાત બાદ જ્યાં સુધી ટેરિફનો મુદ્દો ઉકેલાઇ ના જાય ત્યાં સુધી ભારત સાથે ટ્રેડ નેગોશિએશન કરવાનો પણ ઇનકાર કર્યો હોવાથી સેન્ટિમેન્ટ વધુ બગડ્યું હતું. દરમિયાન રેટિંગ એજન્સી મૂડીઝ અનુસાર ઉપરોક્ત ટેરિફને કારણે ભારતના ઉત્પાદન ક્ષેત્રને ફટકા પડશે અને વિકાસદર ધીમો પડશે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ભારતી એરટેલ, ટાટા મોટર્સ, મહિન્દ્રા અને મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપના ઘટનારા શેરોની યાદીમાં હતા, જ્યારે એનટીપીસી, ટાઇટન, ટ્રેન્ટ, આઈટીસી અને બજાજ ફિનસર્વના શેરો સુધારા સાથે ટોપ ગેઇનર્સની યાદીમાં સામેલ થયા હતા.

પ્રાઇમરી માર્કેટમાં સિલ્વર કન્ઝ્યુમર ઇલેક્ટ્રિકલ્સે રૂ. ૧૪૦૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી દાખલ કર્યું છે. વરમોરા ગ્રેનીટો અને ટ્રાન્સલાઇન પણ આઇપીઓ લાવી રહી છે. રીગલ રિસોર્સિસ લિમિટેડ ૧૨મી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. જેએસડબલ્યુ સિમેન્ટ, કોનપ્લેક્સ સિનેમા અને ઓલટાઈમ પ્લાસ્ટિક્સ સાતમી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ્યા છે. આ અગાઉ બુધવારે એનએસડીએલનો શેર રૂ. ૮૮૦ના ઇશ્યૂ ભાવ સામે ૧૦ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયા બાદ ૧૫ ટકા વધીને રૂ. ૯૨૦ બોલાયો હતો. એ જ રીતે, શ્રી લોટસનો શેર ૧૯ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો, જ્યારે એમએન્ડબી ઇશ્યૂભાવે લિસ્ટેડ થયા બાદ આઠ ટકા વધ્યો હતો.

જૂન ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં પ્રમોટર્સ હોલ્ડિંગ આઠ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે. પ્રથમ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૦ ટકા અને ત્રિમાસિક ધોરણે ૫૪ ટકા ઘટીને રૂ. ૬૭ કરોડ થયા પછી પીજી ઇલેક્ટ્રોપ્લાસ્ટના શેર ૨૩ ટકાનો કડાકો જોવા મળ્યો હતો.

જાહેર ક્ષેત્રની કંપની ભેલની ખોટમાં વધારો થયો હતો. કંપનીએ જૂન ક્વાર્ટરમાં રૂ. ૪૫૫.૫૦ કરોડની ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષે સમાનગાળામાં રૂ. ૨૧૧.૪૦ કરોડના સ્તરે હતી. કોલ ઇન્ડિયા લિમિટેડે પહેલી એપ્રિલથી તેના કોલસાનો ઉપયોગ કરનારા પાવર પ્લાન્ટને વધારાની વીજળી પાવર એક્ચેન્જને વેચવાની છૂટ આપી છે.

સ્ટેટ બેન્કે પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના વધારા સાથે રૂ. ૧૯,૧૬૦ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૧,૩૫,૩૪૨ કરોડની કુલ આવક નોંધાવી છે. બ્લો મોલ્ડેડ અને ઇન્જેક્શન મોલ્ડેડ પ્રોડક્ટ મેન્યુફેક્ચરર્સ અને હોસ્પિટલ ફર્નિચર કોમ્પોનન્ટ્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોડક્ટ્સ સ્પેશિયાલિસ્ટ, મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે પ્રથમ ક્વાર્ટરના નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૬.૨૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮૫.૪૦ કરોડની કુલ આવક, ૨૦.૫૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧.૩૧ કરોડનો ચોખ્ખો નફો અને ૪.૦૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૦૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

ટાટા મોટર્સે ૬૨.૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૦૦૩ કરોડનો નફો નોંધાવ્યો છે. ક્યુપિડ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪૭.૦૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૬૪.૭૫ કરોડની કુલ આવક, ૧૪૭.૩૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૬.૪૭ કરોડનો એબિટા અને ૮૧.૮૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૦૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૨૭.૫૫ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૨૫.૦૯ ટકા રહ્યું છે.

શ્રીરામ લાઇફ ઇન્સ્યુરન્સે પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૨૧ ટકાના વધારા સાથે રૂ. ૨૫૭ કરોડનું ન્યુ બિઝનેસ પ્રીમિયમ નોંધાવ્યું છે. એલઆઇસીએ રૂ. ૧૦,૪૬૧ કરોડનો ચોખ્ખો નફો અને રૂ. ૨,૨૨,૮૬૪ કરોડની કુલ આવક નોંધાવ્યા બાદ તેના શેરમાં પાંચ ટકા જેવો ઉછાળો હતો. જેકે ટાયરનો નફો પચ્ચીસ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬૩.૩૫ કરોડ રહ્યો છે. એક્ઝોનોબલે ૨૦.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. એબીબી ઇન્ડિયાનો ચોખ્ખો નફો ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૨ કરોડ નોંધાયો છે. બજાજ ઓટોએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૮૪ ટકાના વધારા સાથે રૂ. ૨૨૧૦.૪૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પેટીએમની પેરેન્ટ કંપની વન૯૭ કમ્યુનિકેશનમાંથી ચાઇનીઝ બિઝનેસ ટાઇકૂન જેક માની એન્ટ ફાઇનાન્શિઅલે તેનો ૫.૮૪ ટકાનો સંપૂર્ણ હિસ્સો રૂ. ૩૮૦૩ કરોડમાં વેચી નાંખ્યો છે. ઇન્ડોસોલ સોલારની રૂ. ૬૯,૦૦૦ કરોડના કેપેક્સની યોજના છે. ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો નફો ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૪૬.૩૦ કરોડ નોંધાયો છે. બ્લુ સ્ટારનો નફો ૨૮.૪ ટકા ઘટીને રૂ. ૧૨૦.૮૨ કરોડ થયો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૪,૯૯૭.૧૯ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ પાછલા સત્ર દરમિયાન રૂ. ૧૦,૮૬૪.૦૪ કરોડના શેર ખરીદ્યા હતા. ભારતીય આયાત પર અમેરિકન વહીવટીતંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રારંભિક ૨૫ ટકાની ટેરિફ ગુરુવાર, સાતમી ઓગસ્ટ, ૨૦૨૫થી અમલમાં મૂકાઇ છે.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપિયન બજારો મોટાભાગે ગ્રીન ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા. ગુરુવારે, સાતમી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ યુએસ બજારો મિશ્ર નોંધ સાથે બંધ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૯ ટકા વધીને ૬૬.૮૨ પ્રતિ બેરલ પર બોલાયું હતું. ગુરુવારે સેન્સેક્સ ૭૯.૨૭ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકા વધીને ૮૦,૬૨૩.૨૬ની સપાટી પર બંધ થયો હતો. નિફ્ટી ૨૧.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૯% વધીને ૨૪,૫૯૬.૧૫ પર બંધ થયો. ગુરુવારે, સેન્સેક્સ ૭૯.૨૭ પોઈન્ટ અથવા ૦.૧૦% વધીને ૮૦,૬૨૩.૨૬ પર બંધ થયો હતો. નિફ્ટી ૨૧.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૯% વધીને ૨૪,૫૯૬.૧૫ પર બંધ થયો હતો.

દરમિયાન, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ બ્રોકર્સ, ડીપી માટે સંયુક્ત નિરીક્ષણ માળખું રજૂ કર્યું છે. બજાર નિયમનકાર સેબીએ ગુરુવારે સ્ટોક બ્રોકર્સ અને ડિપોઝિટરી સહભાગીઓ માટે એકીકૃત વાર્ષિક નિરીક્ષણ ફરજિયાત કર્યું છે. આ નવી વ્યવસ્થા અંતર્ગત દરેક એન્ટિટી દ્વારા અલગ મૂલ્યાંકનની હાલની પ્રથાને બદલે, તમામ સંબંધિત બજાર માળખાગત સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે. આ પગલાનો હેતુ વારંવારની મુલાકાતો ઘટાડવાનો અને મધ્યસ્થીઓ માટે સમય અને સંસાધનોની બચત કરવાનો છે. હાલમાં, સ્ટોક બ્રોકર્સ અને ડિપોઝિટરી સહભાગીઓ (ડીપી)નું વાર્ષિક નિરીક્ષણ સ્ટોક એક્સચેન્જ, ડિપોઝિટરી અને ક્લિયરિંગ કોર્પોરેશનો જેવા દરેક માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થાઓ (એમઆઇઆઇ) દ્વારા અલગથી વ્યક્તિગત ધોરણે કરવામાં આવે છે.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં જળવાતી પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ મંદ રહેતા ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫નો સુધારો આવ્યો હતો.

સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ મર્યાદિત રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૩૦થી ૪૦૮૨માં થયા હતા. જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૨થી ૪૧૬૨માં ટકેલા ધોરણે થયા હતા.

### અમેરિકાએ ગોલ્ડ બારની આયાત પર ટૅરિફ લાદી હોવાના અહેવાલે સોનાના વાયદામાં એક ટકાનો ઉછાળો

## સ્થાનિક સોનામાં ₹ ૨૩૯ની આગેકૂચ, ચાંદી ₹ ૫૧૮ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે હાજરમાં સોનાના ભાવ વધીને ગત ૨૩ જુલાઈ પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, અમેરિકાએ એક કિલોના ગોલ્ડ બાર અથવા તો એક કિલોની લગડી પર અને ૧૦૦ ઔંસના સોનાના બાર પર ઊંચી ટૅરિફ લાદી હોવાના અહેવાલો પ્રસારિત થતાં આજે સોનાના વાયદામાં ભાવ એક તબક્કે ૧.૪ ટકા ઉછળીને ઔંસદીઠ ૩૫૩૪.૧૦ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ ધીમો સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૮થી ૨૩૯ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૧૮નો ઘટાડો આવતા બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૧૮ના ઘટાડા સાથે રૂ. ૧,૧૪,૭૩૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આયાત પડતરો વધવાને કારણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૮ વધીને રૂ. ૧,૦૧,૫૩૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૯ વધીને રૂ. ૧,૦૧,૯૪૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે પણ રાબેતા મુજબ સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલની ગત ૨૩ જુલાઈ પછીની ઊંચી ઔંસદીઠ ૩૩૯૯.૨૨ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે વાયદામાં ખાસ કરીને અમેરિકાની ગોલ્ડ બાર પરની ટૅરિફના અહેવાલો સાથે એક તબક્કે ભાવ આગલા બંધ સામે ૧.૪ ટકાના તોતિંગ ઉછાળા સાથે ઔંસદીઠ ૩૫૦૨.૯૦ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ ક્વૉટ થયા બાદ એક ટકો વધીને ૩૪૮૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૮.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે ફાઈનાન્સિયલ ટાઈમ્સે કસ્ટમ્સ ઍન્ડ બોર્ડર પ્રોટેક્શન વિભાગનો ગત ૩૧મી જુલાઈનો પત્ર દર્શાવીને અમેરિકાએ એક કિલો ગોલ્ડ બાર અને ૧૦૦ ઔંસ સોનાના બારને ઊંચી ટૅરિફ હેઠળના કસ્ટમ કૉડમાં વર્ગિકૃત કરવામાં આવ્યું હોવાના અહેવાલો પ્રસારિત કરતાં સોનાના વાયદામાં ઉછાળો આવ્યો હતો. તેમ જ હાજર અને વાયદાના ભાવ વચ્ચેનો તફાવત પણ વધીને ૧૦૦ ડૉલર આસપાસનો થયો હતો. અગાઉ કોવિડ-૧૯ના સમયગાળામાં વર્ષ ૨૦૨૦માં પુરવઠાખેંચના તબક્કામાં હાજર અને વાયદા વચ્ચેના ભાવમાં આટલો મોટો તફાવત જોવા મળ્યો હતો. એકંદરે અમેરિકાના આ પગલાંની ખાસ કરીને સોનાના વૈશ્વિક અગ્રણી રિફાઈનિંગ હબ ગણાતા સ્વિત્ઝર્લેન્ડ પર માઠી અસર પડવાની સાથે ભાવમાં વધારો અને પુરવઠો ખોરવાય તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

જો તમે આજે મોકલો તો સ્વિસ લંડનના ભાવ ઉપરાંત અતિરિક્ત ટૅરિફ ઉમેરતા જે મળે તે અમેરિકા ખાતેનો નવો ભાવ રહેશે, એમ યુબીએસનાં કૉમૉડિટી એનાલિસ્ટ ગિઓવાની સ્ટોનોવોએ જણાવતા ઉમેર્યું હતું કે આને કારણે લંડનના ભાવની તુલનામાં અમેરિકા ખાતેના ભાવના પ્રીમિયમમાં વધારો થશ કેમ કે ટૅરિફને કારણે પડતરોમાં વધારો થશે. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ડઝનબંધ દેશો પર લાદેલી ઊંચી ટૅરિફનો અમલ કરતાં સ્વિત્ઝર્લેન્ડ, બ્રાઝિલ અને ભારત જેવાં મોટા વેપારી ભાગીદાર દેશો સારી ટ્રેડ ડીલ માટેના પ્રયાસો કરી રહ્યા હોવાથી તેમ જ આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા સોનાને સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનવાથી પણ સોનાની તેજીને ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## માર્કેટ કૅપમાં ₹ ૪.૫૮ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ સેન્સેક્સના ૭૬૫ પોઇન્ટના ઘટાડા સામે એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૪.૫૮ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સની પાંચ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૫ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૫૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૦૩ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૫૭ ટકા ઘટ્યો હતો.

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૦,૬૨૩.૨૬ના બંધથી ૭૬૫.૪૭ પોઈન્ટ્સ (૦.૯૬ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૦,૪૭૮.૦૧ ખૂલીને ઊંચામાં ૮૦,૫૫૦.૪૦ સુધી અને નીચામાં ૭૯,૭૭૫.૮૪ સુધી જઈને અંતે ૭૯,૮૫૭.૭૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૫.૧૫ લાખ કરોડથી રૂ.૪.૫૮ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૦.૫૭ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૯૩ ટકા, આઈટી ૦.૭૩ ટકા, હેલ્થકેર ૦.૫૩ ટકા, ટેક ૦.૪૧ ટકા, ઓટો ૦.૨૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૨ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૧૮ ટકા, મેટલ ૦.૧૬ ટકા, બેન્કેક્સ ૦.૧૪ ટકા અને યુટિલિટીઝ ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન ૦.૫૯ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૪૧ ટકા, કોમોડિટીઝ ૦.૩૭ ટકા, પાવર ૦.૩૬ ટકા, સર્વિસીસ ૦.૨૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૭ ટકા, રિયલ્ટી ૦.૦૭ ટકા, એનર્જી અને એફએમસીજી ૦.૦૫ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૧૭૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૨૩ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૦૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૧૦ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૮ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એનટીપીસી ૧.૩૯ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૧.૩૩ ટકા, ટ્રેન્ટ ૦.૨૪ ટકા, આઈટીસી ૦.૧૯ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૧૭ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ભારતી એરટેલ ૩.૪૧ ટકા, તાતા મોટર્સ ૨.૧૯ ટકા, કોટક બેન્ક ૨.૦૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૦૧ ટકા, રિલાયન્સ ૧.૬૫ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૬૦ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૨૩ ટકા અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૮ ટકા, એચડીએફસી બેન્ક ૧.૧૨ ટકા, તાતા સ્ટીલ ૧.૦૬ ટકા અને ઈન્ફોસિસ ૦.૯૭ ટકા ઘટ્યા હતા.બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૮૮.૬૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૦૮ સોદામાં ૧,૧૭૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું.

## ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા સાથે વેપારમાં અનિશ્ચિતતા, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા નરમ પડીને ૮૭.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ૨૧ દિવસ પશ્ચાત્ ભારતથી થતી આયાત સામે ૫૦ ટકા સુધીનાં ઊંચી ટૅરિફના અમલની ધમકીને કારણે પણ ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૫૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૭.૫૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૫ અને ઉપરમાં ૮૭.૫૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૭.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૪ પૈસાનો સુધારો આવ્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈતરફી વલણ છતાં ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ટ્રેડ વૉરને કારણે અનિશ્ચિતતા જેવાં કારણોસર રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ વૉર અને ભારતથી થતી આયાત સામે ઊંચી ટૅરિફની ટ્રમ્પની ધમકીને કારણે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈ જળવાઈ રહે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ્ર ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૬૦ ટકા વધીને બેરલદીઠ ૬૬.૮૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૬૫.૪૭ પૉઈન્ટનો અને ૨૩૨.૮૫ પૉઈન્ટનો ઘટાડો તથા ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૯૯૭.૧૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૧૬ ટકા ઘટીને ૯૮.૨૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ ભગત કી કોઠી વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૪૮૨૮ | બાંદ્રા ટર્મિનસ– ભગત કી કોઠી | ૧૧.૦૮.૨૦૨૫ | ૧૦.૩૦ ક. (સોમવાર) | ૦૪.૩૦ ક. (બીજા દિવસે) |
| ૦૪૮૨૭ | ભગત કી કોઠી – બાંદ્રા ટર્મિનસ | ૧૦.૦૮.૨૦૨૫ | ૧૪.૩૦ ક. (રવિવાર) | ૦૭.૨૫ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, વાપી, સૂરત, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવારા, જવાઈ બંધ, ફાલના, રાની, મારવાર, પાલી મારવાર અને લુની સ્ટેશનો બંને દિશામાં.

**સંરચનાઃ** AC 2 - ટિયર, AC 3 - ટિયર, AC 3 - ટિયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૪૮૨૮ માટે બુકિંગ ૦૯.૦૮.૨૦૨૫થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly
અમને ફોલો કરોઃ Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ પ્રૂફ સાથે રાખો.


## ધાતુમાં પાંખાં કામકાજો વચ્ચે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરને કારણે વેપારની અનિશ્ચિતતાને કારણે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ પાંખાં કામકાજો વચ્ચે ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધી આવ્યા હતા અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે બ્રાસના ભાવમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો આવ્યો હતો, જ્યારે નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો ઘટાડો આવ્યો હતો અને નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી બે નો ઘટાડો આવ્યો હતો. આ સિવાયની તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે ખાસ કરીને ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નીકળેલી લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૩૦૧૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૬૧૦ અને રૂ. ૫૬૫ના મથાળે રહ્યા હતા. જોકે, નિકલમાં આજે સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલી તેમ જ માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૪૦ના મથાળે રહ્યા હતા.

## પહેલા ત્રિમાસિકગાળામાં ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં ૪૭ ટકાનો ઉછાળોઃ આઈસીઈએ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને મોબાઈલ ફોન સેગ્મેન્ટમાં આકર્ષક કામગીરી રહેતાં દેશની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ગત નાણાકીય વર્ષના સમાનગાળાના ૮.૪૩ અબજ ડૉલર સામે ૪૭ ટકાના ઉછાળા સાથે ૧૨.૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું ઈન્ડિયા સેલ્યુલર ઍન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિયેશને આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનનાં જણાવ્યાનુસાર વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં મોબાઈલ ફોનની નિકાસ ગત સાલના સમાનગાળાના ૪.૯ અબજ ડૉલર સામે પંચાવન ટકાની વૃદ્ધિ સાથે ૭.૬ અબજ ડૉલર આસપાસ રહી હોવાના અંદાજ છે, જ્યારે મોબાઈલ ફોન સિવાયના ઈલેક્ટ્રોનિક્સ અથવા તો નોન મોબાઈલ સેગમેન્ટની નિકાસ ગત સાલના સમાનગાળાના ૩.૫૩ અબજ ડૉલર સામે ૩૭ ટકાની વૃદ્ધિ સાથે ૪.૮ અબજ ડૉલરની સપાટીએ રહી છે.

નોંધનીય બાબત એ છે કે નોન મોબાઈલ ઈલેક્ટ્રોનિક્સની શ્રેણીમાં સોલાર મોડ્યુલ્સ, સ્વિચિંગ અને રાઉટિંગ એપાર્ટસ, ચાર્જર એડોપ્ટર અને પાર્ટસ તથા અન્ય કોમ્પોનન્ટ્સનો સમાવેશ થાય છે. વધુમાં ઈલેક્ટ્રોનિક્સનાં અન્ય ઉત્પાદનોનાં સેગ્મેન્ટ જેમાં સોલાર મોડ્યુલ્સ, નેટવર્કિંગ ઈક્વિપમેન્ટ, ચાર્જર અને કોમ્પોનન્ટ્સમાં પણ નોંધપાત્ર નિકાસ વૃદ્ધિ જોવા મળી છે. તેમાં હવે આપણે આઈટી હાર્ડવૅર, વૅરેબલ્સ, હીઅરેબલ્સ અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સની નિકાસમાં વિસ્તરણ કરવાની જરૂર હોવાનું આઈસીએના ચેરમેન પંકજ મોહિન્દ્રુએ જણાવ્યું હતું.

એસોસિયેશનના જણાવ્યાનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪માં કુલ ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ૨૯.૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં વધીને ૩૮.૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ વર્તમાન નિકાસ વૃદ્ધિ દર જળવાઈ રહે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા અમે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪૬થી ૫૦ અબજ ડૉલર આસપાસની નિકાસ રહે તેવી ધારણા મૂકી રહ્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે નાણાકીય વર્ષ ૨૦૧૫માં દેશમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન જે ૩૧ અબજ ડૉલરના સ્તરે હતું તેની સામે વર્ષ ૨૦૨૫માં વધીને ૧૩૩ અબજ ડૉલરની સપાટીએ પહોંચ્યું છે.

## જુલાઈમાં ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોના વેચાણમાં ૯૩ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ ગત જુલાઈ મહિનામાં ટાટા મોટર્સનાં વડપણ હેઠળ ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોનું કુલ રિટેલ વેચાણ જુલાઈ, ૨૦૨૪નાં ૮૦૩૭ યુનિટ સામે ૯૩ ટકાના ઉછાળા સાથે ૧૫,૫૨૮ યુનિટની સપાટીએ રહ્યું હોવાનું ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. ગત જુલાઈ મહિનામાં ટાટા મોટર્સનું પેસેન્જર વાહનોનું વેચાણ ગત જુલાઈ, ૨૦૨૪ના ૫૧૦૦ યુનિટ સામે ૧૯ ટકા વધીને ૬૦૪૭ યુનિટના સ્તરે રહેતાં વેચાણમાં ટોચના ક્રમે રહી હતી. જોકે, ગત જુલાઈ મહિનામાં ઈલેક્ટ્રિક દ્વીચક્રી વાહનોનું વેચાણ જુલાઈ, ૨૦૨૪ના ૧,૦૭,૬૫૫ યુનિટ સામે ચાર ટકાના ઘટાડા સાથે ૧,૦૨,૯૭૩ યુનિટના સ્તરે રહ્યું હતું, જેમાં ટીવીએસ મોટર કંપનીનું વેચાણ જુલાઈ, ૨૦૨૪નાં ૧૯,૬૫૫ યુનિટ સામે ૧૩ ટકા વધીને ૨૨,૨૫૬ની સપાટીએ રહ્યું હતું. આ સિવાય ત્રિચક્રી ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે નવ ટકા વધીને ૬૯,૧૪૬ યુનિટ (૬૩,૬૭૫ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું, જેમાં મહિન્દ્રા જૂથનું વેચાણ ૪૦ ટકાની વૃદ્ધિ સાથે ૯૭૬૬ યુનિટના સ્તરે રહ્યું હતું. વધુમાં ઈલેક્ટ્રિક વેપારી વાહનોનું રિટેલ વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે બાવન ટકાના વધારા સાથે ૧૨૪૪ યુનિટનું રહ્યું હતું જેમાં ૩૩૩ યુનિટના વેચાણ સાથે ટાટા મોટર્સ અગ્રેસર રહી હતી.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**NOTICE**

Notice is hereby given that the **Annual General Body Meeting** of the Shareholders of **The Parsee Central Association Co-operative Housing Society Ltd., Mumbai will be held on Friday, 5th September, 2025 at 4 p.m. at D. P. Y. A. High School, 656/657, Firdausi Road, Parsi Colony, Dadar East, Mumbai - 400 014.**

A. D. Vasaigara
Hon. Secretary

## ઉદ્ધવ ઠાકરે દિલ્હીની બેઠકમાં છેલ્લી હરોળમાં

# તમે દિલ્હીમાં મહારાષ્ટ્રને શરમજનક સ્થિતિમાં મૂક્યું: શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે દિલ્હીમાં તેમના નિવાસસ્થાને ઈન્ડી ગઠબંધનના ઘટક પક્ષોના નેતાઓની બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં, રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે, તેમના પક્ષના પ્રવક્તા સંજય રાઉત અને વિધાનસભ્ય આદિત્ય ઠાકરે છઠ્ઠી હરોળમાં બેઠા હોવાનું જોવા મળ્યું હતું. આ જ કારણે શિંદે સેનાએ હવે ઠાકરેની શિવસેના પર નિશાન સાધવાનું શરૂ કર્યું છે. રાહુલ ગાંધીની સભાના ફોટા સામે આવ્યા પછી, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનને છેલ્લી હરોળમાં બેસાડવા અંગે ઘણા સવાલો ઉભા થઈ રહ્યા છે, ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પાર્ટીએ હવે આ મુદ્દે પોતાની પહેલી પ્રતિક્રિયા નોંધાવી છે. આ સભાના ફોટા શેર કરીને દિલ્હીમાં મહારાષ્ટ્રને શરમજનક સ્થિતિમાં મૂકવા બદલ ઠાકરેની આકરી ટીકા કરવામાં આવી છે.

થાણે લોકસભા મતવિસ્તારના શિવસેના સાંસદ એકનાથ શિંદે અને મહારાષ્ટ્ર રાજ્ય સંયોજક અને પ્રવક્તા નરેશ મ્હસ્કેએ તેમના એક્સ એકાઉન્ટ પરથી ઠાકરે પર નિશાન સાધતાં લખ્યું હતું કે 'અરે, હે, હે, તમારી કિંમત શું છે,

(જુઓ પાનું ૪) ▸▸

## જળાશયોમાં વરસાદની ગેરહાજરી

# છેલ્લા ૧૦ દિવસમાં માંડ બે ટકા પાણી વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પુરવઠો કરનારા જળાશયોમાં શરૂઆતમાં જોરદાર વરસાદને કારણે ઝડપભેર ભરાઈ ગયા હતા પણ છેલ્લા દસ-બાર દિવસથી વરસાદ ગાયબ થઈ ગયો હોવાથી જળાશયોમાં પાણીના જથ્થામાં માંડ બે ટકાનો જ વધારો થયો છે. હાલ જળાશયોમાં ૮૯.૧૫ ટકા પાણીનો જથ્થો છે.

જુલાઈ મહિનામાં જળાશયોના કેચમેન્ટ એરિયામાં પડેલા મુશળધાર વરસાદને પગલે એવું જણાઈ રહ્યું હતું કે સાતેય જળાશયોમાં જુલાઈ મહિનામાં જ છલકાઈ જશે અને જળાશયો ૧૦૦ ટકા ભરાઈ જશે. જોકે બાદમાં વરસાદ અચાનક ગાયબ થઈ ગયો હતો, તેને કારણે છેલ્લા અનેક દિવસોથી જળાશયોમાં પાણીનું સ્તર ૮૯.૧૫ ટકા પર જ સ્થિર રહ્યું છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૯૦.૪૪ ટકા પાણીનો જથ્થો હતો. તો ૨૦૨૩ની સાલમાં આ સમયે જળાશયોમાં ૮૧.૪૪ ટકા પાણી જમા હતું.

જુલાઈ મહિનાની શરૂઆતમાં મુસળધાર વરસાદ પડતા સાત જુલાઈના મિડલ વૈતરણા ૯૦ ટકા ભરાઈ ગયું હતું અને તેમના ત્રણ દરવાજા ખોલીને પાણીને છોડવું પડયું હતું. એ બાદ નવ

(જુઓ પાનું ૪) ▸▸

# ઉત્તરાખંડમાં ભૂસ્ખલન: મહારાષ્ટ્ર સરકાર ૧૨૦ પ્રવાસીઓનો સંપર્ક કરવામાં સફળ, ૩૧ હજી સંપર્ક બહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉત્તરાખંડ રાજ્યના ઉત્તરકાશી જિલ્લામાં ધરાલી વિસ્તારમાં ભૂસ્ખલન અને અચાનક પૂર બાદ મહારાષ્ટ્રના ૧૫૧ પ્રવાસીઓ ફસાઇ ગયાના અહેવાલો બાદ મહારાષ્ટ્ર સરકાર ઉત્તરાખંડ વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છે, એવી જાણકારી અધિકારીઓએ આપી હતી.

મંગળવારે બપોરે આ વિસ્તારમાં આ આપત્તિ આવી હતી.

અધિકારીઓએ ગુરુવારે સત્તાવાર રીતે એવી માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં, મહારાષ્ટ્રના ૧૨૦ પ્રવાસીઓનો સંપર્ક કરવામાં સફળતા મળી છે, અને તેઓ ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી)ના કેમ્પમાં સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

મહારાષ્ટ્રના મુખ્ય સચિવ રાજેશ કુમારે તેમના ઉત્તરાખંડમાં તેમના સમકક્ષ આનંદ વર્ધન સાથે વાત કરી હતી અને બાકીના ૩૧ પ્રવાસીઓને શોધવા અને તેમના પરત ફરવાની સુવિધા માટે જરૂરી તમામ સહાયની વિનંતી કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, હજુ સુધી સંપર્ક સાધી ન શકાયેલા પ્રવાસીઓમાં થાણેનાં પાંચ, સોલાપુરના ચાર, અહિલ્યાનગરના એક, નાસિકના ચાર, માલેગાંવના ત્રણ, ચારકોપ-કાંદિવલીના છ, મુંબઈ ઉપનગરોના છ અને ટિટવાલાના બે વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

'વાદળછાયું વાતાવરણ, નબળી

(જુઓ પાનું ૪) ▸▸

# દેશમાં મેડિકલ શિક્ષણનો ખર્ચ કરોડોમાં, વિદેશમાં ૩૦-૪૦ લાખમાં થઈ જાય

## એટલે જ વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવા જવા પર મજબૂર

મુંબઈ: મેડિકલ પ્રવેશ પરીક્ષા (નીટ)માં પાસ થયા પછી પણ ઘણા વિદ્યાર્થીઓ દર વર્ષે મેડિકલ શિક્ષણ માટે વિદેશ જવાનું શામાટે પસંદ કરે છે? એવો પ્રશ્ન સાહજિક ઘણા લોકોને થતો હશે, પરંતુ મેડિકલ પ્રવેશ અને શિક્ષણના ખર્ચની હકીકત જાણ્યા પછી ચોંકી જવાય તેવું ચિત્ર સામે આવે છે. સામાન્ય રીતે આપણે એવું માનતા હોઈએ કે વિદેશમાં શિક્ષણનો ખર્ચ કમરતોડ થઇ શકે છે, પરંતુ મેડિકલ શિક્ષણમાં ચિત્ર સાવ ઊંધું છે.

દેશમાં મેડિકલ કોર્સ માટે લગભગ એક લાખ ૧૮ હજાર બેઠકો છે, જેમાંથી ૨૫ થી ૩૦ હજાર બેઠકો સરકારી કોલેજોમાં છે, જેમાંથી ૫૦ ટકા બેઠકો અનામત છે. તેથી મુંબઈની કેઈએમ જેવી હોસ્પિટલમાં પ્રવેશ મેળવવા માટે, ટોચના બેથી ત્રણ હજારમાં હોવું જરૂરી છે.

દર વર્ષે, દેશમાં લગભગ ૨.૫ લાખ વિદ્યાર્થીઓ યુજી નીટ પરીક્ષા આપે છે. તેમાંથી ૧૦થી ૧૨ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા પાસ કરે છે. ટોચના એક લાખમાં સ્થાન મેળવનારા

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**